RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 30-05-2026 I VOL : 12 I Issue : 74 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

ક્ષમા કરો, જેમણે ગઈકાલે તમને દુઃખ પહોંચાડ્યું છે, પરંતુ તેમને ભૂલશો નહીં જેઓ દરરોજ તમારી સંભાળ રાખે છે.
”


3 

પાલેજ પોલીસની કામગીરી સામે સવાલો, પીડિતાની SP સમક્ષ રજુઆત બાદ જવાબદારો...

4 
મહિલાઓની સુરક્ષાના પોકળ દાવા અને પાંગળા કાયદા વચ્ચે પણ દર વર્ષે મહિલાઓ...

6 
એક માણસથી મારું મન નથી ભરાતું, શહાના ગોસ્વામીએ સંબંધોની નવી પરિભાષા...

7 
વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના પાકિસ્તાનીઓએ કર્યા વખાણ


## એક નજર...

### નિયા શર્માએ બતાવી કાતિલ અદા, અભિનેત્રીની સુંદરતા પર ફિદા થયા ફેન્સ



નિયા શર્માએ એક્ટિંગની દુનિયામાં ઘણું નામ કમાવ્યું છે. તે સ્ક્રીન પર કોઈપણ પાત્રને ખૂબ જ સુંદર રીતે ભજવે છે. આ જ કારણે આ અભિનેત્રીને દરેક ઘરમાં એક ખાસ ઓળખ મળી છે. તેના શો અને અન્ય પ્રોજેક્ટ્સ સિવાય, અભિનેત્રી તેના લુક અને સ્ટાઈલિશ સ્ટાઈલ માટે ઘણી વાર સમાચારમાં રહે છે. હવે ફરીવાર નિયાએ પોતાની સ્ટાઈલથી લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

# પેપરલીક મામલે સુપ્રીમ કોર્ટ NTA પર લાલઘૂમ

## સરકારે કહ્યું- PM મોદી પોતે કરી રહ્યા છે નિરીક્ષણ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે શુક્રવારે NEET-UG પેપર લીક વિવાદ અંગે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અને કેન્દ્ર સરકાર દ્વારા નિમાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિને આકરા સવાલો કર્યા છે. કોર્ટે તીખી ટિપ્પણી કરતાં પૂછ્યું કે, દેશમાં આટલી મોટી દેખરેખ પદ્ધતિઓ અને ઓવરસાઈટ કમિટીઓ હોવા છતાં આટલી મોટી સુરક્ષા ખામી કેવી રીતે સર્જાઈ? આ સુનાવણી દરમિયાન NTA અને સમિતિ વતી સોલિસિટર જનરલ તુષાર




મહેતા હાજર રહ્યા હતા. PM પોતે સમગ્ર મામલે નજર રાખી રહ્યા છે NEET-UG પરીક્ષા રદ કરવા અને પેપર લીક મામલે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે એક મોટો ખુલાસો કર્યો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સર્વોચ્ચ અદાલતને સત્તાવાર રીતે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે આ સમગ્ર મામલા અને લીકની તપાસ પ્રક્રિયા પર વ્યક્તિગત રીતે દેખરેખ રાખી રહ્યા છે. સર્વોચ્ચ અદાલતે સરકાર પાસે એક એફિડેવિટ (સોગંદનામા) દ્વારા પેપર લીકની તપાસની પ્રક્રિયા અને તેની પૂર્ણ કઈ રીતે અને કઈ પદ્ધતિથી કરવામાં આવશે તેની વિગતવાર માહિતી આપતો જવાબ માંગ્યો હતો, જેના પગલે સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી. લાઈવ લોના અહેવાલ મુજબ, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે, ‘વડાપ્રધાન પોતે વ્યક્તિગત રીતે આની દેખરેખ રાખી રહ્યા છે. સમગ્ર મામલે સતત અપડેટ લઈ રહ્યા છે.‘ સુપ્રીમ કોર્ટે મોનિટરિંગ સિસ્ટમ સામે ઉઠાવ્યા સવાલ જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ પી.એસ. નરસિમ્હાની બેન્ચે ઈસરો(ISRO)ના પૂર્વ ચેરમેન ડૉ. કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની કમિટીની કામગીરીની સમીક્ષા કરી હતી. જસ્ટિસ નરસિમ્હાએ સવાલ કર્યો કે ડૉ. રાધાકૃષ્ણન પહેલા હાઈ-પાવર્ડ કમિટીનો ભાગ હતા અને બાદમાં તેમને મોનિટરિંગ કમિટીમાં નિયુક્ત કરાયા, તો પછી ભલામણોના અમલીકરણનું વાસ્તવિક મોનિટરિંગ કેટલું થયું? કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ‘જો આટલી દેખરેખ અને મોનિટરિંગ હોવા છતાં પણ સિસ્ટમ નિષ્ફળ ગઈ છે, તો તેનો સીધો અર્થ એ છે કે મોનિટરિંગની પ્રક્રિયામાં જ કોઈ મોટી ખામી રહી ગઈ છે‘.

## પુણેમાં ઝેરી દારૂ પીવાથી 15 લોકોનાં મોત:CM ફડણવીસે તપાસના આદેશ આપ્યા

પુણે

મહારાષ્ટ્રના પુણેમાં ઝેરી દારૂ પીવાથી છેલ્લા 24 કલાકમાં 15 લોકોના મોત થયા છે. આ મોત હડપસર, ફુગેવાડી, દાપોડી અને પિંપરી વિસ્તારમાં થયા છે. પોલીસ અને રાજ્ય આબકારી વિભાગે સંયુક્ત કાર્યવાહી કરીને 8 લોકોની અટકાયત કરી છે. જેમાં એક ગેરકાયદેસર દારૂનો વેપારી પણ સામેલ છે. તપાસમાં સામે આવ્યું છે કે દારૂમાં મેથેનોલ હોઈ શકે છે. આ મામલો સામે આવ્યા બાદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તપાસના આદેશ આપ્યા છે. સ્થાનિક નાગરિકોએ



આરોપ લગાવ્યો છે કે પ્રતિબંધિત હાથભઠ્ઠીના ઝેરી દારૂ પીવાથી આ લોકોના મોત થયા છે. આ મામલાને લઈને પોલીસ પ્રશાસન પર પણ સવાલો ઉઠી રહ્યા છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા તથા પૂર્વ મેયર યોગેશ બહેલે મામલાની નિષ્પક્ષ તપાસ અને દોષિતો સામે કડક કાર્યવાહીની માગ કરી છે. જોકે, પિંપરી-ચિંચવડ પોલીસનું કહેવું છે કે 5 લોકોના મોત અલગ-અલગ કારણોસર થયા છે. પરંતુ મૃતકોમાં ઘણા લોકોને મોત પહેલા ચક્કર આવ્યા હતા, જેનાથી ઝેરી દારૂની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં પોલીસ સમગ્ર મામલાની તપાસમાં લાગી છે. દિલ્હીમાં એબ્સોલ્યુટ વોડકા અને શિવાસ રીગલ જેવી દારૂના વેચાણ પર પ્રતિબંધ યથાવત છે. દિલ્હી હાઈકોર્ટે ફ્રાન્સની અગ્રણી દારૂ કંપની પેરનોડ રિકાર્ડની તે અરજીને ફગાવી દીધી છે, જેમાં કંપનીએ દિલ્હીમાં પોતાના ઉત્પાદનો વેચવાની પરવાનગી માંગી હતી.

# જૂન-જુલાઈમાં હીટવેવ રહેશે, ચોમાસું શ્રીલંકામાં અટક્યું

## કેરળ પહોંચવામાં 7 દિવસ લાગશે; આ વખતે સામાન્યથી પણ 10% ઓછો વરસાદ આવે એવી શક્યતા

નવી દિલ્હી

દેશમાં આ વર્ષે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ એક મહિના પહેલાં લગાવેલા અનુમાનમાં ફેરફાર કર્યો છે. IMD અનુસાર 2026માં ચોમાસાની સિઝનમાં દેશમાં સરેરાશ વરસાદ ઘટીને 78 સેન્ટિમીટર રહી શકે છે. 13



એપ્રિલે હવામાન વિભાગે 80 સેન્ટિમીટર વરસાદનું અનુમાન લગાવ્યું હતું. 1971-2020ના આંકડાઓના આધારે દેશમાં સરેરાશ વરસાદ 87 સેન્ટિમીટર માનવામાં આવે છે. આ વર્ષે દેશમાં કુલ વરસાદ લોંગ પિરિયડ એવરેજ (LPA) ના લગભગ 90% રહેવાનું અનુમાન છે. આ 2018 પછી સૌથી ઓછો છે. 2018માં સામાન્યની સરખામણીમાં 91% વરસાદ થયો હતો. 100% LPA ને સામાન્ય વરસાદ માનવામાં આવે છે. IMD અનુસાર જૂન-જુલાઈમાં પણ ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, બિહાર, ઓડિશા, છત્તીસગઢ, ગુજરાત અને આંધ્ર પ્રદેશમાં હીટવેવ ચાલવાની સંભાવના છે. સામાન્ય રીતે તે સમયે તાપમાન 30-35 ડિગ્રી સુધી રહે છે. આ વખતે 3 ડિગ્રી વધુ તાપમાન રહેશે. જૂનમાં એમપી, યુપી, બિહારમાં ઓછો વરસાદ હવામાન વિભાગે જણાવ્યું કે જૂનમાં મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડમાં સામાન્ય કરતાં પણ ઓછો વરસાદ થશે. જ્યારે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતના કેટલાક ભાગોમાં સામાન્ય વરસાદનું અનુમાન છે. જ્યાં ખેતી પાણી પર નિર્ભર છે, ત્યાં ઓછો વરસાદ થશે હવામાન વિભાગે જણાવ્યું કે આ વર્ષે ચોમાસાના કોર ઝોનમાં ઓછો વરસાદ પડશે. ચોમાસાનો કોર ઝોન ભારતનો એવો વિસ્તાર છે જ્યાં ખેતી સૌથી વધુ ચોમાસાના વરસાદ પર નિર્ભર કરે છે. એટલે કે, જો વરસાદ સારો થાય કે ખરાબ થાય તો તેની સીધી અસર પાક, ખેડૂતો અને ખાદ્ય ઉત્પાદન પર પડે છે. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્રનો વિદર્ભ, ઝારખંડ, ઓડિશા, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને બિહારના કેટલાક વિસ્તારોનો સમાવેશ થાય છે. ચોમાસું 5 દિવસથી અટક્યું, 7 જૂન સુધીમાં આવી શકે છે કેરળમાં ચોમાસાના આગમન અંગે હવામાન વિભાગની આગાહી ખોટી સાબિત થઈ છે.

## NEWS TRACK

### અમેરિકા-ઈરાન વચ્ચે 'કામચલાઉ' શાંતિ કરાર ફાઈનલ, ટ્રમ્પની મહોર બાકી

છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે મધ્ય પૂર્વમાં હવે કૂટનીતિના નવા પવન ફૂંકાઈ રહ્યા છે. હજારો કિલોમીટર દૂર ચાલી રહેલા આ જંગે વિશ્વના ઓઈલ માર્કેટ અને સુરક્ષા સમીકરણોને હચમચાવી દીધા હતા, પરંતુ હવે એક આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે 60 દિવસના યુદ્ધવિરામ અને પરમાણુ મંત્રણા ફરી શરૂ કરવા માટે એક પ્રાથમિક સમજૂતી સધાઈ હોવાના અહેવાલો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી 60 દિવસનો સીઝફાયર અમેરિકન રિપોર્ટ્સ અનુસાર, આ સમજૂતીનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી 60 દિવસ સુધી યુદ્ધવિરામને લંબાવવાનો છે. આ સમયગાળા દરમિયાન બંને દેશો ઈરાનના વિવાદાસ્પદ પરમાણુ કાર્યક્રમ અને યુરેનિયમના જથ્થા અંગે ગંભીર ચર્ચાઓ કરશે. આ કરારનું સૌથી મોટું પાસું એ છે કે ઈરાન પરમાણુ હથિયારો ન બનાવવા માટે કમિટમેન્ટ આપે તેવી શક્યતા છે.

### લેબનોન પર ઇઝરાયેલની ભીષણ એરસ્ટ્રાઇક : 16નાં મોત, અનેક ઘાયલ

ઇઝરાયેલે લેબનોનના ચોથા નંબરના સૌથી મોટા શહેર પર કરેલા હુમલામાં ૧૬ના મોત થયા છે. ઇઝરાયેલે હીઝબુલ્લાહ સામેની કાર્યવાહી હવે લિતાની નદીથી પણ આગળ વધારી છે. માર્યા ગયેલાઓમાં પાંચ મહિલા અને બાળકો અને લેબનીઝ સૈનિક છે. આ સિવાય ડઝનેક લોકોને ઈજા થઈ છે, એમ લેબનીઝ આરોગ્ય મંત્રાલય અને સરકારી ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું. આઈડીએફ લેબનોનમાં લિતાની રિવર સુધીનો પ્રદેશ કબ્જે કર્યા પછી હીઝબુલ્લાહને હંફાવવા તેનાથી પણ આગળ વધ્યું ઇઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ જાહેરાત કરી છે કે લેબનોનમાં ઇઝરાયેલના લશ્કરી આક્રમણનો વ્યાપ વધારવામાં આવશે તેના પછી હુમલાનું પ્રમાણ અને તેની તીવ્રતામાં વધારો થયો છે. હીઝબુલ્લાહે પણ લેબનોનમાં ઘૂસેલા ઇઝરાયેલના લશ્કરી દળો પર ફાઇબર ઓપ્ટિક ડ્રોનના હુમલા કર્યા છે અમેરિકાની રાજધાનીમાં લેબનીઝ અને ઇઝરાયેલી લશ્કરી અધિકારીઓ તેમની પ્રથમ સુરક્ષા મંત્રણાનું શુક્રવારે આયોજન કરવાના છે ત્યારે આ હુમલા થયા છે.

## કાનૂની દાવપેચ અને સોશિયલ મીડિયાના સપનામાં અટવાયેલો સમાજ: અભય ચોપડાનો જગત પર આકરો પ્રહાર

# "ઓછી અક્કલ અને જાસૂસી નવલકથાઓની નકલ કરવાનું બંધ કરો" – અભય ચોપડા




ખાસ પ્રતિનિધિ, નાગદા | પાક્કો ગુજરાત ન્યૂઝ

જૈન સમાજ અને સ્થાનિક વર્તુળોમાં ચાલી રહેલો આંતરિક વિવાદ હવે સંપૂર્ણપણે ખુલ્લેઆમ રસ્તા પર અને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર આવી ગયો છે. નાગદાના અગ્રણી સામાજિક કાર્યકર અભય ચોપડાએ જગત નામની વ્યક્તિ પર સીધો અને આકરો પ્રહાર કરતા તેની કાર્યપદ્ધતિ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ચોપડાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, પુરાવા વિના મનઘડંત વાર્તાઓ બનાવવાનું બંધ થવું જોઈએ, કારણ કે આવી હરકતોથી સમાજ ગેરમાર્ગે દોરાઈ રહ્યો છે અને પરેશાન થઈ રહ્યો છે.

### "હું લો ગ્રેજ્યુએટ છું, બાળકો જેવી હરકતો બંધ કરો"

અભય ચોપડાએ પોતાના જાહેર નિવેદનમાં આકરા શબ્દોમાં કહ્યું, ‘મેં ફોન પર પણ પૂછ્યું હતું અને આજે ફરી કહી રહ્યો છું કે હું એક ’લો ગ્રેજ્યુએટ’ (કાયદા સ્નાતક) છું, જ્યારે તમારી હરકતો ચોથા-પાંચમા ધોરણના વિદ્યાર્થી જેવી છે. એવું લાગે છે કે નાનપણમાં તમે જાસૂસી નવલકથાઓ બહુ વધારે વાંચી લીધી છે, જેની નકલ કરીને તમે દરરોજ કોઈ પણ આધાર કે પુરાવા વગર સોશિયલ મીડિયા પર નવી વાર્તાઓ લઈને આવી જાઓ છો. તમને રાત્રે નહીં, પણ સોશિયલ મીડિયા પર રોજ સપના આવે છે.‘

### ગચ્છ વિવાદ અને કરોડોના દાવા પર ઘેરાવ

વિવાદની વિગતો જાહેર કરતા ચોપડાએ સ્પષ્ટ કર્યું કે તેમનું સંગઠન ’અખિલ ભારતીય હિન્દુ જૈન સાધુ સંત ક્ષા સમિતિ’ સંપૂર્ણપણે પારદર્શક છે. તેમણે જગત પર નિશાન સાધતા કહ્યું કે, ‘ચોરને બધે ચોર જ દેખાય છે.‘ કરોડો રૂપિયા પડાવવાના જે સપના જોવામાં આવી રહ્યા હતા, તેને પૂરા થવા દેવાયા નથી. કોર્ટ-કચેરીની બાબતો પર બોલતા તેમણે ચેતવણી આપી કે કેસ હજુ અન-જિસ્ટર્ડ (Un-registered) છે અને વકીલો માત્ર ગેરમાર્ગે દોરી રહ્યા છે.

### નિવેદનના મુખ્ય અને આકરા પ્રહારો:

**જાસૂસી નવલકથાઓની નકલ: પુરાવા અને તથ્યો વિના સોશિયલ મીડિયા પર રોજ નવી મનઘડંત વાર્તાઓ બનાવવાનો આરોપ.**

**ચરિત્રનું નકલી સર્ટિફિકેટ: આરોપ લગાવ્યો કે સામેની વ્યક્તિ પોતાને દરેકના ચરિત્રનું પ્રમાણપત્ર આપનારી યુનિવર્સિટીના 'ભ્રષ્ટ કુલપતિ' સમજી બેઠી છે.**

**સમાજને પરેશાન કરવાનો ધંધા: ઓછી બુદ્ધિ અને ઓછું જ્ઞાન ધરાવતા લોકો પોતાને હોશિયાર માનીને સમગ્ર સમાજને મુશ્કેલીમાં મૂકી રહ્યા છે.**

## 'પાક્કો ગુજરાત' વ્યુઝ: "અધૂરું જ્ઞાન સમાજ માટે ઘાતક"

**અભય ચોપડાએ પોતાના નિવેદનના અંતે એક ખૂબ જ ગંભીર અને કડવી વાત કહી છે, જે આજના સોશિયલ મીડિયા યુગ પર બિલકુલ સચોટ બેસે છે. તેમણે કહ્યું કે, જ્યારે ઓછી અક્કલ, ઓછું જ્ઞાન અને ઓછું ભણેલી વ્યક્તિ પોતાને સૌથી મોટી બુદ્ધિશાળી સમજવા લાગે છે, ત્યારે તે પોતે તો હેરાન થાય જ છે, સાથે જ સમગ્ર સમાજને પણ માનસિક રીતે પરેશાન કરે છે. સમાજે આવા 'સ્વયંભૂ જાસૂસો'થી સાવધ રહેવાની ખાસ જરૂર છે.**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરની અધ્યક્ષતામાં 'મિશન શક્તિ' યોજનાની સમીક્ષા બેઠક યોજાઇ

મહિસાગર, વિજય ડામોર

મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે 'મિશન શક્તિ' યોજના અંતર્ગત જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલા સુરક્ષા સેવાઓની ઝીણવટભરી સમીક્ષા બેઠક દરમિયાન કલેક્ટરે જિલ્લામાં કાર્યરત '181' અભયમ મહિલા હેલ્પ લાઈન, સખી વન સ્ટોપ સેન્ટર અને પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટરની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લામાં 'મિશન શક્તિ' અંતર્ગત થયેલા વિવિધ જાગૃતિ કાર્યક્રમોની પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં 'બેટી બચાવો બેટી પઢાઓ' અભિયાન હેઠળ મહિલા શિક્ષણ, સાયબર સિક્યોરિટી અંગેની સાવચેતી, આત્મરક્ષણ (સેલ્ફ ડિફેન્સ) ની તાલીમ અને પોસ્કો (POCSO) એક્ટ અંગે ગ્રામ્ય સ્તર સુધી કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ મહત્વની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સંલગ્ન વિભાગના વડાઓ અને કર્મચારીઓએ પણ હાજરી આપી હતી.

# ઝઘડિયામાં ખેડૂતોને સોલાર પાવર યુનિટ (ઝટકા મશીન) સહાય કીટનું વિતરણ કરાયું

રાજપારડી, ઈરફાન ખત્રી

ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત તેમજ ઝઘડિયા વિધાનસભાના ધારાસભ્ય રીતેશભાઈ વસાવાના માર્ગદર્શન અને સૂચનથી સોલાર પાવર યુનિટ કીટ સહાય (ઝટકા મશીન) યોજના હેઠળ લાભાર્થી ખેડૂતોને સાધન સહાયક કીટનું વિતરણ કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં ઝઘડિયા તાલુકા પંચાયતના નવનિયુક્ત તાલુકા પ્રમુખ સરસ્વતીબેન સંદીપભાઈ વસાવા, કારોબારી અધ્યક્ષ તાલુકા પંચાયતના ચૂંટાયેલ સભ્યશ્રીઓ તેમજ જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ પ્રકાશભાઈ મોદી, જિલ્લા મહામંત્રી પરેશભાઈ પટેલ સહિત ભાજપ સંગઠનના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન ખેડૂત મિત્રોને સોલાર પાવર યુનિટ કીટ એટલે કે ઝટકા મશીન સહાય કીટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું. આ યોજના ખેડૂતોને ખેતી અને પાક સુરક્ષા માટે ઉપયોગી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી. ઉપસ્થિત મહાનુભાવોએ સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં અમલમાં મુકાતી વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી અને ખેડૂતોને વધુમાં વધુ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો.

# ગોધરામાં "સમાન અવસર" કાર્યક્રમ : જન્મજાત શ્રવણની ખામી ધરાવતા વિધાર્થીઓને મળ્યું અત્યાધુનિક ડિવાઇસ

ગોધરા, ફિરદોસ ગુણીયા

પંચમહાલ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 'સહભાગી શિક્ષણ સમાન અવસર' કાર્યક્રમ હેઠળ અત્યાધુનિક હિયરિંગ એઈડ (શ્રવણ યંત્ર) નું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્યસભા સાંસદ ડૉ. જસવંતસિંહ પરમારની વર્ષ ૨૦૨૪-૨૫ની ગ્રાન્ટમાંથી ૬૨.૪૦ લાખના ખર્ચે ખરીદવામાં આવેલા આ ઉપકરણો ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા અને જન્મજાત શ્રવણની ખામી ધરાવતા ૭૮ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક અર્પણ કરાયા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગ બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે. સમગ્ર શિક્ષા પંચમહાલના સ્પેશિયલ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ ડિવાઈસ રાજ્યસભાના સાંસદ ડૉ. જસવંતસિંહ પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના હસ્તે એનાયત કરાયા હતા. આ આધુનિક સાધન મળતા જ બાળકોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી અને વાલીઓએ સરકાર તેમજ વહીવટી તંત્રના આ સંવેદનશીલ અભિગમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# પરિણીતા પાસે પૈસાની માગ સાથે સાસરિયાઓની મારઝૂડ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર વિસ્તારમાં રહેતી 22 વર્ષીય પરિણીતાએ પતિ, સાસુ-સસરા અને જેઠ સામે દહેજની માંગણી, શારીરિક અને માનસિક ત્રાસની ભરૂચ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. યુવતીએ આક્ષેપ કર્યો છે કે લગ્નના બે-ત્રણ દિવસ બાદ થી જ સાસરિયાઓ દ્વારા વારંવાર પૈસાની માંગણી કરવામાં આવતી હતી.

લગ્ન મહારાષ્ટ્રમાં કરવા દબાણ કરી યુવતીના પિતાએ અલગ અલગ સમયે ઓનલાઈન અને ચેક મારફતે કુલ રૂ.8.41 લાખ આપ્યા હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કર્યો છે. સાસુએ કરીયાવરનો સામાન તેમજ સોના-ચાંદીના દાગીના પોતાની પાસે લઈ લીધા હતા. સાથે જ પહેરવેશ, નોકરી અને ઘરકામ બાબતે મેણાં ટોણાં મારી ગાળો બોલી મારઝૂડ કરવામાં આવતી હતી. યુવતીએ આરોપ મૂક્યો છે કે પતિ નોકરીએ જતા સમયે ઘરમાં બહારથી લોક મારી જતો હતો તેમજ પતિ તરીકેના સંબંધ પણ રાખતો ન હતો.

# જંબુસરના ગજેરામાં ગેરકાયદેસર માટીખનન ભૂસ્તર વિભાગે દરોડા પાડી વાહનો જપ્ત કર્યા

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર તાલુકાના ગજેરા ગામે ગેરકાયદે માટીખનન પર ભુસ્તર વિભાગે દરોડા પાડી વાહનો જપ્ત કર્યા છે. ડાભા, ગજેરા, વેડચ સહિતના ગામડાઓમાં ઈંટોના ભઠ્ઠાઓ આવેલાં છે અને તેમાં ઈંટો બનાવવા માટે કેટલાક ભઠ્ઠા સંચાલકો ગેરકાયદે માટીખનન કરી રહયાં છે. ડાભા, ગજેરા, વેડચ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઈંટોના ભઠ્ઠા છે. વર્ષોથી જંબુસરના સ્થાનિક માલિકો ભઠ્ઠા ચલાવતા આવ્યા છે. અહીંની સારી ઈંટો રાજ્યભરમાં પ્રખ્યાત રહી છે.

છેલ્લા આઠથી દસ વર્ષથી પરપ્રાંતિયો અહીં ભઠ્ઠાઓ શરૂ કરી રહયાં છે અથવા ચાલુ ભઠ્ઠાઓને સંચાલન માટે ભાડે લઇ રહયાં છે. તેઓ પરંપરાગત રીતે નહીં પરંતુ અન્ય બળતણનો ઉપયોગ કરીને બીજી રીતે ઈંટો પકાવે છે. ગેરકાયદે માટીનું ખનન કરીને રોયલ્ટીની ચોરી કરે છે. પાંચ દિવસ પહેલા રાત્રિના સમયે ગેરકાયદે માટી ખનન ચાલતું હતું. તે દરમિયાન એક ડમ્પરના ડ્રાઈવરે તેનું વાહન બેફીકરાઈથી હંકારીને વીજળીના પાંચથી સાત થાંભલાઓ તોડી નાખ્યાં હતાં. આ ઘટના બાદ આસપાસના વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. લોકોએ એસી, પંખા વગર રાત પસાર કરી હતી. ગજેરા વિસ્તારમાં ઈંટોના ભઠ્ઠાના માલિક પાસેથી ઉત્તરપ્રદેશના એક વ્યક્તિએ ભાડે ભઠ્ઠો લીધો હતો. ઈંટોનું ઉત્પાદન શરૂ કર્યું હતું. ગેરકાયદે માટી ખનન થતું હોવાની બાતમી મળી હતી. ભરૂચ જિલ્લા ખાણ ખનીજ વિભાગે હિટાચી અને હાઈવા ટ્રક કબજે કર્યા હતા. ગજેરા ગ્રામ પંચાયત ખાતે લઈ જઈ સીલ કર્યા હતા.આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ બે રોકટોક ચાલી રહી હોવાનો આક્ષેપ છે. રોયલ્ટીની ચોરી થતી હોવાની ફરિયાદ છે.

### સુરતમાં ડિજિટલ અરેસ્ટનો મોટો આંચકો

# નકલી CBI અધિકારી બની વૃદ્ધા પાસેથી રૂપિયા 1.34 કરોડ પડાવ્યા

સુરત

સુરત શહેરમાંથી ઓનલાઈન છેતરપિંડી અને ડિજિટલ અરેસ્ટનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શાતિર ગઠિયાઓએ આ વખતે એક વૃદ્ધાને પોતાની જાળમાં ફસાવીને સીબીઆઈ (CBI) અધિકારી હોવાનો નાટક કર્યો હતો. મની લોન્ડરિંગ અને ગંભીર ગુનાના કેસમાં સંડોવણી હોવાની ધમકી આપીને ઠગોએ વૃદ્ધા પાસેથી કુલ ૧.૩૪ કરોડ રૂપિયાની માતબર રકમ પડાવી લીધી છે. આ મામલે સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો મુજબ, સુરતના રહેવાસી ભોગ બનનાર વૃદ્ધાને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ ફેડેક્સ (FedEx) કુરિયર કંપનીના કર્મચારી તરીકે આપી હતી. તેણે વૃદ્ધાને ડરાવતા કહ્યું કે, તમારા નામે મોકલાયેલા એક કુરિયર પાર્સલમાંથી ગેરકાયદે ડ્રગ્સ, પાસપોર્ટ અને અન્ય શંકાસ્પદ સામાન મળી આવ્યો છે. વૃદ્ધા કંઈ સમજે તે પહેલાં જ આ કોલને કથિત સીબીઆઈ (CBI) અને મુંબઈ સાયબર ક્રાઈમના નકલી અધિકારીઓ તરફ ટ્રાન્સફર કરી દેવામાં આવ્યો હતો.

ત્યારબાદ નકલી સીબીઆઈ અધિકારીઓએ વીડિયો કોલ કરીને વૃદ્ધા પર દબાણ બનાવ્યું હતું.




તેમણે વૃદ્ધાને ડરાવી દીધા હતા કે આ મામલો અત્યંત ગંભીર છે અને તેમનું બેંક એકાઉન્ટ મની લોન્ડરિંગના કેસમાં વપરાયું છે. આ કેસની ગુપ્ત તપાસના બહાને ઠગોએ વૃદ્ધાને ઘરમાં જ 'ડિજિટલ અરેસ્ટ' (નજરકેદ) કરી રાખ્યા હતા અને કોઈને પણ આ વાત ન કહેવા માટે ધમકાવ્યા હતા. આરોપીઓએ કેસમાંથી મુક્તિ મેળવવા અને વેરિફિકેશનના નામે વૃદ્ધા પાસેથી તેમના અલગ-અલગ બેંક ખાતામાંથી કટકે-કટકે કુલ ૧,૩૪,૦૦,૦૦૦ રૂપિયા પોતાના કથિત સરકારી ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં ફોન કટ થઈ જતાં અને કોઈ સંપર્ક ન થતાં વૃદ્ધાને પોતાની સાથે થયેલી આ ભયાનક છેતરપિંડીનો અહેસાસ થયો હતો. તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો.

# જૈન સાધુ-સાધ્વીજીઓના શંકાસ્પદ મોતના વિરોધમાં સુરતમાં ઉમટ્યું માનવમેદનીનું ઘોડાપૂર

સુરત

સુરત શહેરમાં આજે જૈન સમાજ દ્વારા એક ઐતિહાસિક અને અભૂતપૂર્વ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી દેશના જુદા-જુદા ભાગોમાં જૈન સાધુ અને સાધ્વીજીઓના થઈ રહેલા શંકાસ્પદ અકસ્માતો અને મોતના વિરોધમાં સમગ્ર જૈન સમાજ રસ્તા પર ઉતરી આવ્યો હતો. આ મૌન રેલીમાં હજારોની સંખ્યામાં જૈન શ્રાવક-શ્રાવિકાઓ જોડાતા સુરતના માર્ગો પર માનવમેદનીનું ઘોડાપૂર ઉમટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. મળતી વિગતો મુજબ, જૈન સંતોની સુરક્ષાને લઈને સમગ્ર જૈન સમાજમાં ભારે આક્રોશ અને ચિંતાનો માહોલ છે. અવારનવાર વિહાર કરી રહેલા સાધુ-સાધ્વીજીઓ માર્ગ અકસ્માતનો ભોગ બને છે, જેની પાછળ કોઈ મોટું ષડયંત્ર હોવાની આશંકા સેવાઈ રહી છે. આ બાબતે યોગ્ય તપાસ થાય અને જૈન સંતોને પૂરતી સુરક્ષા આપવામાં આવે તેવી માંગ સાથે સુરતના તમામ ફિરકાના જૈન સંગઠનો એકતા બતાવીને આ રેલીમાં જોડાયા હતા. આ રેલી સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને મૌન રહીને યોજવામાં આવી હતી. રેલીમાં જોડાયેલા લોકોના હાથમાં જૈન શાસનના પવિત્ર ધ્વજ અને સાધુ ભગવંતોની સુરક્ષાની માંગ કરતા બેનરો જોવા મળ્યા હતા.

### દિયોદરમાં લોકશાહીનું ચીરહરણ?

# સત્તા મેળવવા વહીવટી તંત્રના નાટક વચ્ચે ગર્ભવતી સભ્યને અસહ્ય પીડા સાથે ધરમધક્કા

દિયોદર (બનાસકાંઠા)

બનાસકાંઠાના દિયોદર તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીને લઈને ચાલી રહેલો હાઈવોલ્ટેજ ડ્રામા હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપના આંતરિક જૂથવાદ અને વહીવટી તંત્રની કથિત મિલીભગતને કારણે આ ચૂંટણી બીજી વખત રદ થતાં મોટો રાજકીય ભૂકંપ સર્જાયો છે. આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી ચોંકાવનારી અને સંવેદનહીન બાબત એ સામે આવી છે કે કૉંગ્રેસના જાડા બેઠકના વિજેતા મહિલા સદસ્ય હેતલબહેન ઠાકોર, જેઓ પૂર્ણ ગર્ભવતી (સગર્ભા) છે અને ગમે તે ક્ષણે બાળકને જન્મ આપી શકે તેમ છે, તેમણે લોકશાહીની ગરિમા અને પોતાના પક્ષની બહુમતી બચાવવા માટે અસહ્ય શારીરિક પીડા વચ્ચે કલાકો સુધી કચેરીમાં બેસી રહેવું પડ્યું હતું.

સત્તાધારી પક્ષના ઈશારે જાણી જોઈને વિલંબ: કૉંગ્રેસ પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં, ભાજપને સત્તા અપાવવા કે સમય મેળવી આપવા માટે વહીવટી તંત્ર અને ચૂંટણી અધિકારી દ્વારા જાણી જોઈને નાટક કરીને કલાકો સુધી પ્રક્રિયા લંબાવવામાં આવી અને અંતે ચૂંટણી મુલતવી રાખી.

માનવતા અને સંવેદના મરી પરવારી: હેતલબહેને અત્યંત આક્રોશ સાથે જણાવ્યું કે, મારી ગંભીર શારીરિક સ્થિતિ અને પ્રસૂતિની પીડાની જાણ હોવા છતાં અધિકારીઓએ જરાય સંવેદનશીલતા દાખવી નહીં. એક સગર્ભા સ્ત્રીને રાજકીય કિન્નાખોરીના કારણે કલાકો સુધી ઓબ્સર્વેશનમાં રાખવા જેવી સ્થિતિમાં પણ ખુરશી પર બેસી રહેવા મજબૂર કરાઈ. સરકારી તંત્રનું 'બીમારી'નું નાટક: કૉંગ્રેસના તમામ ૧૨ સભ્યો સભાખંડમાં હાજર હોવા છતાં ચૂંટણી અધિકારી એકાએક ગાયબ થઈ ગયા અને 'તબિયત લથડી' હોવાનું બહાનું કાઢી હોસ્પિટલમાં દાખલ થઈ ગયા. હેતલબહેને આક્ષેપ કર્યો કે જ્યારે હું આ સ્થિતિમાં આવી શકું તો અધિકારી કઈ રીતે ગાયબ થઈ જાય? આ માત્ર વહીવટી તંત્રનું કથિત નાટક છે. સાંસદ ગેનીબહેન ઠાકોરની ગર્જના: 'દિયોદરમાં લોકશાહીની હત્યા થઈ રહી છે. કલેક્ટર અને વહીવટી તંત્ર ભાજપના પટ્ટા પહેરીને ફરી રહ્યા હોય તેવું લાગે છે. બહુમતી હોવા છતાં કૉંગ્રેસને સત્તાથી દૂર રાખવા ગર્ભવતી મહિલા સભ્યના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરાયો છે, જેને ગુજરાતની જનતા ક્યારેય માફ નહીં કરે. અમે આ મામલે હાઈકોર્ટના દરવાજા ખટખટાવીશું.' આ ઘટનાને પગલે દિયોદર પંચાયત કચેરી બહાર કૉંગ્રેસના કાર્યકરોનો રોષ ફાટી નીકળ્યો હતો અને ભારે સૂત્રોચ્ચારો સાથે હોબાળો મચી ગયો હતો. રાજકારણ જ્યારે માનવતા ભૂલે છે ત્યારે કેવાં દ્રશ્યો સર્જાય છે તેનો આ જીવતો જાગતો પુરાવો છે.

### ટેક્સટાઇલ હબ સુરત પર મોટું સંકટ

# હાઇકોર્ટના સ્ટેથી હજીરા-મુંબઇ પોર્ટ પર 250 કરોડનું યાર્ન અટવાયું!

સુરત

દેશના ટેક્સટાઈલ હબ ગણાતા સુરતના કાપડ ઉદ્યોગ પર આર્થિક સંકટના વાદળો ઘેરાયા છે. હાઈકોર્ટ દ્વારા લાદવામાં આવેલા સ્ટેના કારણે સુરતના વેપારીઓનું અંદાજે ૨૫૦ કરોડ રૂપિયાની કિંમતનું આયાતી યાર્ન હજીરા અને મુંબઈ પોર્ટ પર અટવાઈ ગયું છે. આ અચાનક ઉભી થયેલી કટોકટીના પગલે સ્થાનિક બજારમાં યાર્નની કૃત્રિમ અછત સર્જાઈ છે, જેનો ફાયદો ઉઠાવીને સ્થાનિક વેપારીઓએ ભાવમાં પ્રતિ કિલોએ ૧૫ થી ૨૦ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકી દીધો છે. આ પરિસ્થિતિને કારણે ટેક્સટાઇલ ઉદ્યોગકારોની હાલત કફોડી બની ગઈ છે અને તેમણે આશંકા વ્યક્ત કરી છે કે જો આ વિવાદ જલ્દી નહીં ઉકેલાય તો હજારો રત્નકલાકારો અને શ્રમિકોની રોજગારી જોખમમાં મુકાશે.

મળતી માહિતી મુજબ, હાઈકોર્ટના કાનૂની સ્ટેના કારણે કસ્ટમ ક્લિયરન્સ અટકી પડતા હજીરા અને મુંબઈ પોર્ટ પર કન્ટેનરોનો ભરાવો થઈ ગયો છે. સુરતના વીવર્સ અને ટેક્સટાઇલ પ્રોસેસર્સ મોટા પ્રમાણમાં આ ક્વોલિટીના



યાર્ન પર નિર્ભર છે. બીજી તરફ, સ્થાનિક સ્તરે યાર્ન મોંઘું થતાં કાપડ બનાવવાની પડતર કિંમત આસમાને પહોંચી ગઈ છે. વૈશ્વિક અને સ્થાનિક બજારમાં હરીફાઈ વચ્ચે આટલો મોટો ભાવવધારો સહન કરવો નાના અને મધ્યમ કક્ષાના વીવર્સ માટે અશક્ય બન્યો છે. પોર્ટ પર કરોડો રૂપિયાનું રોકાણ ફસાઈ ગયું છે. કાચા માલના ભાવ વધવાથી લૂમ્સ માલિકો માટે કારખાના ચલાવવા મુશ્કેલ બન્યા છે.

જો આ સ્ટે વહેલી તકે હટાવવામાં નહીં આવે તો પ્રોડક્શન કાપવું પડશે, જેના કારણે ટેક્સટાઈલ સેક્ટર સાથે જોડાયેલા હજારો કારીગરોએ રોજગારી ગુમાવવાનો વારો આવશે. સુરતના ટેક્સટાઈલ સંગઠનો આ મામલે ભારે ચિંતામાં છે. સ્થાનિક બજારના કેટલાક તત્વો દ્વારા લેવામાં આવી રહેલા વધુ ભાવ અને કાનૂની ગૂંચવણોને પગલે હવે વેપારીઓ આ મામલે કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રાલય અને રાજ્ય સરકાર સમક્ષ તાકીદે રજૂઆત કરવાની તૈયારી કરી રહ્યા છે. કાપડ બજારના નિષ્ણાતોનું માનવું છે કે, જો આગામી દિવસોમાં મધ્યસ્થી કરીને પોર્ટ પરથી માલ મુક્ત કરવામાં નહીં આવે, તો સુરતના કાપડ ઉદ્યોગને કરોડો રૂપિયાનું કાયમી નુકસાન વેઠવું પડી શકે છે.

# વાઘોડિયા તાલુકાના એક ગામની મહિલાને વ્હારે આવી અભયમ ટીમ

કાલોલ, સેહજાદ પઠાણ

વડોદરા જિલ્લાના વઘોડીયા તાલુકાના એક ગામમાંથી એક મહિલા 181 અભયમ મહિલા હેલ્પલાઇન માં કોલ કરી મદદ માગી હતી મહિલાએ જણાવ્યાં મુજબ તેમના ભાઈ દ્વારા નાની નાની બાબતે ઝઘડો કરવામાં આવતો હતો અપશબ્દ બોલી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો સતત હેરાનગતિથી કંટાળી મહિલાએ 181 ની મદદ માગી હતી માહિતી મળતા જ 181 અભયમ પાદરા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષનું કામ કાઉન્સિલિંગ કરી કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળ્યું કે મહિલા છેલ્લા પિયરમાં 10 વરસથી રહે છે તેમના પતિ અને દીકરી અને પપ્પા જોડે કારણ કે મહિલાના ભાઈ નસો કરે છે અને ઘરની કોઈ જવાબદારી નહીં લેતા તેમજ મહિલાના પપ્પા પણ ઉંમરલાયક છે તેથી તેમની દેખભાલ કરે છે જેથી મહિલાનો ભાઈ નસો કરી ઝઘડો કરે છે અને ઘરેથી નીકળી જવાની ધમકી આપે છે 181 ની ટીમ દ્વારા મહિલાના ભાઈનું કાઉન્સિલિંગ કરી સલાહ સૂચન માર્ગદર્શન આપેલ તેમજ કાયદાકીય માહિતી આપી મહિલાના ભાઈ એ પોતાની ભૂલ સ્વીકારી અને બીજી વાર ભૂલ નહીં થાય તેની લેખિત બાહીદરી આપી આમ 181 અભયમ ટીમમાં મેં મદદ કરેલ અને સમાધાન કરેલ અને મહિલાએ તો 181 ટીમની આભાર વ્યક્ત કરેલ છે.

### વડોદરામાં SMCની મોટી દારૂ રેડ

# ટ્રક ટેન્કરમાંથી રૂ.3.64 લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

વડોદરા

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) દ્વારા હાથ ધરાયેલી પ્રોહિબિશન રેડ દરમિયાન ટ્રક ટેન્કરમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL) ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે કુલ રૂ. 89.87 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, SMCની ટીમે હરણી વિસ્તારમાં દેના ચોકડીથી ગોલ્ડન ચોકડી જતાં માર્ગ પર બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. દરમિયાન MH-18-BA-6570 નંબરના ટ્રક ટેન્કરની તપાસ કરતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની IMFL બોટલો અને ટીન મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. 64,65,024 કિંમતનો દારૂ કબજે કર્યો હતો.

આ ઉપરાંત દરોડા દરમિયાન રૂ. 25 લાખ કિંમતનો ટ્રક ટેન્કર, બે મોબાઈલ ફોન કિંમત રૂ. 20 હજાર તથા એક સિલિન્ડર બોટલ કિંમત રૂ. 2 હજાર મળી કુલ રૂ. 89,87,024નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે રાજસ્થાન રાજ્યના જાલોર જિલ્લાના ચિતલવાણા તાલુકાના નિંબાજ ગામના રહેવાસી રેખારામ મોતારામ જાટની ધરપકડ કરી હતી. આરોપી ટ્રક ટેન્કરનો ડ્રાઈવર હોવાનું બહાર આવ્યું છે. ઝડપી પાડેલા આરોપીને હરણી પોલીસ મથકના હવાલે કરવામાં આવ્યો છે. આ મામલે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ તપાસ દરમિયાન દારૂ સપ્લાય કરનાર બે અજાણ્યા શખ્સો, વડોદરામાં દારૂનો જથ્થો સ્વીકારનાર વ્યક્તિ તેમજ ટ્રક ટેન્કરના માલિકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. SMCના PSI સી.કે. સિસોદિયાની આગેવાની હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ પોલીસે ઝડપાયેલા આરોપીની પૂછપરછ શરૂ કરી વધુ આરોપીઓ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# BOBના ATM પર નિવૃત્ત શિક્ષિકા સાથે છેતરપિંડી કરનાર શાતિર ઠગ 66 ATM કાર્ડ સાથે ઝડપાયો

કપડવંજ

કપડવંજ ટાઉન પોલીસે એટીએમ સેન્ટર પર મદદ કરવાના બહાને લોકોના કાર્ડ બદલીને લાખો રૂપિયાની છેતરપિંડી આચરતા એક રીઢા અને કુખ્યાત ગુનેગારને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. કપડવંજની બેંક ઓફ બરોડાના એટીએમ સેન્ટર પર એક નિવૃત્ત શિક્ષિકા સાથે થયેલી છેતરપિંડીનો ભેદ ઉકેલી પોલીસે આરોપી પાસેથી જુદી જુદી બેંકોના 66 જેટલા એટીએમ કાર્ડ જપ્ત કર્યા છે.

મળતી વિગતો મુજબ, કપડવંજમાં રહેતા નિવૃત્ત શિક્ષિકા નીતાબેન શાહ બેંક ઓફ બરોડાના એટીએમ સેન્ટર પર રૂપિયા ઉપાડવા ગયા હતા. આ દરમિયાન ત્યાં હાજર એક શખ્સે તેમને મદદ કરવાના બહાને વિશ્વાસમાં લીધા હતા અને નજર ચૂકવીને તેમનું એટીએમ કાર્ડ બદલી નાખ્યું હતું. ત્યારબાદ આ ગઠિયાએ નીતાબેનના ખાતામાંથી કુલ 39,579 રૂપિયા ઉપાડી લઈને મોટી છેતરપિંડી આચરી હતી.

### વડોદરામાં સળગતી કાયદો અને વ્યવસ્થા

# તીક્ષ્ણ હથિયારના ઘા મારી વેપારીની ઘાતકી હત્યા : લાશ મળતા ચકચાર મચી

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. વડોદરા શહેરમાંથી એક જાણીતા વેપારીની તીક્ષ્ણ હથિયારના અગણિત ઘા ઝીંકીને કરાયેલી ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. લૂંટના ઈરાદે કે કોઈ અંગત અદાવતમાં આ હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો છે તે દિશામાં રહસ્ય અકબંધ છે. ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક પોલીસ સહિત વડોદરા ક્રાઈમ બ્રાંચની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મળતી પ્રાથમિક માહિતી અનુસાર, વડોદરાના સ્થાનિક વિસ્તારમાંથી પસાર થતા નાગરિકોને એક વ્યક્તિની લોહીલુહાણ હાલતમાં લાશ પડી હોવાની જાણ થઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક કંટ્રોલ રૂમમાં ફોન કરતાં જ પોલીસનો મોટો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. મૃતકની ઓળખ તપાસતા તે સ્થાનિક વિસ્તારના જ એક વેપારી હોવાનું બહાર આવ્યું હતું. મૃતકના શરીર પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરાયાના ઊંડા નિશાનો મળી આવ્યા છે, જે દર્શાવે છે કે હત્યારાઓએ અત્યંત ક્રૂરતાપૂર્વક આ વારદાતને અંજામ આપ્યો છે. હત્યાના આ હાઈપ્રોફાઈલ કેસનો ભેદ ઉકેલવા માટે વડોદરા ક્રાઈમ બ્રાંચની અલગ-અલગ ટીમો કામે લગાડવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસના તમામ સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત એફએસએલ અને ડોગ સ્ક્વોડની મદદ લઈને વૈજ્ઞાનિક ઢબે પુરાવા એકત્ર કરવાનું શરૂ કરાયું છે. પોલીસ મૃતક વેપારીના પરિવારજનો અને નજીકના મિત્રોની પણ પૂછપરછ કરી રહી છે જેથી કરીને કોઈ જુની અદાવત કે નાણાકીય લેણદેણનો મામલો હોય તો તેની કડી મળી શકે. વેપારી આલમમાં ભયનો માહોલ ભરબપોરે કે રાત્રિના સમયે બનેલી આ ઘટનાને પગલે વડોદરાના સ્થાનિક વેપારી મંડળોમાં ભારે આક્રોશ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ટાઉન હોલથી કલાલ ઝાંપા લાડ વાડીના

# નવા મકાનમાં સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાની કાલોલ શાખા સ્થળાંતરિત

કાલોલ, સેહજાદ પઠાણ

કાલોલ નગરમાં ગ્રાહકોને વધુ આધુનિક અને સુવિધાજનક બેંકિંગ સેવાઓ મળી રહે તે હેતુથી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખાનું નવા લોકેશન પર સ્થળાંતર કરવામાં આવ્યું છે.

કાલોલ ખાતે અત્યાર સુધી ટાઉન હોલ પાસે કાર્યરત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા હવે કલાલ ઝાંપા બજારમાં આવેલી લાડ વાડીના નવા મકાનમાં શિફ્ટ થઈ છે.

નવી શાખાના શુભારંભ પ્રસંગે આજે શુક્રવારે સવારે શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અને કથાનું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. નવીન બેંક પરિસરમાં આયોજિત આ ધાર્મિક પ્રસંગે કાલોલ નગરના અગ્રણીઓ, મોટી સંખ્યામાં બેંકના ગ્રાહકો અને થાપણદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બેંક પરિવારને આ નવી શરૂઆત બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે બેંકના શાખા મેનેજર તેમજ સમગ્ર સ્ટાફ મિત્રો દ્વારા ઉપસ્થિત તમામ ગ્રાહકો અને આમંત્રિતોનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાખા મેનેજરે જણાવ્યું હતું કે, નવા સુવિધાજનક મકાનમાં સ્થળાંતર થવાથી ગ્રાહકોને બેંકિંગ કામકાજમાં વધુ ઉત્તમ અને ઝડપી સુવિધાઓ મળી રહેશે.

### જનતાના સમય અને નાણાંનો વેડફાટ

# કાલોલ મામલતદાર કચેરીમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી: એક સામાન્ય સહી માટે અરજદારોને છ-છ મહિનાના ધક્કા!

કાલોલ, સેહજાદ પઠાણ

કાલોલ મામલતદાર કચેરીમાં ચાલતી ગોકળગતિની કામગીરીને કારણે સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારી કચેરીઓના ધક્કા ખાઈને થાકેલા અરજદારોમાં હવે વહીવટી તંત્રની ઢીલી નીતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કાલોલ તાલુકાના એક પીડિત અરજદારે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, તેમણે જન્મનો દાખલો મેળવવા માટે છેલ્લા છ મહિનાથી જરૂરી તમામ ડોક્યુમેન્ટ્સ, સોગંધનામું તેમજ પેપર નોટિસ આપવા જેવી તમામ કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કરી દીધી છે. તમામ કાગળો જમા કરાવ્યાને પણ બે મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી તેમને સર્ટિફિકેટ આપવામાં આવ્યું નથી.

અરજદારે આક્રોશ સાથે જણાવ્યું કે, છેલ્લા બે અઠવાડિયામાં તેઓ ત્રણ વખત કચેરીએ ધક્કા ખાઈ ચૂક્યા છે, પરંતુ દર વખતે કચેરીના સ્ટાફ દ્વારા એક જ બાના હેઠળ "ફાઈલ મામલતદારની સહીમાં છે" તેવો ઉડાઉ જવાબ આપીને રવાના કરી દેવામાં આવે છે.

એક સામાન્ય સહી જેવા કામ માટે અરજદારોને મહિનાઓ સુધી ટલ્લે ચડાવવામાં આવતા વહીવટી પારદર્શિતા સામે મોટા સવાલો ઊભા થયા છે. અંતરિયાળ ગામડાઓમાંથી આવતા સામાન્ય ગરીબ પ્રજાજનોને નાની નાની કામગીરી માટે વારંવાર કચેરીના ધક્કા ખાવા પડતા હોવાથી તેમનો સમય અને ભાડાના નાણાં બંને વેડફાઈ રહ્યા છે.

આ ગંભીર સમસ્યાને પગલે સ્થાનિક પ્રજાજનોએ વિસ્તારના જનપ્રતિનિધિ ધારાસભ્ય અને માનનીય સાંસદ સભ્ય સમક્ષ ઉગ્ર માંગ કરી છે. લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ: કાલોલ તાલુકા પંચાયત હેઠળની ગ્રામ પંચાયતોના તલાટીઓ અને અન્ય સરકારી કર્મચારીઓ પ્રજાના કામો સમયસર કરે તે માટે નેતાઓ દ્વારા કડક ટકોર કરવામાં આવે. અરજદારે પોતાની ફરિયાદ રજૂ કરવા માટે સ્થાનિક ધારાસભ્યનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કમનસીબે તેમની સાથે વાતચીત થઈ શકી નહોતી.

સ્થાનિક લોકોનું સ્પષ્ટ માનવું છે કે જો લોકપ્રતિનિધિઓ સરકારી કચેરીઓની કામગીરી પર નિયમિત દેખરેખ (સરપ્રાઈઝ ચેકિંગ) રાખે, તો જ વહીવટી તંત્ર પાટા પર આવી શકે છે. તાલુકાની જનતાએ માંગ કરી છે કે બેજવાબદાર કર્મચારીઓની કામગીરીનું સમયાંતરે મૂલ્યાંકન કરવામાં આવે, જેથી સરકારી તંત્ર વધુ પારદર્શક, ઝડપી અને પ્રજાભિમુખ બની શકે.

## ટ્રિપલ તલાક કેસમાં વર્ષો બાદ પણ ન્યાય નહીં!

# પાલેજ પોલીસની કામગીરી સામે સવાલો, પીડિતાની SP સમક્ષ રજુઆત બાદ જવાબદારો સામે કાર્યવાહી થશે ખરી?

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના પાલેજ પોલીસ મથકે નોંધાયેલા ગંભીર ગુનામાં મુખ્ય આરોપીની પાંચ વર્ષ સુધી ધરપકડ ન થતાં હવે સમગ્ર પોલીસ તંત્ર સામે સવાલો ઊભા થયા છે. આમોદના એક વિસ્તારમાં રહેતી પરિણીતાએ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકને કરેલી લેખિત ફરિયાદમાં સીધો આક્ષેપ કર્યો છે કે, FIR ગુના રજીસ્ટર નં. 11199039210405 ના મુખ્ય આરોપી હુસેન ઐયુબ દિવાનને ઈરાદાપૂર્વક બચાવવામાં આવ્યો છે. અને જવાબદાર પોલીસ કર્મચારીઓએ ફરજમાં ગંભીર બેદરકારી દાખવી છે. ફરિયાદ મુજબ, પરિણીતા છેલ્લા પાંચ વર્ષથી ન્યાય મેળવવા માટે પોલીસ સ્ટેશન, કોર્ટ અને સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહી છે, છતાં આરોપી સામે કોઈ અસરકારક કાર્યવાહી થઈ નથી. મહિલાએ આક્ષેપ કર્યો છે કે, તેનો પતિ અને કેસનો મુખ્ય આરોપી હુસેન ઐયુબ દિવાન લાંબા સમયથી વિદેશમાં રહી કાયદાની પકડથી બચતો રહ્યો છે. કોર્ટ દ્વારા પાઠવવામાં આવેલી નોટિસોની પણ વારંવાર અવગણના કરવામાં આવી હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. ફરિયાદમાં વધુ ગંભીર ખુલાસો એ થયો છે કે, લગભગ બે મહિના પહેલાં આરોપી સાઉદી અરેબિયાથી પોતાના વતન ટંકારિયા ગામે આવ્યો હોવાની વિશ્વસનીય માહિતી મહિલાને મળી હતી. આ અંગે 10 માર્ચ 2026ના રોજ પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરીને આરોપીની તાત્કાલિક ધરપકડ, પાસપોર્ટ જપ્તી અને Look Out Circular જાહેર કરવાની માંગ પણ કરવામાં આવી હતી.

> **પાંચ વર્ષથી ન્યાય માટે ભટકતી મહિલાનો આક્રોશ, આરોપી દેશ છોડીને ભાગી ગયો? પોલીસ શું કરતી હતી?**

ત્યારબાદ પાલેજ પોલીસે તપાસ કરી આરોપી વિદેશથી આવ્યો જ ન હોવાનું જણાવ્યું હતું. પરંતુ સ્થાનિક લોકો અને મહિલાના શુભેચ્છકો પાસેથી મળેલી માહિતી મુજબ આરોપી ખરેખર ટંકારિયા આવ્યો હતો અને પોતાના ઘરમાં સંતાઈને રહેતો હતો.

એટલું જ નહીં, પોલીસે તેના સંપર્કમાં આવી હોવા છતાં કાયદેસરની કાર્યવાહી કર્યા વગર તેને છોડી દીધો હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ અનુસાર, જો આ સમગ્ર મામલો સાચો હોય તો તે માત્ર બેદરકારી નહીં પરંતુ ન્યાયિક પ્રક્રિયા સાથેનો ગંભીર ચેડો ગણાય. એક તરફ પીડિત મહિલા વર્ષો સુધી ન્યાય માટે ભટકે અને બીજી તરફ મુખ્ય આરોપી સરળતાથી દેશ છોડીને સાઉથ આફ્રિકા ભાગી જાય, તો તે પોલીસ તંત્રની કામગીરી અને કાયદા વ્યવસ્થાની વિશ્વસનીયતા સામે ગંભીર પ્રશ્નચિહ્ન ઉભું કરે છે.




### કલેક્ટરને આવેદનપત્ર આપી કાર્યવાહીની માંગ

# ભરૂચમાં આદિવાસી જમીનો પચાવી પાડવાનો આક્ષેપ કરાયો

ભરૂચ, રંગુની જાકીર



ભરૂચ જિલ્લાના પાંચમી અનુસૂચિત વિસ્તારોમાં આદિવાસી જમીનોના કથિત ગેરકાયદે હસ્તાંતરણ, પર્યાવરણને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ અને વાઘપુરા સ્થિત સિલિકા પ્લાન્ટ દુર્ઘટના મામલે કડક કાર્યવાહીની માંગ સાથે આદિવાસી આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું. ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સંદીપ વસાવા, ડો. ભાવિન વસાવા, સર્જન વસાવા, રોબિન્સ ભગત, કલ્પેશ દેસાઈ, ધર્મેશ પટેલ અને રંજનબેન વસાવા સહિતના આદિવાસી આગેવાનોએ રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકાના પાંચમી અનુસૂચિ હેઠળ આવતા વિસ્તારોમાં ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ 73-AAનો ભંગ કરીને આદિવાસીઓની જમીનો ગેરકાયદેસર રીતે કબજે કરવામાં આવી રહી છે. આવેદનપત્રમાં વધુમાં જણાવાયું હતું કે પેસા એક્ટ અને બંધારણીય જોગવાઈઓની અવગણના કરીને આ વિસ્તારોમાં ગેરકાયદેસર માઈનિંગ, સ્ટોન ક્રશર અને સિલિકા વોશિંગ પ્લાન્ટ્સ કાર્યરત છે, જેના કારણે પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત, વાઘપુરા ખાતેના ઓલસીલ સિલિકા પ્લાન્ટમાં બેદરકારીના કારણે થયેલા માનવ મૃત્યુના મામલે જવાબદારો સામે કડક ફોજદારી કાર્યવાહી કરવાની માંગ પણ કરવામાં આવી છે. આગેવાનોએ રજૂઆતમાં જણાવ્યું કે દુર્ઘટના બાદ માત્ર ટ્રક ચાલક સામે કાર્યવાહી કરાઈ છે, જ્યારે પ્લાન્ટ સંચાલકો અને માલિકોની બેદરકારી સામે કોઈ પગલાં લેવાયા નથી. શોકોઝ નોટિસ અપાયા છતાં પ્લાન્ટ બંધ ન કરાતા, જવાબદાર અધિકારીઓ અને સંચાલકો સામે માનવવધનો ગુનો નોંધવાની માંગ પણ કરાઈ છે. આ ઉપરાંત, ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકામાં કલેક્ટરની પૂર્વ મંજૂરી વિના બાનાખત કે અન્ય ગેરકાયદે દસ્તાવેજોના આધારે આદિવાસીઓ પાસેથી પડાવી લેવાયેલી જમીનો સરકાર ખાલસા કરીને મૂળ ખાતેદારોને પરત સોંપે તેવી માંગ કરાઈ હતી.

### બે આરોપીઓ ઝડપાયા, છ વોન્ટેડ જાહેર

# તાપીના સોનગઢમાં SMCની દારૂ રેડ : 24.18 લાખનો વિદેશી દારૂ અને બોલેરો પીકઅપ જપ્ત

સોનગઢ



સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) ગાંધીનગરની ટીમે તાપી જિલ્લાના સોનગઢ વિસ્તારમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ મોટી કાર્યવાહી હાથ ધરી રૂ. 24.18 લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. દરોડા દરમિયાન મોટી માત્રામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL), વાહન, મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, SMCની ટીમે બાતમીના આધારે સોનગઢ તાલુકાના નમસ્તે સર્કલ નજીક NH-174 ઉપર ઉકાઈથી સોનગઢ જતાં માર્ગ પર, મલ્હાર ફેન્સી ડોસા સામે દરોડો પાડ્યો હતો. દરમિયાન એક બોલેરો પીકઅપ વાહનની તપાસ કરતાં તેમાં અલગ-અલગ બ્રાન્ડની કુલ 3900 IMFL બોટલો મળી આવી હતી. પોલીસે અંદાજે રૂ. 14,01,132 કિંમતનો દારૂ કબજે કર્યો હતો.

દરોડા દરમિયાન રૂ. 10 લાખ કિંમતનું વાહન, બે મોબાઈલ ફોન કિંમત રૂ. 10 હજાર, 72 બોક્સ કિંમત રૂ. 7,200 તેમજ રોકડા રૂ. 350 મળી કુલ રૂ. 24,18,682નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે મહારાષ્ટ્ર રાજ્યના ધુલિયા જિલ્લાના ભોંગાંવ ગામના રહેવાસી ધીરેન્દ્ર ભાસ્કર દેવરે (ઉ.વ. 43) અને વિકાસ રાજુરામ મેઘવાલ (ઉ.વ. 19)ની ધરપકડ કરી હતી. બંને આરોપીઓને સોનગઢ પોલીસ મથકના હવાલે કરવામાં આવ્યા છે. આ મામલે ગુજરાત પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો ઉપરાંત ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

તપાસ દરમિયાન દારૂ સપ્લાય કરનાર સુરત અને મહારાષ્ટ્રના ચાર શખ્સો, દારૂ સ્વીકારનાર બે વ્યક્તિઓ તથા બોલેરો પીકઅપના માલિક સહિત કુલ છ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# ગઢના સામઢી નજીકથી શંકાસ્પદ ઘીનો મોટો જથ્થો ઝડપાયો

### પોલીસે જ્યારે ડાલાની તલાશી લીધી ત્યારે તેમાંથી 'રિવાજ બ્રાન્ડ'ના પ્રીમિયમ ગાયના ઘીના 15-15 કિલોના સીલબંધ 176 ડબ્બા મળી આવ્યા હતા

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં જન આરોગ્ય સાથે ચેડાં કરીને કાળી કમાણી કરતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. પાલનપુર તાલુકાના ગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ઓ.જી. (SOG) પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન એક મોટી સફળતા મેળવી છે. પોલીસે બાતમીના આધારે સામઢી (મોટાવાસ) ગામ નજીક વોચ ગોઠવીને શંકાસ્પદ ઘીની હેરાફેરી કરતું એક પિકઅપ ડાલુ ઝડપી પાડ્યું છે, જેમાંથી અંદાજે રૂ. 16.72 લાખની કિંમતનો ઘીનો જથ્થો મળી આવ્યો છે.

મળતી વિગતો મુજબ, બનાસકાંઠા જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરીને લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમતા વેપારીઓ સામે ફૂડ વિભાગ અને પોલીસ સતત એક્શનમાં છે. આ દરમિયાન પાલનપુર એસ.ઓ.જી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે સામઢી (મોટાવાસ)થી આસેડા જતા રોડ પર કેનાલ પાસેથી શંકાસ્પદ ઘીનો જથ્થો પસાર થવાનો છે. બાતમીના



આધારે પોલીસે કેનાલ પાસે વોચ ગોઠવીને એક શંકાસ્પદ પિકઅપ ડાલાને અટકાવ્યું હતું.

પોલીસે જ્યારે ડાલાની તલાશી લીધી ત્યારે તેમાંથી 'રિવાજ બ્રાન્ડ'ના પ્રીમિયમ ગાયના ઘીના ૧૫-૧૫ કિલોના સીલબંધ ૧૭૬ ડબ્બા મળી આવ્યા હતા. પોલીસે ડાલાના ચાલક જાલમસીંગ જાનસીંગ સોલંકી (રહે. સામઢી, મોટાવાસ)ની પૂછપરછ કરી હતી કે આ ઘી ક્યાંથી લાવવામાં આવ્યું છે અને ક્યાં લઈ જવાઈ રહ્યું છે, પરંતુ ચાલક આ અંગે કોઈ સંતોષકારક જવાબ કે આધારભૂત પુરાવા રજૂ કરી શક્યો ન હતો.

આથી પોલીસે રૂ. ૧૬.૭૨ લાખની કિંમતનો ૧૭૬ ડબ્બા શંકાસ્પદ ઘીનો જથ્થો અને પિકઅપ ડાલા સહિત કુલ રૂ. ૧૯.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગઢ પોલીસ મથકે આ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઘી અસલી છે કે ભેળસેળયુક્ત, તેની સચોટ તપાસ કરવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરવામાં આવી છે. ફૂડ વિભાગ દ્વારા ઘીના સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરાશે, જેના રિપોર્ટ બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસની આ કડક કાર્યવાહીથી ભેળસેળિયા માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# બકરી-ઈદ પૂર્વે સો.મીડિયા પર ધાર્મિક લાગણી દુભાવનાર કુખ્યાત 'દીકુડો' વલસાડથી ઝડપાયો, 15 ગુનાનો ઈતિહાસ

વલસાડ

વલસાડ પોલીસે સોશિયલ મીડિયાના માધ્યમથી સમાજમાં વૈમનસ્ય અને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરનારા એક રીઢા ગુનેગારને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પવિત્ર તહેવાર બકરી-ઈદ પૂર્વે ઈન્સ્ટાગ્રામ પર વિવાદિત લાઈવ વિડીયો કરીને હિન્દુ સમાજની ધાર્મિક લાગણી દુભાવનાર કુખ્યાત શખ્સ 'દીકુડો' ઉર્ફે દિક્ષિતને પોલીસે વલસાડથી દબોચી લીધો છે. પકડાયેલો આરોપી કોઈ સામાન્ય ગુનેગાર નથી, પરંતુ તેની સામે અગાઉ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૧૫ જેટલા ગંભીર ગુના નોંધાઈ ચૂક્યા છે. મળતી વિગતો મુજબ, આગામી દિવસોમાં આવી રહેલા બકરી-ઈદના તહેવારને ધ્યાનમાં રાખીને જ્યારે પોલીસ તંત્ર શાંતિ સમિતિની બેઠકો યોજી રહ્યું છે, ત્યારે આ કુખ્યાત આરોપીએ વાતાવરણ ડહોળવાનો હીન પ્રયાસ કર્યો હતો.

આરોપી 'દીકુડા'એ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી લાઈવ થઈને એક ચોક્કસ સમુદાય અને તેમની ધાર્મિક આસ્થાઓ વિરુદ્ધ અત્યંત વાંધાજનક અને ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરી હતી. આ વિડીયો વાયરલ થતાં જ સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો અને ધાર્મિક લાગણી દુભાઈ હોવાની ફરિયાદો ઉઠી હતી.

ઘટનાની ગંભીરતાને સમજીને વલસાડ પોલીસ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી. સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસની ટીમોએ ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીનું લોકેશન ટ્રેસ કર્યું હતું અને ગણતરીના કલાકોમાં જ તેને વલસાડ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ શખ્સનો ગુનાહિત ઈતિહાસ ઘણો લાંબો છે. તેની સામે અગાઉ મારામારી, લૂંટ, ધમકી અને સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાવવા સહિતના ૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તહેવારોના સમયે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસે આ શાતિર ગુનેગાર સામે કડક કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં બે અકસ્માતમાં 7 લોકોનો આબાદ બચાવ

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર પંથકમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માત થયા હતા. આ ઘટનાઓમાં કુલ 7 લોકોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતોના કારણે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. પ્રથમ ઘટના નેશનલ હાઈવે નંબર 48 પર રાજપીપળા ચોકડી ઓવરબ્રિજ નજીક બની હતી, જ્યાં બે ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતને કારણે હાઈવે પર લાંબો ટ્રાફિકજામ થયો હતો, જેનાથી વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને ટ્રાફિક વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તેમણે વાહનવ્યવહારને ફરીથી સામાન્ય બનાવવા માટે કામગીરી હાથ ધરી હતી.

# અંકલેશ્વર પોલીસની સપાટો : પોક્સો કેસમાં એક વર્ષથી નાસતો-ફરતો વોન્ટેડ આરોપી સાબરકાંઠાના પોશીનાથી ઝબ્બે

અંકલેશ્વર/ભરૂચ

ભરૂચ જિલ્લાની અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરતાં એક મોટી સફળતા મેળવી છે. સેશન્સ પોક્સો કેસમાં છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપીને નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને સાબરકાંઠા જિલ્લાના છેવાડાના વિસ્તાર પોશીના ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

ભરૂચ પોલીસ અધિક્ષક અક્ષય રાજ અને વડોદરા વિભાગના આઈજી સંદીપ સિંઘ દ્વારા નામદાર કોર્ટ તરફથી ઈસ્યુ થતા વોરંટોના આધારે નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ ચલાવવાની સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે અંકલેશ્વર ડિવિઝનના ઈન્ચાર્જ એએસપી અજયકુમાર મીણાના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ પી.જી. ચાવડા અને તેમની ટીમે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે વર્ષ ૨૦૨૪ માં અંકલેશ્વર શહેર શાકમાર્કેટ ત્રણ રસ્તા પાસેથી એક સગીરાનું અપહરણ થયું હતું. જે અંગે સગીરાની માતાએ અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. આ ગુનામાં આરોપી ક્રિષ્ના ઉર્ફે કનુ રમેશભાઈ લૌર નામદાર કોર્ટમાંથી જામીન ઉપર મુક્ત થયા બાદ કાયદાનો દુરુપયોગ કરીને કોર્ટના સમન્સમાં હાજર રહેતો નહોતો. કોર્ટની કાર્યવાહીમાં સતત ગેરહાજર રહેવાના કારણે નામદાર કોર્ટ દ્વારા સેશન્સ પોક્સો કેસ નંબર ૦૨/૨૦૨૫ માં તેની સામે પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર પોલીસની ટીમે આ વોન્ટેડ આરોપીને પકડવા માટે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સ એટલે કે ખાનગી બાતમીદારોના નેટવર્કનો સહારો લીધો હતો.

પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે આરોપી સાબરકાંઠાના પોશીના વિસ્તારમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી આરોપી ક્રિષ્ના ઉર્ફે કનુને દબોચી લીધો હતો અને તેને નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

# આણંદ-વાસદ હાઈવે પર ભયાનક અકસ્માત : 2ના કમકમાટીભર્યા મોત

### અડાસ નજીક બેફામ કાર શેરડીના કોલા પર ચડી ગઈ

આણંદ



આણંદ-વાસદ હાઈવે પરથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચકચારી અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. અડાસ ગામ પાસે હાઈવેના કિનારે આવેલા એક શેરડીના કોલા પર પૂરઝડપે આવી રહેલી કારના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવી દેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે ત્યાં શેરડીનો રસ પીવા ઉભેલા નિર્દોષ ગ્રાહકોને કચડી નાખ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

મળતી વિગતો મુજબ, અડાસ પાસે હાઈવે પર રોડ કિનારે આવેલા એક શેરડીના કોલા પર કેટલાક ગ્રાહકો રસ પીવા માટે ઉભા હતા. આ દરમિયાન એક કારના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને બેફામ ગતિએ હંકારીને સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી કાર સીધી જ શેરડીના કોલા પર ઉભેલા ગ્રાહકો પર ચડી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે કારની ટક્કર વાગતાં જ બે નિર્દોષ લોકોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. આ દૂર્ઘટનામાં ત્યાં ઉભેલા એક માસૂમ બાળક સહિત અન્ય કેટલાક લોકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતને પગલે હાઈવે પર ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વાસદ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

### ઉમલ્લા ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

# ફીચવાડા-અછાલીયા સહિત 6 ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : LCBએ 2 રીઢા આરોપીઓને ઝડપી પાડ્યા

ભરૂચ

ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં ફીચવાડા ગામે થયેલી રૂ. 25 લાખની મોટી ઘરફોડ ચોરી તેમજ અછાલીયા ગામે થયેલી ચોરી સહિત કુલ 6 ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ઉકેલી બે રીઢા આરોપીઓને ઝડપી પાડ્યા છે. જ્યારે અન્ય ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગત તા. 14-15 મે 2026ની રાત્રે ફીચવાડા ગામે અજાણ્યા તસ્કરો દ્વારા મકાનની બારી મારફતે ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ. 25 લાખની ચોરી કરવામાં આવી હતી. ત્યારબાદ થોડા દિવસોમાં જ




અછાલીયા ગામે પણ સમાન પ્રકારની ઘરફોડ ચોરીનો બનાવ બનતા પોલીસ તંત્ર સતર્ક બન્યું હતું. ઉમલ્લા પોલીસ તથા ભરૂચ LCBની ટીમે CCTV ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન દિનેશ પટેલીયા અને ખાટાભાઈ વાઘેલા નામના શખ્સો પર શંકા જતા બંનેને અંકલેશ્વરના બકરા બજાર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંને આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ મૂળ સૌરાષ્ટ્રના અને હાલ સુરત ખાતે રહેતા જાદવ પરમાર તથા ગોવીંદ મકવાણા સાથે મળીને છેલ્લા પાંચ વર્ષથી ઉમલ્લા, રાજપારડી અને ઝઘડિયા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓ કરતા હતા.

આરોપીઓ મહિલાઓના વાળની ઘૂંચ ખરીદવાના બહાને દિવસ દરમિયાન ગામોમાં ફરી બંધ મકાનોની રેકી કરતા હતા. રાત્રિના સમયે બે અલગ-અલગ બાઈક પર આવી સ્લાઈડર વિન્ડો અથવા દરવાજાના નકુચા પાસે કાણા પાડી સ્ટોપર ખોલી ઘરમાં પ્રવેશી ચોરી અંજામ આપતા હતા.

### આંકલાવ પંથકમાં અરેરાટી

# આસોદર ગામના કરનેટપુરા તળાવમાં ડૂબી જવાથી 40 વર્ષીય પ્રૌઢનું કમકમાટીભર્યું મોત

આંકલાવ

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના આસોદર ગામેથી એક અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. આસોદર ગામના કરનેટપુરા વિસ્તારમાં આવેલા તળાવમાં એક ૪૦ વર્ષીય વ્યક્તિ ડૂબી જવાની ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, આસોદર ગામના કરનેટપુરા વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય જયંતીભાઈ જેણાભાઈ ગોહેલ કોઈ કારણસર સ્થાનિક તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ અકસ્માતની જાણ આસપાસના લોકોને થતા જ ઘટનાસ્થળે ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિક સ્તરે બચાવવાની પ્રાથમિક કોશિશ નિષ્ફળ રહેતા આ અંગે આંકલાવ પોલીસ મથકને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને સમજીને આંકલાવ પોલીસે વગર કોઈ વિલંબે આણંદ ફાયર બ્રિગેડની ટીમનો સંપર્ક કર્યો હતો. પોલીસનો કોલ મળતા જ આણંદ ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ સહિત ૧૦ અનુભવી તરવૈયાઓની ખાસ ટીમ આધુનિક સંસાધનો સાથે તાત્કાલિક આસોદર ગામે ઘટનાસ્થળે દોડી આવી હતી. તળાવમાં પાણી વધારે હોવાના કારણે રેસ્ક્યૂ ઓપરેશન ઘણું પડકારજનક હતું. આથી ફાયર વિભાગની ટીમે ખાસ બોટ અને પાણીની અંદર જોઈ શકાય તેવા અંડર વોટર કેમેરા (Under Water Camera) ની મદદ લીધી હતી. ૧૦ તરવૈયાઓએ જીવના જોખમે તળાવના ઉંડા પાણીમાં કલાકો સુધી ભારે શોધખોળ આદરી હતી.

ફાયર બ્રિગેડની ટીમની સખત જહેમત બાદ અંતે તળાવના ઊંડા પાણીમાંથી જયંતીભાઈ જેણાભાઈ ગોહેલનો નિશ્ચેતન દેહ બહાર કાઢવામાં આવ્યો હતો. તરવૈયાઓએ મૃતદેહ બહાર કાઢતા જ ત્યાં હાજર પરિવારજનો અને ગ્રામજનોમાં કાળો કકળાટ મચી ગયો હતો. સ્થાનિક પોલીસે મૃતદેહનો કબજો સંભાળીને તેને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની હોસ્પિટલમાં મોકલી આપ્યો છે અને આ અકસ્માત પાછળનું સાચું કારણ જાણવા માટે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

## તંત્રી લેખ...

# વહેતા પાણીએ તો સૌ સાથે ચાલશે, સાચો એ જ જે ડૂબતી વખતે હાથ પકડશે!

જીવનરૂપી સાગરમાં આવતી થપાટો આપણને અમુક એહસાસ કરાવવા પણ આવતી હોય છે, દરિયો ડૂબાડે ત્યારે જ આપણને ખબર પડે કે કોણ આપણને બચાવવા ઊભું છે અને કોણ કાંઠે ઊભું રહીને તમાશો જોવા! આપણી જિંદગી પણ એક અફાટ દરિયા જેવી છે. ક્યારેક તેમાં શાંત લહેરો હોય છે તો ક્યારેક અણધાર્યા તોફાનો આવે છે. જ્યારે દિવસો સારા ચાલતા હોય, આકાશ સાફ હોય અને પવન અનુકૂળ હોય, ત્યારે આપણી હોડીમાં સવાર થવા માટે આખી દુનિયા તૈયાર હોય છે. સુખના સમયે કાંઠે મેળો ભરાય છે અને વાહ-વાહી કરનારાઓની કોઈ કમી નથી હોતી. પરંતુ સાચી કસોટી ત્યારે થાય છે જ્યારે જિંદગીના દરિયામાં મુશ્કેલીઓની થપાટો વાગે છે.

થપાટો પાછળનો છૂપો આશીર્વાદ

ઘણીવાર આપણને પ્રશ્ન થાય કે ઈશ્વર આપણા જ જીવનમાં વાવાઝોડાં કેમ મોકલે છે? પણ સત્ય એ છે કે આ થપાટો માત્ર આપણને હેરાન કરવા નથી આવતી, તે આપણી આંખો ખોલવા અને અમુક કડવા એહસાસ કરાવવા માટે આવતી હોય છે. જ્યારે બધું બરાબર ચાલતું હોય ત્યારે આપણને દરેક ચહેરો હસતો અને પોતાનો લાગે છે. પરંતુ જેમ દરિયાની ભરતી કાંઠે છુપાયેલા પથ્થરોને બહાર લાવી દે છે, તેમ જિંદગીની મુશ્કેલીઓ લોકોના અસલી ચહેરા બહાર લાવે છે.

કાંઠાના તમાશબીન વિરુદ્ધ વહારે આવનારા શૂરવીર

જ્યારે આપણી આર્થિક, સામાજિક કે પારિવારિક હોડી ડગમગવા લાગે અને આપણે ડૂબવા માંડીએ, ત્યારે આસપાસનું દ્રશ્ય એકદમ બદલાઈ જાય છે. એ સમયે બે પ્રકારના લોકો સામે આવે છે:



પ્રથમ એ લોકો, જેઓ આપણને ડૂબતા જોઈને કાંઠે ઊભા રહી જાય છે. તેઓ માત્ર તમાશો જુએ છે, સહાનુભૂતિનો ડોળ કરે છે, પણ મદદનો હાથ લંબાવવાની જગ્યાએ સલાહના બે શબ્દો આપીને આઘા ખસી જાય છે. ક્યારેક તો એ તમાશબીનોમાં આપણા પોતાના જ વ્હાલાઓ પણ સામેલ હોય છે.

બીજા એ દેવદૂતો, જેઓ આપણને બચાવવા માટે ખુદ એ તોફાની દરિયામાં કૂદી પડે છે. તેઓ આપણી ભૂલો નથી ગણાવતા, તેઓ આપણી પરિસ્થિતિનો ફાયદો નથી ઉઠાવતા, બસ આપણો હાથ પકડીને આપણને હેમખેમ કિનારે પહોંચાડવા પોતાની જાત ઝોંકી દે છે.

ડૂબવાનો અફસોસ નહીં, ઓળખનો આનંદ

જીવનમાં જ્યારે પણ આવી પરિસ્થિતિ આવે ત્યારે ડૂબવાનો કે નુકસાન થવાનો અફસોસ કરવા કરતાં, કોણ આપણું છે તેની સાચી ઓળખ થઈ તેનો આનંદ મનાવવો જોઈએ. મુશ્કેલીઓ એક ફિલ્ટર જેવી છે, જે કચરાને દૂર કરી દે છે અને સાચા સોનાને આપણી પાસે રહેવા દે છે.

તેથી જ, જો અત્યારે તમારા જીવનમાં મુશ્કેલીઓનો દરિયો તોફાને ચઢ્યો હોય તો ગભરાશો નહીં. શાંતિથી નજર ફેરવીને જોઈ લેજો કે કોણ કાંઠે ઊભું રહીને તમાશો જુએ છે અને કોણ તમારી વહારે આવ્યું છે. કારણ કે આ એહસાસ જ તમને ભવિષ્યમાં સાચા અને ખોટા લોકો વચ્ચેનો ભેદ સમજાવશે અને જિંદગી જીવવાની નવી તાકાત આપશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# નૌતપા : દેશભરમાં આકાશમાંથી આગ વરસાવતી ગરમીનો કેર !

**દેશમાં એપ્રિલ મહિનાથી જ ગરમીનો પારો વધવા લાગ્યો હતો તેમાંય મે મહિનામાં તો ગરમી માઝા મુકી છે. ચામડી દઝાડતી ગરમીને કારણે ઉત્તરથી દક્ષિણ ભારત સુધીના લોકો ત્રસ્ત થઈ ગયા છે.**

દેશમાં એપ્રિલ મહિનાથી જ ગરમીનો પારો વધવા લાગ્યો હતો તેમાંય મે મહિનામાં તો ગરમી માઝા મુકી છે. ચામડી દઝાડતી ગરમીને કારણે ઉત્તરથી દક્ષિણ ભારત સુધીના લોકો ત્રસ્ત થઈ ગયા છે. તેમાંય સોમવારથી નૌતપાનો પ્રારંભ થયો છે અને તેની સાથે જ દેશમાં ગરમીનો વધુ એક આકરો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. નૌતપાના નવ દિવસ દરમિયાન મધ્ય અને ઉત્તર ભારતમાં અસહ્ય ગરમી પડે છે. મે મહિનાના અંતિમ અઠવાડિયાઓમાં જ્યોતિષ શાસ્ત્રના આધારે નૌતપાની સિઝન આવતી હોય છે. સૂર્યનો રોહિણી નક્ષત્રમાં પ્રવેશ થતાની સાથે જ નૌતપાની શરૂઆત થઈ જાય છે. માન્યતા એવી છે કે, નૈતપા દરમિયાન સૂર્ય જેટલો વધારે આકરો થાય છે તેટલો જ વરસાદ વધારે સારો થાય છે. જો કે આ નૌતપા વિશે વિજ્ઞાન અને જ્યોતિષ શાસ્ત્ર વચ્ચે મતભેદ છે છતાં તેની અસરો સર્વસ્વીકૃત છે. ઉલ્લેખનીય છે કે, નૌતપા ભારતીય પંચાગનો અને જ્યોતિષશાસ્ત્રનો એક શબ્દ છે. ખાસ કરીને ઉત્તર અને મધ્ય ભારતમાં તેનો વધારે ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. નવ અને તાપ એમ બે શબ્દો ભેગા કરીને નૌતપા શબ્દ બનાવવામાં આવ્યો છે. તેનો અર્થ થાય છે કે, નવ દિવસ સુધી ગરમી પડવી. સૂર્ય રોહિણી નક્ષત્રમાં ૧૫ દિવસ સુધી રહે છે. તેમાં શરૂઆતના ૯ દિવસ આકરી ગરમી પડે છે. ખાસ વાત એવી છે કે, વૈજ્ઞાનિકો આ વાતને અધિકારીક રીતે સ્વીકારતા નથી. હવામાન ખાતામાં પણ કે તુચક્રની વહેંચણીમાં પણ આવી કોઈ કેટેગરી આપવામાં આવી નથી. તેમ છતાં વૈજ્ઞાનિકો આ સમયગાળા દરમિયાન પડનારા તાપ અને અસહ્ય ગરમીને નકારી શકતા નથી. આ વાતને જો સાયન્ટિફિકલી જોઈએ તો એવું કહેવાય છે કે, સૂર્ય જ્યારે રોહિણી નક્ષત્રમાં પ્રવેશે ત્યારે તે કર્ક રેખાની વધારે નજીક આવે છે. તેના કારણે સૂર્યના કિરણો સીધા જ ભારત ઉપર પડવા લાગે છે. સૂર્યના કિરણો સીધા જ પડતા હોવાથી ગરમી વધે છે, જમીન ગરમ થવા લાગે છે, વાતાવરણમાં રહેલો ભેજ સુકાવા લાગે છે અને સુકા તથા ગરમ પવનો વહેતા થાય છે. તેને આપણે પારંપરિક રીતે લૂ કહીએ છીએ. બીજી તરફ આ તબક્કાને પ્રિ મોનસૂન પિરિયડ પણ કહેવામાં આવે છે. જાણકારોના મતે જ્યારે જમીન વધારે ગરમ થાય ત્યારે લો પ્રેશર સિસ્ટમ એક્ટિવિટે થાય છે અને તેનાથી ચોમાસું આવવાની સ્થિતિ સર્જાય છે. નૌતપા દરમિયાન પૃથ્વીનો ઉત્તરી ગોળાર્ધ સૂર્ય તરફ વધારે નમેલો હોય છે. તેના કારણે સૂર્યનો સીધો પ્રકાશ ઉત્તરી ભાગ ઉપર પડે છે. સરળ ભાષામાં કહીએ તો શિયાળા દરમિયાન સૂર્યના કિરણો પૃથ્વી ઉપર સીધા નહીં પણ ત્રાંસા પડે છે. તેના કારણે ઓછી ગરમી લાગે છે. બીજી તરફ એપ્રિલ અને મે આવતા સુધીમાં આ કિરણો સીધા થઈ જાય છે અને તેના કારણે સૂર્યનો તાપ અને ઊર્જા સીધા અને વધારે પ્રમાણમાં પૃથ્વી સુધી આવે છે. જેમ આપણે ટોર્ચ વાપરીએ છીએ ત્યારે તેને ત્રાંસી રાખીએ તો તેનો પ્રકાશ ફેલાયેલો લાગે છે પણ જ્યારે ટોર્ચ સીધી હોય તો તે એક જ દિશામાં કેન્દ્રિત હોય છે. સૂર્યનું પણ આવું જ થતું હોય છે. ઉલ્લેખનીય છે કે, આ દરમિયાન સમજવું પડશે કે હીટવેવ અને નૌતપામાં ઘણો તફાવત છે. સામાન્ય રીતે જ્યારે સરેરાશ કરતા ૪ થી ૫ ડિગ્રી વધારે તાપમાન થઈ જાય ત્યારે તેને હીટવેવ કહેવામાં આવે છે. તેની કોઈ નિશ્ચિત મર્યાદા હોતી નથી. ગરમ હવાનું પ્રેશર, ભેજનો અભાવ અને અલનીનો પ્રભાવને આધારે હીટવેવની અસર રહેતી હોય છે. બીજી તરફ નૌતપા એક ખગોળીય ઘટના છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે તે ૯ દિવસની ઘટના છે. સૂર્ય કર્ક રેખાની નજીક આવે અને રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારે ધરતી ઉપર સૂર્યના કિરણો સીધા પડવા લાગે છે. જમીન પહેલા કરતા વધારે સુકી થઈ જાય છે, ભેજ ઓછો થઈ જાય છે અને પવન પણ શુષ્ક અને વધુ ગરમ થઈ જાય છે. તેના કારણે તેને નૌતપા કહેવાય છે. તેની નવ દિવસની જ મર્યાદા હોય છે. જાણકારોના મતે ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે ગરમીમાં અસહ્ય વધારો થયો છે. તેમાંય ગ્લોબલ વોર્મિંગના કારણે હીટવેવનું પ્રમાણ અને તિવ્રતા પણ અસહ્ય રીતે વધ્યા છે. આ ગરમી સતત વધે છે અને તેની સાથે જ્યારે નૌતપાનો સમયગાળો આવે છે ત્યારે ચામડી દઝાડતી ગરમી પડતી હોય તેમ લાગે છે. તેના કારણે નૌતપા ઘાતક બની જાય છે. તેના કારણે માત્ર માણસો ઉપર જ અસર પડે છે તેવું નથી.

# સોશિયલ મીડિયા પર ઉભરી આવેલી કોકરોચ જનતા પાર્ટી યુવાનોના ગુસ્સાનું પ્રતીક બની ગઈ

સ્ત્રીઓ જેમ કોકરોચ જોઈને ભાગે એમ દેશના રાજનેતાઓ કોકરોચ જનતા પાર્ટીથી ભડકી ગયા છે ને નૈતિક નાસભાગ તો મચી જ ગઈ છે. દેશની સર્વોચ્ચ અદાલતમાંથી પડઘાયેલો એક શબ્દ વિકરાળ સ્વરૂપે પ્રતિધ્વનિત થતાં પરંપરિત રાજકીય પક્ષો અને શાસકોના પાયા ભૂકંપ જેમ હલી ગયા છે. વળી તેઓ એવો દેખાવ કરે છે કે તેમને જાણે કે આ નવા વા-વંટોળ વિશે કંઈ ખબર જ નથી. પરંતુ રાતોરાત ઉભો થયેલો આ રાજકીય નિરાકાર ને અલખ નિરંજન જેવો છાયા પક્ષ બહુ જ લાંબા પડછાયા ધરાવે છે. આ પક્ષને પોતાને કોઈ આકાર નથી તો પણ એનો પડછાયો છેક ઈ. સ. ૧૮૫૭ થી ૨૦૨૬ વચ્ચે એક સીધી રેખા દોરે છે. ખરેખર આ ફિલ્મ નથી પણ ટ્રેલર છે. મતલબ કે કોકરોચ પ્રકરણને મજાકમાં લેશો નહિ. ભવૈંની ટિપ્પણી પછી સોશિયલ મીડિયા પર ઉભરી આવેલી કોકરોચ જનતા પાર્ટી યુવાનોના ગુસ્સાનું પ્રતીક બની ગઈ છે. બેરોજગારી, મોંઘવારી, શિક્ષણ અને સિસ્ટમથી નારાજ ચ્રૂહ-ઢ સમુદાય ઝડપથી આ ચળવળમાં જોડાયો છે. ઈન્સ્ટાગ્રામ પર લાખો ફોલોઅર્સ મેળવનાર આ ડિજિટલ લહેર પરંપરાગત રાજકારણને પડકાર આપી રહી છે અને યુવાનોની ભાગીદારી પર નવી ચર્ચા જગાવી રહી છે. માનવ નજરમાં વંદાઓને સૌથી ઘૃણાસ્પદ પ્રાણીઓમાંનું એક માનવામાં આવે છે. જોકે, આજે ભારતમાં હજારો યુવાનો હેશટેગ, મીમ્સ અને 'હું પણ એક વંદો છું' જેવા બેનરો દ્વારા વંદાઓ સાથે પોતાને એવા જ રૂપના ઓળખવામાં ગર્વ અનુભવે છે. ફક્ત એક જ અઠવાડિયામાં, આ સુનામી સોશિયલ મીડિયાના વિશાળ સમુદ્રમાં ફેલાઈ ગઈ છે, જેનાથી રાજકીય વર્તુળોમાં દરેકને આઘાત લાગ્યો છે. ૧૫ મેના રોજ એક કેસની સુનાવણી દરમિયાન ભવૈં સૂર્યકાંતની ટિપ્પણીના થોડા કલાકો પછી 'કોકરોચ જનતા પાર્ટી' ઉભરી આવી. મુખ્ય ન્યાયાધીશે બીજા દિવસે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું, પરંતુ બેરોજગારીથી પરેશાન યુવાનો પર તેનાથી કોઈ ફરક પડયો નહીં. બોસ્ટન સ્થિત ૩૦ વર્ષીય વિદ્યાર્થી અભિજીત દિપકે પોતાની 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા લાખો યૌવન હૃદયમાં આગ લગાવી દીધી હતી. માત્ર એક અઠવાડિયામાં ઈન્સ્ટાગ્રામ પર ૨૨ મિલિયનથી વધુ ફોલોઅર્સ મેળવ્યા, જે ભાજપ અને કોંગ્રેસ કરતા વધુ છે. પરિણામે, પરંપરાગત રાજકીય પક્ષોમાં આ પાર્ટી પ્રત્યેની અસ્વસ્થતા સ્વાભાવિક છે. આ અસ્વસ્થતા સોશિયલ મીડિયા પર પણ દેખાય છે. કટ્ટરપંથી ભાજપ સમર્થકો તેને વિપક્ષનું વિદેશી-આધારિત ટૂલકીટ કહી રહ્યા છે. દરમિયાન, ઘણા સોશિયલ મીડિયા પ્રભાવકો તેને ભાજપની 'બી' ટીમ તરીકે દર્શાવી રહ્યા છે. ભાજપના વિરોધીઓનો દલીલ છે કે દીપક અગાઉ છઁઁ સાથે સંકળાયેલા હતા. આમ આદમી પાર્ટી પર ભાજપની 'બી' ટીમ હોવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. દરમિયાન, 'કોકરોચ જનતા પાર્ટી' ટ્વિટર એકાઉન્ટ એક વખત બ્લોક કરવામાં આવ્યું છે. દીપકનો આરોપ છે કે તેમની વેબસાઈટ પણ બંધ કરવામાં આવી હતી અને તેમનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરવામાં આવ્યું છે. જો કે, આનાથી ભવૈંની લોકપ્રિયતા પર કોઈ અસર પડી નથી. લાખો લોકો તેમના નવા એકાઉન્ટમાં જોડાયા છે. ભવૈંનો ઉદય યુવાનોમાં સિસ્ટમ પ્રત્યે અસંતોષનો ઉછાળો છે. પરંતુ આ ઉછાળો હમણાં જ કેમ ઉભો થયો છે? યુવાનોની આ સ્વ-નિંદા કરવાની યુક્તિ આટલી સફળ કેમ થઈ રહી છે? લાંબા સમયથી, યુવાનો બેરોજગારી, મોંઘવારી, નબળી સરકારી આરોગ્ય સંભાળ, મોંઘી શિક્ષણ વ્યવસ્થા અને ઘટતી જતી અર્થવ્યવસ્થા જેવા મુદ્દાઓ પર ઉશ્કેરાયેલા છે. આવી સ્થિતિમાં, શઈઈ પેપર લીક અને પરીક્ષા રદ થયાના થોડા દિવસો પછી જ આવેલા કોકરોચ નિવેદને આગમાં ઘી ઉમેર્યું. આ ઝુંબેશના સમર્થકો કહે છે કે કોકરોચ સિસ્ટમમાંથી ઉધઈનો નાશ કરશે. ભારતમાં સરેરાશ ઉંમર ૨૭ વર્ષ છે. જાપાનમાં તે ૫૦, ચીનમાં ૪૨ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં ૪૦ વર્ષ છે. જોકે, દેશમાં નીતિનિર્માણમાં યુવાનોનું પ્રતિનિધિત્વ વસ્તીમાં તેમના પ્રમાણથી તદ્દન વિપરીત છે. છઘઈ રિપોર્ટ મુજબ, વર્તમાન કેન્દ્ર સરકારમાં ફક્ત ૨૪% મંત્રીઓ ૩૧થી ૫૦ વર્ષની વય જૂથમાં છે. આનો અર્થ એ થયો કે ત્રણ ચતુર્થાંશથી વધુ મંત્રીઓ ૫૦ વર્ષથી વધુ ઉંમરના છે. જોકે, આપણા દેશમાં, ૫૫-૬૦ વર્ષના વ્યક્તિને પણ રાજકારણમાં યુવાન માનવામાં આવે છે. સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. સ્ત્રીઓ જેમ કોકરોચ જોઈને ભાગે એમ દેશના રાજનેતાઓ કોકરોચ જનતા પાર્ટીથી ભડકી ગયા છે ને નૈતિક નાસભાગ તો મચી જ ગઈ છે. દેશની સર્વોચ્ચ અદાલતમાંથી પડઘાયેલો એક શબ્દ વિકરાળ સ્વરૂપે પ્રતિધ્વનિત થતાં પરંપરિત રાજકીય પક્ષો અને શાસકોના પાયા ભૂકંપ જેમ હલી ગયા છે. વળી તેઓ એવો દેખાવ કરે છે કે તેમને જાણે કે આ નવા વા-વંટોળ વિશે કંઈ ખબર જ નથી. પરંતુ રાતોરાત ઉભો થયેલો આ

# બીપી, ડાયાબિટીસ અને હૃદય રોગના દર્દીઓ માટે નવતપા અગ્નિપરીક્ષા સમાન!

હાલમાં નવતપા ચાલી રહ્યા છે. ગરમી તેની પરાકાષ્ઠા પર છે, જે સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો બની શકે છે. ઉચ્ચ તાપમાનમાં શરીરની કુદરતી ઠંડક પ્રણાલી નબળી પડવા લાગે છે. આનાથી અનેક પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. જે લોકોને પહેલેથી કોઈ બીમારી છે, તેમના માટે આ સમય વધુ પડકારજનક બની શકે છે. નાની બેદરકારી તેમના માટે મોટી મુશ્કેલીનું કારણ બની શકે છે. હવે વિગતવાર સમજીએ કે આ સ્વાસ્થ્ય સ્થિતિઓમાં વધુ ગરમી હોય, ત્યારે શું સમસ્યાઓ થાય છે- હૃદય રોગ શ્વાસ ફૂલી શકે છે. છાતીમાં દુખાવો વધી શકે છે. હૃદયના ધબકારા અનિયમિત થઈ શકે છે. બેભાન થઈ શકો છો. ગંભીર કિસ્સામાં હૃદય બંધ પડી શકે છે. લિવર ડિઝીઝ થાક અને નબળાઈ વધી શકે છે. ભૂખ ન લાગવી, ઉલટી જેવા લક્ષણો દેખાઈ શકે છે. પેટ કે પગમાં સોજો વધી શકે છે. ગંભીર કિસ્સાઓમાં લિવર ડેમેજનું જોખમ વધે છે. કિડની ડિઝીઝ યુરિન ફ્રિક્વન્સી (પેશાબનું આવર્તન) ઓછી થઈ શકે છે. શરીરમાં સોજો વધી શકે છે. થાક, ચક્કરની સમસ્યા થઈ શકે છે. પોટેશિયમ/સોડિયમનું સંતુલન બગડવાથી હૃદયના ધબકારા ઘટી-વધી શકે છે. ગંભીર સ્થિતિમાં કિડનીનું કાર્ય બગડી શકે છે. ડાયાબિટીસ બ્લડ શુગર અચાનક ફ્લક્ચ્યુએટ (ઓછું-વધતું) થઈ શકે છે. ડિહાઈડ્રેશન થઈ શકે છે, ખૂબ તરસ લાગી શકે છે. ચક્કર આવી શકે છે, નબળાઈ અનુભવાઈ શકે છે. ઘા/ઈન્ફેક્શન વધી શકે છે. ગંભીર કિસ્સાઓમાં બેભાન અવસ્થા થઈ શકે છે. હાઈ બ્લડ પ્રેશર BP અચાનક લો થઈ શકે છે. ચક્કર આવવા કે બેભાન થઈ શકો છો. BP કંટ્રોલ બહાર જઈ શકે છે. માથાનો દુખાવો, ભારેપણું લાગી શકે છે. નબળાઈ અથવા અસ્થિરતા અનુભવાઈ શકે છે. સ્થૂળતા (ઓબેસિટી) ખૂબ જલ્દી થાક લાગી શકે છે. શ્વાસ ફૂલી શકે છે. વધુ પડતો પરસેવો આવી શકે છે, ડિહાઈડ્રેશન થઈ શકે છે. હીટ એક્ઝોશન/હીટ સ્ટ્રોક થઈ શકે છે. અસ્થમા/COPD શ્વાસ ફૂલવાની સમસ્યા વધી શકે છે. વારંવાર ઉધરસ અથવા વ્હીઝિંગ (સીટી જેવો અવાજ) થઈ શકે છે. છાતીમાં જકડાઈ જવું થઈ શકે છે. વારંવાર ઈન્હેલરની જરૂર પડી શકે છે. ગંભીર કિસ્સાઓમાં અચાનક હુમલો થઈ શકે છે. ગરમીની સાથે ધૂળ/પ્રદૂષણ હોય તો લક્ષણો વધુ બગડી શકે છે.

ઓટોઈમ્યુન ડિઝીઝ રૂમેટોઈડ આર્થરાઈટિસ, લ્યુપસ જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. ખૂબ વધારે થાક થઈ શકે છે. ચક્કર અથવા નબળાઈ થઈ શકે છે. રોગના લક્ષણો અચાનક વધી શકે છે. સાંધામાં દુખાવો/સોજો વધી શકે છે. લ્યુપસમાં ત્વચા પર ફોલ્લીઓ વધી શકે છે. જો ઈમ્યુનોસપ્રેસિવ દવાઓ લઈ રહ્યા છો તો. ચેપનું જોખમ વધી શકે છે. શરીરની ગરમી સહન કરવાની ક્ષમતા ઓછી થઈ શકે છે. જો કોઈને પહેલેથી ક્રોનિક બીમારી હોય, તો શરીરના કેટલાક સંકેતોને બિલકુલ અવગણવા ન જોઈએ. આ સંકેતો હીટ-એગ્ઝોશન અથવા હીટ સ્ટ્રોક જેવી ખતરનાક સ્થિતિ તરફ ઈશારો કરી શકે છે. આ સ્થિતિઓમાં તરત જ ડૉક્ટરનો સંપર્ક કરો- જો બેભાન અવસ્થા આવે. શરીરનું તાપમાન ખૂબ વધી જાય અને હીટસ્ટ્રોકનો ભય હોય. શ્વાસ લેવામાં તકલીફ હોય અથવા ગૂંગળામણ અનુભવાય. છાતીમાં સતત દુખાવો, દબાણ અથવા બળતરા અનુભવાય. હૃદયના ધબકારા ખૂબ ઝડપી, ધીમા અથવા અનિયમિત થઈ જાય.

# મહિલાઓની સુરક્ષાના પોકળ દાવા અને પાંગળા કાયદા વચ્ચે પણ દર વર્ષે મહિલાઓ સામેની હિંસાના લાખો કેસ આવે છે

**એનસીઆરબીના ડેટા પ્રમાણે 2024ના અહેવાલો મુજબ દેશના મેટ્રો શહેરોમાં દહેજના 1008 કેસ નોંધાયા હતા. તેમાંથી કર્ણાટકની રાજધાની બેંગ્લૂરૂમાં 878 કેસ નોંધાયા હતા. ત્યારબાદ લખનઉમાં દહેજના 48 કેસ નોંધાયા હતા. દેશમાં મહિલાઓ સામેના ગુનામાં પતિ કે સાસરીયા દ્વારા અપાયો ત્રાસ કે શારીરિક હિંસા સૌથી વધારે પ્રમાણમાં છે : ઘરેલુ હિંસામાં દેશમાં 2024માં કુલ 1.2 લાખ કેસ નોંધવામાં આવ્યા હતા. આવા કેસમાં 21,266 કેસ સાથે ઉત્તર પ્રદેશ સમગ્ર દેશમાં મોખરે હતું.**

ભારતમાં દહેજપ્રથા સામે આકરા કાયદા લાવવામાં આવેલા છે અને તેનું કથિત રીતે અમલીકરણ થાય છે તેવી બાંગો અને બુમરાણો આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. લગ્નપ્રથામાં દહેજ આપવું, માગવું કે લેવું બધું જ ગુનો ગણવામાં આવે છે. તેમ છતાં તાજેતરમાં જ નોઈડામાં દહેજની સમસ્યાને પગલે બે મહિલાઓના જીવ ગયાની ઘટના સામે આવી છે. તેમને દહેજ માટે પરેશાન કરતી હોવાના આરોપો મુકાયા છે. પાંગળા કાયદા તેની રીતે તપાસ કરે છે અને વર્ષો પછી કદાચ ન્યાય થશે પણ પરિવારોએ પોતાની દીકરી ગુમાવી છે. ત્વિશા શર્મા નામની ૩૩ વર્ષની યુવતી પોતાના સાસરે ભોપાલમાં મૃત અવસ્થામાં મળી આવી હતી. તેના થોડા દિવસ બાદ ગ્રેટર નોઈડાના ઈકોટેક-૩ વિસ્તારમાં દીપિકા નાગર નામની ૨૦ વર્ષની યુવતીએ પોતાના મકાનની છત ઉપરથી મોતની છલાંગ લગાવી દીધી હતી. આ બંને યુવતીના માતા-પિતા દ્વારા દહેજ માટે હેરાનગતી કરાતી હોવાના આરોપ મુકાયા છે. આ બંને કેસ ફરી એક વખત ભારતના કાયદાની છટકબારીઓ અને સમાજના દંભ ઉપર પ્રકાશ પાડે છે જ્યાં કહેવાતા અત્યાધુનિક સમયમાં અને ડિજિટલ યુગમાં પણ દહેજનું દુષણ ગયું નથી. ત્વિશા શર્માની વાત કરીએ તો ૧૨મી મેના રોજ ભોપાલ ખાતે કટારા હિલ્સ વિસ્તારમાં તેના પતિ સમર્થ સિંગના ઘરે તેણે ગળાફાંસો ખાઈ લીધો હતો.

તેઓ ૨૦૨૪માં ડેટિંગ એપ દ્વારા એકબીજાને મળ્યા હતા અને ડિસેમ્બરમાં જ તેમના લગ્ન થયા હતા. ત્વિશાના બાઈ મેજર હર્ષિત શર્માએ જણાવ્યું કે ઘણા સમયથી તેના સાસરીયા દહેજ માટે તેને પરેશાન કરતા હતા. તેમનો આરોપ છે કે, વારંવાર ત્વિશાના સાસરીયા અને પતિ દ્વારા દહેજની માગણી કરાતી હતી અને તેને હેરાન કરવામાં આવતી હતી. તેના મૃત્યુ બાદ ત્વિશા અને તેની માતાની પ્રાઈવેટ વોટ્સએપ ચેટ બહાર આવી હતી. તેમાં તેણે લખ્યું હતું કે, મમ્મી આ ઘરમાં મને બહું જ ગુંગળામણ થાય છે. ત્વિશાના પતિ અને તેની માતા સામે હાલમાં દહેજથી મૃત્યુની કલમ લાગુ કરી કેસ નોંધવામાં આવ્યો છે. બીજા કેસી વાત કરીએ તો દીપિકા નાગર માત્ર ૨૦ વર્ષની યુવતી હતી. તેણે ૧૭મી મેએ પોતાના ઘરના છત ઉપરથી મોતની છલાંગ લગાવી હતી. દીપિકાના પરિવારજનોએ પણ આરોપ મુક્યો હતો કે, પતિ અને સાસરિયા દ્વારા દીપિકાને સતત પરેશાન કરવામાં આવતી હતી. આત્મહત્યા પહેલા તેણે પોતાના માતા-પિતાને ફોન કરીને જણાવ્યું હતું કે, તેના સાસરીયા તેની સાથે મારપીટ કરશે છે. દીપિકાના પિતાનો આરોપ છે કે, તેમની દીકરીએ આત્મહત્યા નથી કરી તેની હત્યા કરી દેવાઈ છે. તેમના મતે દીપિકાના શરીર ઉપર ઈજાના પણ નિશાન હતા. તેવો જ એક કેસ જાન્યુઆરીમાં આવ્યો હતો. તેમાં તો દિલ્હી પોલિસની સ્વાટ ટીમની મહિલા કમાન્ડોની તેના પતિ દ્વારા ભયાનક હત્યા કરવામાં આવી હતી. તેની પાછળ પણ કારણ દહેજ જ હતું. અંકુર દ્વારા તેની ચાર મહિનાની ગર્ભવતી પત્નીની જઘ્યન હત્યા કરાઈ હતી. તેણે તેના માથામાં ડમ્બલ માર્યા હતા અને તેના પગલે તેનું મોત નિપજ્યું હતું. અંકુરે તો કાજલની હત્યા દરમિયાન તેના ભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે, તે કાજલની હત્યા કરી રહ્યો છે. આવા જઘન્ય કિસ્સા




ભારતમાં થઈ રહ્યા છે છતાં આપણે સુઘડ સમાજ અને મજબૂત કાયદાની પોકળ વાતો કરતા રહીએ છીએ. ભારતમાં વર્ષે દહેજના અનેક કેસ સામે આવતા હોય છે. બેંગ્લૂરૂમાં ૨૦૨૪માં દહેજના સૌથી વધારે કેસ નોંધાયા હતા. તે દેશના મેટ્રો શહેરના સૌથી વધારે કેસ હતા. એનસીઆરબીના ડેટા પ્રમાણે ૨૦૨૪ના અહેવાલો મુજબ દેશના મેટ્રો શહેરોમાં દેહજના ૧૦૦૮ કેસ નોંધાયા હતા. તેમાંથી કર્ણાટકની રાજધાની બેંગ્લૂરૂમાં ૮૭૮ કેસ નોંધાયા હતા. અહીંયા દહેજના કેસ નોંધાવાનો દર ૮૭ ટકા હતો. ત્યારબાદ લખનઉમાં દહેજના ૪૮ કેસ નોંધાયા હતા. એનસીઆરબીનો જ ૨૦૨૪નો ડેટા જણાવે છે કે, દેશમાં મહિલાઓ સામેના ગુનામાં પતિ કે સાસરીયા દ્વારા અપાયો ત્રાસ કે શારીરિક હિંસા સૌથી વધારે પ્રમાણમાં છે. દેશમાં ૨૦૨૪માં આવા કુલ ૧.૨ લાખ કેસ નોંધવામાં આવ્યા હતા. આવા કેસમાં ૨૧,૨૬૬ કેસ સાથે ઉત્તર પ્રદેશ સમગ્ર દેશમાં મોખરે હતું.

અહીંયા પતિ અને સાસરીયા દ્વારા મહિલાઓને ત્રાસ આપવામાં આવે સ્વાભાવિક ઘટના થઈ ગઈ છે. બીજી તરફ રાજસ્થાન આ કિસ્સામાં બીજા ક્રમે આવે છે. તેમાં ૧૦,૫૭૮ કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં પણ ૧૦,૫૩૮ કેસ નોંધાયા હતા. તેના કારણે તે ત્રીજા ક્રમે આવ્યું હતું. કર્ણાટકમાં પણ ૨૯૪૭ કેસ નોંધાયા હતા. ચિંતાજનક બાબત એ છે કે, ૨૦૧૭થી ૨૦૨૨ સુધી સતત દેશમાં દર વર્ષે ૭,૦૦૦થી વધારે મહિલાઓના મોત દહેજ પ્રથાના કારણે થયા છે. દહેજના કારણે મૃત્યુના કેસમાં ૧૯ મેટ્રો શહેરમાં દિલ્હીમાં સૌથી વધારે કેસ નોંધાયા હતા જે મેટ્રો સિટીમાં સૌથી વધારે છે. આશ્ચર્યની વાત એ છે કે, છેલ્લાં પાંચ વર્ષથી દહેજના લીધે થતા મૃત્યુના કેસમાં દિલ્હી ટોચના સ્થાને જ આવે છે. દિલ્હીમાં ૧૧૧ પારિવારિક આરોપીઓ સામેના કેસની સાથે કુલ ૧૦૯ દહેજના કારણે થયેલા મોતના કેસ નોંધાયા હતા. આ ઉપરાંત કાનપુર આવા કિસ્સામાં બીજા ક્રમે આવે છે. અહીંયા ૨૦૨૪માં દહેજના કારણે થતા ગુના અને મૃત્યુના કુલ ૫૪ કેસ નોંધાયા હતા. તેવી જ રીતે પટનામાં ૩૧ કેસ નોંધાયા હતા. આ સિવાય બેંગ્લૂરૂમાં દહેજના કારણે થયેલા મોતના ૨૪ જ્યારે હૈદરાબાદમાં આવા ૧૪ કેસ નોંધાયા હતા. ચેન્નઈ, કોઝિકોડ, કોચી, કોઈમ્બતુર સહિત બીજા સાઉથ ઈન્ડિયાના શહેરોમાં દહેજના કારણે મોતના કોઈ કેસ આવ્યા નહોતા. મહત્ત્વની વાત એ છે કે દેશમાં હજી પણ આટલી જડતા સાથે દહેજપ્રથા કેમ અમલમાં છે તે સમજવું પડશે. નવાઈની વાત એ છે કે, ૧૯૬૧માં બીએનસની કલમ ૮૦ હેઠળ તથા આઈપીસીની કલમ ૩૦૪બી હેઠળ દહેજ લેવા કે દહેજના કારણે થતા મોતમાં કેસ દાખલ કરવામાં આવતો હતો. તેમાં પણ લગ્નના સાત વર્ષની અંદર આવી ઘટનાઓ બનતી ત્યારે કેસ વધુ આકરો થતો હતો. તેના મૃત્યુ પહેલાં દહેજ માટે મારપીટ થઈ હોય, માનસિક ત્રાસ આપવામાં આવ્યો હોય કે અન્ય કોઈ બાબત બની હોય તો તેની ગંભીર નોંધ લેવામાં આવતી હતી. આવા કાયદા હતા છતાં નોર્થઈસ્ટના રાજ્યોમાં તો દહેજપ્રથા વ્યાપક પ્રમાણમાં ચાલતી હતી અને આજે પણ કદાચ ચાલતી જ હશે. તેનું કારણ એવું છે કે, આ સ્થિતિનો સરળતાથી ઉકેલ આવી શકે તેમ છે પણ સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ જ આ કુપ્રથાને બંધ થવા દેતી નથી. તેના કારણે સ્થિતિ વકરતી જાય છે.

જેટલો ભણેલો યુવક તેટલું વધારે અને ઉંચું દહેજ માગતો હોય છે દહેજ અંગે બીજા ચિંતાજનક સ્થિતિ એવી છે કે, જ્યારે એ મહિલા પોતાના પિયર જાય છે અને તેના વિશે વાત કરે છે ત્યારે તેને ત્યાંથી પણ મદદ કે સાથ મળતા નથી. મોટાભાગના કિસ્સામાં મહિલાના માતા-પિતા અથવા તો ભાઈઓ દ્વારા સહન કરવાનું, જતું કરવાનું અને એડજસ્ટ કરવાનું જ શિખવવામાં આવે છે અથવા તો સલાહ આપવામાં આવે છે. આ સિવાય મહિલા અને પુરુષમાં ગિફ્ટના નામે સતત દહેજ આપતા રહેવાની પ્રથા પણ ચાલતી આવી છે. આ મૂક પ્રથા સામે પણ કોઈને વાંધો નથી અને તેથી તેનો વિરોધ કોઈ કરતું નથી. ૨૦૨૩માં કરવામાં આવેલા એક અભ્યાસે તો જણાવ્યું કે જેમ જેમ ભારતમાં શિક્ષણનું સ્તર વધતું ગયું અને લોકોને સારી નોકરીઓ મળતી ગઈ તેમ તેમ દહેજની ડિમાન્ડ અને તેનું સ્તર પણ વધતું ગયું. તેમાંય વધારે ભણેલા કે વધારે સારી નોકરી કરતા છોકરાઓ દ્વારા છોકરીઓ પાસેથી વધારે દહેજ માગવામાં આવે છે. આર્થિક પાસું એવું છે કે જેના તળે સમાજ દબાયેલો છે. યુવતીના પિતાઓ દ્વારા જો દહેજ આપવાની મનાઈ કરવામાં આવે કે ઓછું દહેજ આપવામાં આવે તો તેમને ઓછું ભણેલા અને સામાન્ય નોકરી કરતા યુવકો મળે છે. છોકરાના માતા-પિતાઓ દ્વારા ઘણી વખત સીધે સીધું છોકરાને ઉછેરવાના, સારો અભ્યાસ કરાવવાના અને સારી નોકરી અપવવાના ખર્ચ પેટે તોતિંગ દહેજ લેવામાં આવે છે. તેઓ જાણે કે બધું રોકાણ પરત લેતા હોય તેમ દેખાય છે. તપાસમાં જ વર્ષો જતા હોવાથી ન્યાય મળતા નથી અને કેસ વધે છે જાણકારોના મતે કાયદામાં રહેલી ખામીઓ, ભ્રષ્ટાચાર અને તંત્રની નબળી કામગીરીને પગલે તપાસ વર્ષો સુધી ચાલે છે. આ વધારે મોટા આંકડા જોઈને આપણને એમ લાગે છે કે, દેશમાં દહેજના કેસ વધ્યા છે તો તેવું નથી. આ જેટલા કેસ નોંધાયા છે તે વાસ્તવિક કેસ કરતા ઘણા ઓછા છે. છેલ્લે જોઈએ તો ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન દર વર્ષે દહેજના કારણે ૭૦૦૦થી વધારે મહિલાઓના મોતના આંકડા આવ્યા છે. એનસીઆરબી દ્વારા જ આ ડેટા અપાયો છે છતાં તેમાં તપાસના નામે બહુ સમય જાય છે અને ખૂબ જ ઓછા લોકોને સજા થાય છે. અહેવાલો પ્રમાણે આ ૭૦૦૦ કેસમાંથી દર વર્ષે પરાણે ૪૫૦૦ લોકો સામે ચાર્જશિટ ફાઈલ થાય છે. મોટાભાગના કેસમાં તો છ-બાર મહિના સુધી માત્ર તપાસ જ ચાલતી હોય છે તેથી કેસ આગળ વધતો જ નથી. ગણતરીના કેસમાં ચુકાદા આવે છે જ્યારે મોટાભાગના કેસમાં તારીખો પડતી રહે છે અને સમય પસાર થતો રહે છે. ઘણા કેસમાં પુરાવા મળતા જ નથી અને આરોપીઓ છુટી જાય છે. ભારતમાં દહેજપ્રથા સામે આકરા કાયદા લાવવામાં આવેલા છે અને તેનું કથિત રીતે અમલીકરણ થાય છે તેવી બાંગો અને બુમરાણો આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. લગ્નપ્રથામાં દહેજ આપવું, માગવું કે લેવું બધું જ ગુનો ગણવામાં આવે છે. તેમ છતાં તાજેતરમાં જ નોઈડામાં દહેજની સમસ્યાને પગલે બે મહિલાઓના જીવ ગયાની ઘટના સામે આવી છે. તેમને દહેજ માટે પરેશાન કરતી હોવાના આરોપો મુકાયા છે. પાંગળા કાયદા તેની રીતે તપાસ કરે છે અને વર્ષો પછી કદાચ ન્યાય થશે પણ પરિવારોએ પોતાની દીકરી ગુમાવી છે. ત્વિશા શર્મા નામની ૩૩ વર્ષની યુવતી પોતાના સાસરે ભોપાલમાં મૃત અવસ્થામાં મળી આવી હતી. તેના થોડા દિવસ બાદ ગ્રેટર નોઈડાના ઈકોટેક-૩ વિસ્તારમાં દીપિકા નાગર નામની ૨૦ વર્ષની યુવતીએ પોતાના મકાનની છત ઉપરથી મોતની છલાંગ લગાવી દીધી હતી.

આ બંને યુવતીના માતા-પિતા દ્વારા દહેજ માટે હેરાનગતી કરાતી હોવાના આરોપ મુકાયા છે. આ બંને કેસ ફરી એક વખત ભારતના કાયદાની છટકબારીઓ અને સમાજના દંભ ઉપર પ્રકાશ પાડે છે જ્યાં કહેવાતા અત્યાધુનિક સમયમાં અને ડિજિટલ યુગમાં પણ દહેજનું દુષણ ગયું નથી. ત્વિશા શર્માની વાત કરીએ તો ૧૨મી મેના રોજ ભોપાલ ખાતે કટારા હિલ્સ વિસ્તારમાં તેના પતિ સમર્થ સિંગના ઘરે તેણે ગળાફાંસો ખાઈ લીધો હતો. તેઓ ૨૦૨૪માં ડેટિંગ એપ દ્વારા એકબીજાને મળ્યા હતા અને ડિસેમ્બરમાં જ તેમના લગ્ન થયા હતા. ત્વિશાના બાઈ મેજર હર્ષિત શર્માએ જણાવ્યું કે ઘણા સમયથી તેના સાસરીયા દહેજ માટે તેને પરેશાન કરતા હતા. તેમનો આરોપ છે કે, વારંવાર ત્વિશાના સાસરીયા અને પતિ દ્વારા દહેજની માગણી કરાતી હતી અને તેને હેરાન કરવામાં આવતી હતી.

પાક્કો ગુજરાત
શનિવાર | 30 મે 2026 | અમદાવાદ

### ત્રણ ખેતરોમાં તોડફોડ અને આગચંપી કરી પંકચરની દુકાનને પણ નિશાન બનાવાયું

# ઝઘડિયાના રામપોર ગામની સીમમાં તોફાની તત્વોનો આતંક

રાજપારડી, ઈરફાન ખત્રી

ઘાસચારો સળગાવ્યો,પાણીનો બોર પથ્થરોથી પુરી દીધો, પીવીસી પાઈપલાઈન કાપી ડિઝલ એન્જિન ખાડીમાં ફેંક્યું, કુલ રૂપિયા ૧.૩૨ લાખથી વધુનું નુકસાન થતા રાજપારડી પોલીસમાં ફરિયાદ નોંધાઈ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના આમલઝર નજીક આવેલા રામપોર ગામની સીમમાં અજાણ્યા ઈસમોએ એક બાદ એક ચાર અલગ અલગ સ્થળોએ નુકસાન પહોંચાડતા ખેડૂતો અને ગ્રામજનોમાં ભય અને રોષની લાગણી ફેલાઈ છે. ત્રણ ખેતરોમાં આગચંપી અને તોડફોડ કરવા ઉપરાંત એક પંકચરની દુકાનની બહાર મુકાયેલ ટાયરો અને હાથલારી સળગાવી દેવાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. સમગ્ર ઘટનામાં કુલ રૂપિયા ૧,૩૨,૮૦૦ જેટલું નુકસાન થયાનું બહાર આવ્યું છે. મામલે રાજપારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ઝઘડિયા તાલુકાના આમલઝર ગામના નટવરભાઈ કાંતિભાઈ વસાવાનું રામપોર ગામની સીમમાં ખેતીવાળું ખેતર આવેલું છે. ખેડૂતે ખેતરમાં પશુઓ અને કામદારો માટે છાંયડા રૂપે લાકડા અને ઘાસચારા વડે માંડવો બનાવ્યો હતો. ગત ૨૩મી તારીખ દરમિયાન અજાણ્યા ઈસમોએ ખેતરમાં ઘૂસી માંડવો સળગાવી દીધો હતો. સાથે જ ત્યાં મુકેલા પતરા, બે ટ્રેલર જેટલું છાણીયું ખાતર તથા પશુઓ માટે સંગ્રહ કરેલા અંદાજે ૩૦૦ જેટલા ઘાસના પુળાઓ પણ આગમાં ભસ્મીભૂત થઈ ગયા હતા. આ ઘટનામાં ખેડૂતને અંદાજે રૂપિયા ૩૦ હજાર જેટલું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત નજીકમાં આવેલા અનિલ ગંગારામ વસાવાના ખેતરમાં બનાવાયેલ પાણીના બોરમાં રાત્રિના સમયે કોઈ અજાણ્યા ઈસમોએ મોટા પથ્થરો નાંખી બોર પુરી દીધો હતો. પાણી માટે ઉપયોગમાં લેવાતી વ્યવસ્થા બગાડી દેતા ખેડૂતને અંદાજે રૂપિયા ૮૨,૮૦૦ જેટલું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. તે જ વિસ્તારમાં ચોકી ગામની સીમમાં આવેલા સોમાભાઈ ભયલાલભાઈ વસાવાના ખેતરને પણ નિશાન બનાવાયું હતું. ખેતરમાં મગનું વાવેતર કરાયેલું હતું અને સિંચાઈ માટે પીવીસી પાઈપલાઈન નાખવામાં આવી હતી. અજાણ્યા ઈસમોએ ધારદાર હથિયાર વડે અંદાજે ૧૮ નંગ જેટલી પીવીસી પાઈપો કાપી નાંખી હતી. સાથે જ ખેતરમાં રહેલું ડિઝલ એન્જિન ધક્કો મારી નજીકની ખાડીમાં ફેંકી દેવામાં આવ્યું હતું. આ બનાવમાં ખેડૂતને અંદાજે રૂપિયા ૧૦ હજારનું નુકસાન થયું હોવાનું નોંધાયું છે. ઉપરાંત ગામના જગદીશભાઈ વસાવાની જુના આમોદ બસ સ્ટેન્ડ નજીક આવેલી પંકચરની દુકાનની બહાર મુકેલા જુના ટાયરો તથા એક હાથલારી પણ સળગાવી દેવામાં આવી હતી. આ ઘટનામાં પણ અંદાજે રૂપિયા ૧૦ હજાર જેટલું નુકસાન થયાનું સામે આવ્યું છે. એક જ વિસ્તારમાં ટૂંકા ગાળામાં ચાર અલગ અલગ સ્થળોએ નુકસાનની ઘટનાઓ બનતા ગ્રામજનોમાં ભારે ચિંતા ફેલાઈ છે. સમગ્ર મામલે નટવરભાઈ કાંતિભાઈ વસાવાએ રાજપારડી પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.



### રાજકીય અટકળો તેજ

# ભાજપ બાદ કોંગ્રેસથી પણ અલગ થયા મહેશ વસાવા

રાજપારડી, ઈરફાન ખત્રી

ભરૂચ જિલ્લામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપ્યું છે. તેમણે તાલુકા અને જિલ્લા પંચાયતની તાજેતરની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં અસંતોષ વ્યક્ત કર્યો હતો, જેને કારણે પક્ષ છોડવાનો નિર્ણય લીધો હોવાનું સામે આવ્યું છે.

મહેશ વસાવાએ આરોપ લગાવ્યો છે કે ઉમેદવારોની પસંદગીમાં પારદર્શિતાનો અભાવ હતો અને ટિકિટોની ફાળવણી 'સોદાબાજી'ના આધારે કરવામાં આવી હતી. આ પ્રક્રિયાથી નિરાશ થઈને તેમણે કોંગ્રેસ સાથેનો સંબંધ તોડી નાખ્યો હોવાનું જણાવ્યું છે. લોકસભા ચૂંટણી પહેલાં છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવા કોંગ્રેસમાં જોડાતા આદિવાસી વિસ્તારોમાં પક્ષને મજબૂતી મળશે તેવી અપેક્ષા હતી. જોકે, ટૂંકા સમયમાં જ તેમના રાજીનામાથી કોંગ્રેસને જિલ્લામાં રાજકીય ફટકો પડ્યો હોવાનું મનાય છે.

મહેશ વસાવાના આ નિર્ણય બાદ તેઓ આગામી સમયમાં કયા રાજકીય પક્ષ સાથે જોડાશે અથવા નવી રણનીતિ અપનાવશે તે અંગે રાજકીય વર્તુળોમાં અટકળો તેજ બની છે.

ઉલ્લેખનીય છે કે, મહેશ વસાવાનો રાજકીય પ્રવાસ ઉતાર-ચઢાવભર્યો રહ્યો છે. 2024ની લોકસભા ચૂંટણી પહેલાં તેઓ પિતા છોટુભાઈ વસાવાથી અલગ થઈ ભાજપમાં જોડાયા હતા. જોકે, ત્યાં અણબનાવ થતાં ટૂંકા સમયમાં રાજીનામું આપી કોંગ્રેસમાં જોડાયા હતા.

### જેતપુરમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

# ઓશીકા નીચેથી ચાવી સેરવી મકાનમાંથી દાગીનાની ચોરી કરનાર શખ્સ ઝડપાયો..

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુરના નવાગઢ બળદેવધાર વિસ્તારમાં થયેલી રૂ. 6.95 લાખની ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલાઈ ગયો છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસે આ કેસમાં એક આરોપીને ચોરી થયેલા તમામ સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, ગત તારીખ 24/05/2026ની રાત્રિથી 25/05/2026ની સવાર દરમિયાન કોઈ અજાણ્યા ચોરે ફરીયાદીના ઘરના આંગણામાં સુવાની પથારીમાં ઓશીકા નીચે રાખેલી ચાવી ચોરી લીધી હતી. આ ચાવીનો ઉપયોગ કરીને ચોરે મકાન અને રૂમનું તાળું ખોલી, અંદર રાખેલી પેટીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂ. 6,95,000/- ની ચોરી કરી હતી. આ અંગે ઉદ્યોગનગર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. રાજકોટ રેન્જના આઈજી નિર્લિપ્ત રાય અને ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જરની સૂચના તેમજ ડીવાયએસપી રોહીતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એચ. શર્મા અને સર્વેલન્સ સ્કોડની ટીમે તપાસ શરૂ કરી હતી. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ, એફએસએલ (FSL), ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ અને ડોગ સ્કોડની મદદ લીધી હતી. તપાસ દરમિયાન, સર્વેલન્સ ટીમના પીએસઆઈ કે.બી. ગઢવીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ નીલેશભાઈ મકવાણા, અજયભાઈ રાઠોડ અને કોન્સ્ટેબલ ચેતનભાઈ ઠાકોરને સંયુક્ત બાતમી મળી હતી. આ બાતમીના આધારે, પોલીસે જેતપુર-દેરડી રોડ પર કચરાના ડમ્પયાર્ડ પાસે વોચ ગોઠવી આરોપી કેતન ઉર્ફે લાલો કાળુભાઈ અવાડીયા (રહે. બાવાવાળા પરા, જેતપુર, મૂળ ચોરડી, ગોંડલ) ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ચોરીમાં ગયેલી સોનાની બુટ્ટી (19.170 ગ્રામ, કિંમત રૂ. 3,00,000/-), 'વાઘેલા' લખેલું ચાંદીનું કડું (495 ગ્રામ, કિંમત રૂ. 1,30,000/-), 'ઠાકર' લખેલી ચાંદીની લકી (97 ગ્રામ, કિંમત રૂ. 25,000 /-), રોકડા રૂપીયા 2,40,000 /-, એક મોબાઈલ અને ચોરીમાં વપરાયેલ હીરો સીડી ડીલક્ષ મોટરસાયકલ મળી કુલ રૂ. 7,20,000 /- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### જામનગરમાં પોલીસની મોટી કાર્યવાહી

# સાધના કોલોનીના નવા આવાસોમાં ચાલતા જુગારધામ પર દરોડો

જામનગર

જામનગર શહેરમાં ગુનાખોરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના પ્રખ્યાત સાધના કોલોની વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના નવા આવાસોમાં લાંબા સમયથી ધમધમતા જુગારના અડ્ડા પર જામનગર સિટી એ ડિવિઝન પોલીસે સફળ દરોડો પાડ્યો છે. આ હાઈપ્રોફાઈલ દરોડા દરમિયાન પોલીસે ૨૨ જેટલા જુગારીયાઓને રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડીને પંથકમાં ચકચાર મચાવી દીધી છે.



**સિટી એ ડિવિઝન પોલીસે 2.11 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, સાધના કોલોનીના નવા આવાસોમાં મોટા પાયે જુગારની પ્રવૃત્તિ ચાલી રહી હોવાની ચોક્કસ અને ખાનગી બાતમી સિટી એ ડિવિઝન પોલીસના ઉચ્ચ અધિકારીઓને મળી હતી. આ બાતમીના આધારે પૂર્વ આયોજિત પ્લાન મુજબ પોલીસની ટીમે મોડી રાત્રે ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગાર રમતા શખ્સોમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે ચપળતાપૂર્વક આખા વિસ્તારને ઘેરી લીધો હતો અને સ્થળ પરથી ૨૨ શખ્સોને કસ્ટડીમાં લઈ લીધા હતા.

દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી મોટી માત્રામાં રોકડ રકમ, જુગાર રમવાના સાધનો તેમજ પકડાયેલા શખ્સો પાસેથી કિંમતી મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે.

પોલીસે આ તમામ વસ્તુઓ મળીને કુલ ૨.૧૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ કાયદેસર રીતે જપ્ત કર્યો છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના સરકારી આવાસોમાં આ પ્રકારે ગેરકાયદેસર જુગારધામ ચાલતું હોવાની વિગત બહાર આવતા સ્થાનિક રહિવાશોમાં પણ આશ્ચર્ય ફેલાયું છે. પોલીસે પકડાયેલા તમામ ૨૨ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ તેજ કરી છે.

# ડભોઇના અદલાપુરામાં તંત્રની ઘોર બેદરકારી : વાયદપુર કેનાલમાં મોટું લીકેજ

### અધિકારીઓ તાત્કાલિક સ્થળ તપાસ કરે અને યુદ્ધના ધોરણે રિપેરિંગ કામ શરૂ કરવામાં આવે

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઈ તાલુકાના અદલાપુરા ગામ વિસ્તારમાંથી પસાર થતી વાયદપુર એલ કેનાલમાં વ્યાપક લીકેજની ગંભીર સમસ્યા સામે આવતા સ્થાનિક ખેડૂતોમાં ચિંતા અને તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે. કેનાલના નબળા બાંધકામ અને જાળવણીના અભાવે સતત વહી રહેલા પાણીને કારણે આજુબાજુના ખેતરો બેટમાં ફેરવાઈ જવાનો મોટો ખતરો ઊભો થયો છે. ડભોઈ પલાસવાડા ડિસ્ટ્રિબ્યુટરીમાંથી નીકળતી અને અંદાજે ૮૦૦ મીટર લાંબી આ માઈનોર વાયદપુર એલ કેનાલના સાઈફન અને પતરાના સાંધાના ભાગોમાંથી સતત ક્યુસેક પાણી લીક થઈ રહ્યું છે. હાલ ખેતરોમાં મકાઈ, જુવાર અને અન્ય પાક તૈયાર થઈ રહ્યો છે. તેવા સમયે જો આ કેનાલ વધુ તૂટે તો આખેઆખા ખેતરો ડૂબી જશે અને જમીન ધોવાણ થવાથી ખેડૂતો આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ શકે છે. ખેડૂતોનું કહેવું છે કે, રાત-દિવસ મહેનત કરીને ઉછેરેલો પાક તંત્રની બેદરકારીના કારણે પાણીમાં જાય તેમ છે, જેથી અધિકારીઓએ એસી ઓફિસોમાંથી બહાર આવીને તાત્કાલિક સમારકામ કરવું જોઈએ.



મુશ્કેલીમાં મુકાયેલા અદલાપુરાના ખેડૂતોએ સિંચાઈ વિભાગ સામે ઉગ્ર માંગ કરી છે કે અધિકારીઓ તાત્કાલિક સ્થળ તપાસ કરે અને યુદ્ધના ધોરણે રિપેરિંગ કામ શરૂ કરવામાં આવે. માત્ર થીગડા મારવાને બદલે કેનાલના નબળા ભાગોનું કાયમી સિમેન્ટીકરણ કરવામાં આવે તેવી પણ માંગ છે. જો વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો ખેતી પર ગંભીર અસર પડશે, જેની જવાબદારી સંપૂર્ણપણે તંત્રની રહેશે. હવે જોવાનું એ રહે છે કે કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું સિંચાઈ વિભાગ પાક નષ્ટ થતા પહેલા જાગે છે કે કેમ.

### માતૃત્વનો અનોખો દાખલો જોવા મળ્યો

# ઉમલ્લા ગામે પોતાના નવજાત બચ્ચાંને બચાવવા માટે શ્વાન કૂતરી એ કલાકો સુધી કોબ્રા સાપ સામે બહાદુરીપૂર્વક મુકાબલો કર્યો

રાજપારડી, ઈરફાન ખત્રી

ભરૂચ જિલ્લા નાં ઝગડીયા તાલુકાના ઉમલ્લા ગામમાં માતૃત્વનો અનોખો દાખલો જોવા મળ્યો ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકાના ઉમલ્લા ગામમાં વહેલી સવારે એક અનોખી ઘટના સામે આવી હતી, જેમાં એક શ્વાન કૂતરીએ પોતાના નવજાત બચ્ચાંને બચાવવા માટે કલાકો સુધી કોબ્રા સાપ સામે બહાદુરીપૂર્વક મુકાબલો કર્યો હતો. આખરે સર્પમિત્ર દ્વારા કોબ્રા સાપનું સલામત રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર ઉમલ્લા ગામમાં બેંક ઓફ ઈન્ડિયા સામે આવેલ અંજના બેન સતીશભાઈ વસાવાના ઘર પાસેની દીવાલ નજીક આશરે 15 દિવસ પહેલાં શ્વાન કૂતરીએ બચ્ચાંને જન્મ આપ્યો હતો. વહેલી સવારે અંદાજે 5 વાગ્યાના સમયે



એક ઝેરી કોબ્રા સાપ બચ્ચાંની નજીક આવતો દેખાતા શ્વાન કૂતરી સતર્ક બની ગઈ હતી. પોતાના નવજાત બચ્ચાંને બચાવવા માટે કૂતરી સાપ સામે અડીખમ ઉભી રહી સતત જોરજોરથી ભસવા લાગી હતી. શ્વાન કૂતરીનો આ આક્રમક અવાજ અને સતર્કતા જોઈ કોબ્રા સાપ પણ ત્યાંથી આગળ વધી શક્યો ન હતો. શ્વાન કૂતરીએ સાપને બચ્ચાં તરફ જવા દીધો ન હતો અને સતત તેની સામે જ મોરચો સંભાળી રાખ્યો હતો. કૂતરીના ભસવાના અવાજથી અંજનાબેન સતીશભાઈ વસાવા ઊંઘમાંથી જાગી ગયા હતા. તેઓ એ તેઓની બારીમાંથી બહાર નજર કરતાં તેઓએ શ્વાન કૂતરી અને કોબ્રા સાપ વચ્ચેનો આ સંઘર્ષ જોયો હતો. ત્યારબાદ તેમણે આસપાસના પડોશીઓને જાણ કરતાં મોટી સંખ્યામાં લોકો ત્યાં એકત્રિત થઈ ગયા હતા. સ્થાનિક લોકોમાં પણ આ ઘટનાએ આશ્ચર્ય પમાડ્યું હતું. માતા અને બચ્ચાં વચ્ચેનો પ્રેમ અને લાગણીનો જીવંત દાખલો જોઈ લોકો ભાવવિભોર બની ગયા હતા. આ દરમિયાન કૂતરીએ આશરે બે થી ત્રણ કલાક સુધી કોબ્રા સાપને એક જ જગ્યાએ રોકી રાખ્યો હતો.

### છોટાઉદેપુરની પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા

# બોર્ડ કચેરીના વિવાદમાં કોર્ટે મિલકત એટેચમેન્ટ કરવાનો હુકમ કર્યો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

પહલ એન્જિનિયરિંગના પ્રોપ્રાઈટર દ્વારા આ કચેરી વિરૂદ્ધ છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ કોર્ટ માં રૂપિયા 8,43,58,868.99 ના બાકી લેણા માટે તા. 27 ઓગસ્ટ 2025 ના રોજ કેસ દાખલ કરવામાં આવ્યો હતો . જે નામદાર કોર્ટમાં ચાલી જતા નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા તા 8.5.2026 ઓર્ડર ન 21, નિયમ ન 54 સીપીસી મુજબ કચેરી ની સ્થાવર મિલકત ઉપર સ્ટેચમેન્ટ કરવાનો આદેશ કર્યો છે. અને આ મિલકત વેચાણ, હસ્તાંતરણ, ભાડે આપવા, દાન ભેટ આપવા કે અન્ય કોઈ હક્ક સર્જવા મનાઈ ફરમાવવામાં આવી છે. આ નોટિસ છોટાઉદેપુર ખાતે આવેલ વાસ્મો કચેરીના દરવાજે ચોંટાડવામાં આવેલી જોવા મળી રહી છે. જોકે નામદાર કોર્ટ દ્વારા વાસ્મો ના એક્ઝ્યુકેટિવ એન્જિનિયર ને તા 1 જૂન 2026 ના રોજ કોર્ટમાં હાજર રહેવા પણ જણાવ્યું છે.




નામદાર કોર્ટ દ્વારા કરાયેલા આ હુકમની નકલ કચેરી ના દરવાજે ચોંટાડાતા નગરમાં ચકચાર મચી જવા પામી હતી. જલ ભવનના અધિકારી નો ટેલિફોનીક સંપર્ક કરતા તેમણે રજા ઉપર હોવાનું જણાવ્યું હતું અને આ બાબતે કંઇ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

# કરોડોની લોન અપાવવાના બહાને સરકારી કોન્ટ્રાક્ટર સાથે રૂ.16 લાખથી વધુની ઠગાઈ

### બેંકિંગ માહિતી મેળવી ખાતામાંથી લાખો રૂપિયા ટ્રાન્સફર કર્યાનો આક્ષેપ, લોનના નામે વિશ્વાસઘાતનો મામલો સામે આવ્યો

દાહોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના એક સરકારી કોન્ટ્રાક્ટરે લોન અપાવવાના બહાને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાની ગંભીર ફરિયાદ નોંધાવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. ફરિયાદ મુજબ આરોપીએ લોન ફાઈનાન્સના નામે પ્રથમ ઓળખાણ વધારી અને બાદમાં બેંકિંગ માહિતી મેળવી ખાતામાંથી મોટી રકમ ઉપાડી લીધી હોવાનું સામે આવ્યું છે.

ફરિયાદી રાજેશકુમાર દલુભાઈ બારીયા (રહે. લક્ષ્મી પાર્ક સોસાયટી, ચોડી રોડ, દાહોદ) છેલ્લા 13 વર્ષથી સરકારી કોન્ટ્રાક્ટર તરીકે કામગીરી કરે છે. તેઓ હાલ ઝાલોદ તાલુકાના કદવાલ ખાતે નવા સી.એચ.સી બિલ્ડિંગનું કામ સંભાળી રહ્યા હતા. દરમિયાન લગભગ સાત મહિના અગાઉ ચિરાગભાઈ




મોતીભાઈ બારીયા રહે. હિન્દોલીયા તા. લુણાવાડા સાથે મુલાકાત થઈ હતી. આરોપીએ પોતે લોન અને ફાઈનાન્સ વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું જણાવી પાંચથી દસ કરોડ સુધીની લોન અપાવવાની ખાતરી આપી હતી.

ફરિયાદ મુજબ આરોપીએ વિશ્વાસ જીતવા માટે પરિવારની સારી ઓળખાણ, માતા-પિતા શિક્ષક તથા ભાઈ ડોક્ટર હોવાનું જણાવી પ્રભાવ પેદા કર્યો હતો. ત્યારબાદ KYC દસ્તાવેજો, IT રિટર્ન, બેંક સ્ટેટમેન્ટ સહિતના જરૂરી દસ્તાવેજો વ્હોટ્સએપ મારફતે મંગાવવામાં આવ્યા હતા. તા. 05/11/2025ના રોજ આરોપીએ "લોન પ્રોસેસિંગ ફી" તરીકે રૂ.10,500 મંગાવતા ફરિયાદીએ QR કોડ મારફતે રકમ ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ તા.21/11/2025ના રોજ ફરી સંપર્ક કરી લોન ફાઈનલ થવા માટે દિલ્હીથી આવતી પાર્ટીને ચૂકવણી કરવી પડશે તેમ કહી રૂ.1.50 લાખ માંગ્યા હતા. ફરિયાદીએ શરૂઆતમાં ના પાડી હોવા છતાં વિશ્વાસમાં આવી RTGS મારફતે આરોપીના AU Small Finance Bank ખાતામાં રકમ જમા કરાવી હતી. આગળ ચાલીને ઝાલોદ કોર્ટ નજીક આરોપીએ ફરિયાદીને મળીને "લોન વેરિફિકેશન"ના બહાને ઈન્ટરનેટ બેંકિંગ યુઝરનેમ, પાસવર્ડ, મોબાઈલ સિમ તથા ATM કાર્ડ સાથે PIN સુધી મેળવી લીધા હતા. ફરિયાદ મુજબ તા.01/12/2025ના રોજ સરકારી કોન્ટ્રાક્ટના કામના રૂ.25 લાખ ફરિયાદીના ICICI કોર્પોરેટ એકાઉન્ટમાં જમા થયા હતા, જેમાંથી આરોપીએ ફરિયાદીની જાણ બહાર પોતાના Bank of Baroda ખાતામાં રૂ.14.30 લાખ ટ્રાન્સફર કરી લીધા હતા.

પૈસાની જાણ થતા ફરિયાદીએ આરોપીનો સંપર્ક કરતા તેણે "લોન પ્રોસેસ"ના બહાને રકમ પોતાના ખાતામાં ગયાની કબૂલાત કરી બાદમાં પરત આપવાની ખાતરી આપી હતી. જોકે આજદિન સુધી ન તો લોન મંજૂર થઈ અને ન તો ફરિયાદીના કુલ રૂ.16,30,500 પરત મળ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદી તથા તેમના સાથીઓ આરોપીના ઘરે હિન્દોલીયા અને મલેકપુર સુધી પહોંચ્યા હતા. ત્યાં આરોપીના પિતાએ પણ પૈસા પરત આપવાની બાહેધરી આપી હોવાનું કહેવાય છે.

### છોટાઉદેપુર જિલ્લાના કોલીયાથોર ગામે

# SOG ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી ગેરકાયદેસર રીતે કરવામાં આવતી ગાંજાની ખેતીનો પર્દાફાશ કર્યો

- **બાતમીના આધારે પોલીસે ખેતરમાં દરોડા પાડી રૂપિયા 78 લાખથી વધુ કિંમતના 507 લીલા ગાંજાના છોડ કબ્જે કર્યા હતા**
- **પોલીસે ખેડૂત સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી**

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર નશીલા પદાર્થોના વેપાર અને ખેતી સામે પોલીસ વિભાગ દ્વારા સતત સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે છોટાઉદેપુર એસ.ઓ.જી. ટીમને કોલીયાથોર ગામ વિસ્તારમાં એક ખેડૂત દ્વારા ખેતરમાં ગાંજાની ગેરકાયદેસર ખેતી કરવામાં આવતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

બાતમી મળતા જ એસ.ઓ.જી.ની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને કોલીયાથોર ગામે પહોંચી સંબંધિત ખેતરમાં દરોડા પાડ્યા હતા. પોલીસ ટીમે ખેતરમાં



તપાસ હાથ ધરતા ત્યાં મોટા પ્રમાણમાં લીલા ગાંજાના છોડ જોવા મળ્યા હતા. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તમામ છોડની ગણતરી અને તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન ખેતરમાંથી કુલ 507 જેટલા લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. તમામ છોડ કબ્જે કરી તેનું વજન કરતા અંદાજે 156. 3 કિલોગ્રામ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. પોલીસ દ્વારા ઝડપાયેલા ગાંજાની અંદાજિત બજાર કિંમત રૂપિયા 78 લાખથી વધુ હોવાનું જણાવાયું છે.

પ્રાથમિક તપાસ દરમિયાન આ ગેરકાયદેસર ગાંજાની ખેતી ઉદલીયાભાઈ ભુચરાભાઈ રાઠવા નામના ખેડૂત દ્વારા કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. જેના આધારે પોલીસે આરોપી સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એસ.ઓ.જી.ની ટીમ દ્વારા આરોપીને ઝડપી પાડી વધુ પૂછપરછ અને તપાસ માટે રંગપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો. હાલ પોલીસ દ્વારા આ ગાંજાની ખેતી પાછળ અન્ય કોઈ લોકો અથવા ગેરકાયદેસર નેટવર્ક સંકળાયેલું છે કે નહીં તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

મહત્વપૂર્ણ બાબત એ છે કે જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી નશીલા પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા સતત સર્ચ ઓપરેશન અને રેઈડ કરવામાં આવી રહી છે. પોલીસ વિભાગ દ્વારા ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં ખાસ નજર રાખવામાં આવી રહી છે જેથી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સમયસર અટકાવી શકાય.

કોલીયાથોર ગામે થયેલી આ મોટી કાર્યવાહી બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. સ્થાનિક લોકોમાં પણ આ ઘટનાને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. પોલીસ વિભાગે લોકોને અપીલ કરી છે કે જો ક્યાંય ગેરકાયદેસર નશીલા પદાર્થોની ખેતી કે વેચાણ અંગે માહિતી મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરવી.



### સંબંધોમાં 'પારદર્શિતા' જ સૌથી મોટો આધાર

# એક માણસથી મારું મન નથી ભરાતું, શહાના ગોસ્વામીએ સંબંધોની નવી પરિભાષા રજૂ કરી

મુંબઈ

બોલિવૂડની પ્રતિભાશાળી અભિનેત્રી શહાના ગોસ્વામી હાલમાં તેના ફિલ્મી કામ કરતા પણ વધુ તેના અંગત જીવનને લઈને ચર્ચાના કેન્દ્રમાં છે. એક પોડકાસ્ટમાં તેમણે આપેલા નિવેદન બાદ સોશિયલ મીડિયા પર પ્રેમ અને સંબંધોની વ્યાખ્યા અંગે નવી ચર્ચા છેડાઈ છે. શહાનાએ ખૂબ જ સ્પષ્ટતાથી સ્વીકાર્યું છે કે તે પરંપરાગત સંબંધોમાં માનતી નથી અને તેના માટે પ્રેમ કોઈ એક વ્યક્તિ સુધી મર્યાદિત નથી. તેમની આ નિખાલસતાએ જ્યાં ઘણા લોકોને આશ્ચર્યમાં મૂક્યા છે, ત્યાં યુવા પેઢીના એક વર્ગ દ્વારા આ વિચારની પ્રશંસા પણ થઈ રહી છે. સંબંધોમાં 'પારદર્શિતા' જ સૌથી મોટો આધાર પોડકાસ્ટમાં વાત કરતા શહાનાએ ખુલાસો કર્યો કે તે હાલમાં કોઈ એક પ્રાથમિક જીવનસાથી સાથે જોડાયેલી નથી. તેના જીવનમાં એવા ઘણા લોકો છે જેની સાથે તે ભાવનાત્મક અને શારીરિક રીતે જોડાયેલી છે. અભિનેત્રીએ ભારપૂર્વક કહ્યું કે, "મારા સંબંધોમાં કશું છુપાયેલું નથી. મારા દરેક પાર્ટનર જાણે છે કે હું અન્ય લોકો સાથે પણ જોડાયેલી છું." તેના મતે, ખુલ્લા સંબંધો એટલે માત્ર શારીરિક આકર્ષણ નહીં, પરંતુ એકબીજા પ્રત્યેનો અતૂટ વિશ્વાસ અને પ્રામાણિકતા છે. તે માને છે કે જો બે લોકો વચ્ચે ખુલ્લી વાતચીત હોય, તો સંબંધ વધુ ગાઢ અને મજબૂત બને છે. પ્રેમ એટલે સ્વતંત્રતા, કેદ નહીં શહાનાએ વધુમાં ઉમેર્યું કે, "પ્રેમ કોઈને બાંધી રાખવા માટે નથી, પરંતુ વ્યક્તિને પોતાની રીતે જીવન જીવવાની સ્વતંત્રતા આપવા માટે છે." જોકે, તેણે સ્વીકાર્યું કે આ માર્ગ સરળ નથી. આવા સંબંધોમાં ઈર્ષ્યા, ડર અને અસલામતી જેવા પડકારોનો સામનો કરવો પડે છે. ગ્લેમરની દુનિયામાં બહારથી આ બધું ભલે આકર્ષક લાગે, પણ વાસ્તવિક જીવનમાં તેને નિભાવવું એ એક મોટી કસોટી સમાન છે. મિલિંદ સોમન સાથેનો એ 'પાગલ ચાહક' વાળો કિસ્સો આ ઈન્ટરવ્યુમાં શહાનાએ મિલિંદ સોમન સાથેના તેમના જૂના સંબંધોના રસપ્રદ પાના પણ ખોલ્યા હતા. 16-17 વર્ષની ઉંમરે મિલિંદની એક ફિલ્મ જોઈને તે તેમની એટલી મોટી ફેન બની ગઈ હતી કે તેણે મિલિંદનો નંબર શોધીને મેસેજ કરવાનું શરૂ કર્યું હતું. લગભગ છ વર્ષ સુધી બંને માત્ર ટેક્સ્ટ મેસેજ દ્વારા સંપર્કમાં રહ્યા અને ત્યારબાદ તેઓ રિલેશનશિપમાં આવ્યા હતા. જોકે, 2013માં બંને અલગ થઈ ગયા હતા. શહાનાના મતે, તેમનું બ્રેકઅપ પ્રેમ ન હોવાને કારણે નહીં, પરંતુ જીવનના અલગ-અલગ દ્રષ્ટિકોણ અને પ્રાથમિકતાઓને કારણે થયું હતું. શહાના ગોસ્વામીનું આ નિવેદન સાબિત કરે છે કે તે પોતાની શરતો પર જીવવામાં માને છે. સમાજના પરંપરાગત માળખા કરતા પોતાની ખુશી અને પ્રામાણિકતાને મહત્વ આપતી અભિનેત્રીના આ વિચારો બોલિવૂડમાં નવી વિચારધારાને જન્મ આપી રહ્યા છે.

> **શહાનાના મતે, તેમનું બ્રેકઅપ પ્રેમ ન હોવાને કારણે નહીં, પરંતુ જીવનના અલગ-અલગ દ્રષ્ટિકોણ અને પ્રાથમિકતાઓને કારણે થયું હતું**

# વાસુ ભગનાનીએ ડેવિડ ધવન પર ₹400 કરોડ કેસ કર્યો

### ફિલ્મ 'હે જવાની તો ઇશ્ક હોના હૈ'ના ચુનરી ચુનરી ગીત પર વિવાદ; રિલીઝ રોકવાની માંગ

મુંબઈ

ફિલ્મ પ્રોડ્યુસર વાસુ ભગનાનીની કંપની પૂજા એન્ટરટેઈનમેન્ટે ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝ અને ફિલ્મ મેકર ડેવિડ ધવન વિરુદ્ધ બોમ્બે હાઈકોર્ટમાં 400 કરોડ રૂપિયાનો કેસ કર્યો છે. આ વિવાદ વરુણ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'માં 1999ની હિટ ફિલ્મ 'બીવી નંબર 1'ના બે ગીતોના ઉપયોગને લઈને છે. વાસુ ભગનાનીનો દાવો છે કે ટિપ્સ પાસે આ ગીતોના વિઝ્યુઅલ રાઈટ્સ નથી. તેણે ફિલ્મની રિલીઝ રોકવા અને તેનું ટાઈટલ બદલવાની માંગ કરી છે. જ્યારે ટિપ્સે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. 'ચુનરી ચુનરી' અને 'ઈશ્ક સોના હૈ' ગીતો પર વિવાદ ડિરેક્ટર ડેવિડ ધવનની વરુણ ધવન, પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર અભિનીત આ ફિલ્મ 5 જૂન 2026ના રોજ રિલીઝ થવાની છે. આમાં 'બીવી નંબર 1'ના બે પ્રખ્યાત ગીતો 'ચુનરી ચુનરી' અને 'ઈશ્ક સોના હૈ'ને ફરીથી બનાવવામાં આવ્યા છે. પૂજા એન્ટરટેઈનમેન્ટે વકીલ વીકે દુબે એસોસિએટ્સ દ્વારા કોર્ટમાં અરજી કરી છે. આમાં ફિલ્મની રિલીઝ, ડિસ્ટ્રિબ્યુશન અને સ્ટ્રીમિંગ પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરવામાં આવી છે. કંપનીનું કહેવું છે કે ફિલ્મનું ટાઈટલ પણ ગીતમાંથી લેવામાં આવ્યું છે, તેથી તેને બદલવામાં આવે. વાત ન માનવા પર 100 કરોડ રૂપિયાનું વધારાનું વળતર માંગવામાં આવ્યું છે. ટિપ્સ પાસે માત્ર ઓડિયો રાઈટ્સ હતા વાસુ ભગનાણીના વકીલે ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું કે પહેલા ફિલ્મોના રાઈટ્સ કરારોના આધારે નક્કી થતા હતા. ટિપ્સ પાસે ફક્ત આ ગીતોના ઓડિયો રાઈટ્સ હતા. વર્ષ 2018માં ટિપ્સે ઈમેલ મોકલીને વિઝ્યુઅલ રાઈટ્સ માંગ્યા હતા, પરંતુ બંને પક્ષો વચ્ચે કોઈ સહમતિ બની શકી ન હતી. પૂજા એન્ટરટેઈનમેન્ટે હવે એક નોટિસ મોકલીને ટિપ્સને આપવામાં આવેલા જૂના ઓડિયો રાઈટ્સ પણ કેન્સલ કરી દીધા છે. વકીલે કહ્યું કે જો ટિપ્સ પાસે કાયદાકીય રાઈટ્સ છે, તો તેમને કોર્ટમાં દસ્તાવેજો બતાવવા પડશે. ટિપ્સ કંપનીએ આરોપોને ખોટા ગણાવ્યા બીજી તરફ, ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝના રમેશ તૌરાનીએ આ તમામ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે.





# શાહરુખ-આલિયા સાથે અણબનાવ? ઈન્સ્ટા પર અનફોલો મુદ્દે કરણ જોહરે તોડ્યું મૌન!

### ઈન્સ્ટાગ્રામ પર મારો સમય અને એનર્જીનો બગાડ ઓછો કરવા માટે હું દરેકને અનફોલો કરી રહ્યો છું! ભગવાન માટે, આ કઈ નેશનલ ન્યૂઝ ન હોઈ શકે... મહેરબાની કરીને ક્લિકબેટ માટે કોઈ બીજો મુદ્દો શોધો! આ બિલકુલ બિનજરૂરી બાબત છે!'

મુંબઈ

બોલિવૂડ ફિલ્મમેકર કરણ જોહર સોશિયલ મીડિયા પર પોતાના એક પગલાંને કારણે જોરદાર ચર્ચામાં આવ્યો છે. તાજેતરમાં જ કરણ જોહરે અચાનક ઈન્સ્ટાગ્રામ પર બોલિવૂડના અનેક મોટા કલાકારોને અનફોલો કરી દીધા હતા, જેના કારણે ઈન્ટરનેટ પર અફવાઓનું બજાર ગરમ થઈ ગયું હતું. લોકો અટકળો લગાવી રહ્યા હતા કે શું કરણ જોહરને પોતાના ઈન્ડસ્ટ્રીના મિત્રો સાથે કોઈ અણબનાવ થયો છે? જોકે, હવે આ તમામ અટકળો અને અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતાં કરણ જોહરે પોતે જ આ પાછળનું અસલી કારણ જાહેર કર્યું છે. મિત્રો સાથે ઝઘડો નહીં, પણ આ 'ખાસ' કારણથી લીધો નિર્ણય પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સ્પષ્ટતા કરતા કરણ જોહરે જણાવ્યું છે કે, સેલેબ્સને અનફોલો કરવાનો નિર્ણય કોઈ અંગત વિવાદ કે ઝઘડાના કારણે નથી લેવાયો, પરંતુ આ એક માત્ર 'ડિજિટલ ડિટોક્સ'(Digital Detox) છે. કરણે સોશિયલ મીડિયા પર ગુસ્સો વ્યક્ત કરતા લખ્યું, 'આ એક ડિજિટલ ડિટોક્સ છે! ઈન્સ્ટાગ્રામ પર મારો સમય અને એનર્જીનો બગાડ ઓછો કરવા માટે હું દરેકને અનફોલો કરી રહ્યો છું! ભગવાન માટે, આ કઈ નેશનલ ન્યૂઝ ન હોઈ શકે... મહેરબાની કરીને ક્લિકબેટ માટે કોઈ બીજો મુદ્દો શોધો! આ બિલકુલ બિનજરૂરી બાબત છે!' આ પહેલા નેટીઝન્સે નોટિસ કર્યું હતું કે કરણ જોહરના ઈન્સ્ટાગ્રામ ફોલોઈંગ લિસ્ટમાંથી બોલિવૂડના મોટા-મોટા નામો ગાયબ થઈ ગયા હતા. કરણે શાહરૂખ ખાન ઉપરાંત કરીના કપૂર ખાન, મલાઈકા અરોરા, આલિયા ભટ્ટ, વરુણ ધવન, સિદ્ધાર્થ મલ્હોત્રા, કાર્તિક આર્યન, અનન્યા પાંડે અને સેલિબ્રિટી ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા જેવા નજીકના મિત્રોને પણ અનફોલો કરી દીધા હતા.

જોકે, સૌથી રસપ્રદ વાત એ રહી કે આ બધાની વચ્ચે પણ ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા હજી પણ કરણના ફોલોઈંગ લિસ્ટમાં સામેલ છે, જેના કારણે સોશિયલ મીડિયા પર ચર્ચા વધુ જોર પકડ્યું હતું. કરણ જોહર સોશિયલ મીડિયા પર ભારે લોકપ્રિયતા ધરાવે છે અને ઈન્સ્ટાગ્રામ પર તેના 17 મિલિયન (1.7 કરોડ)થી પણ વધુ ફોલોઅર્સ છે. પરંતુ આ ડિજિટલ ડિટોક્સના કારણે એક સમયે તેના અકાઉન્ટમાં ફોલોઈંગની સંખ્યા ઘટીને માત્ર 78 થઈ ગઈ હતી. કરણ હવે પોતાનો કિંમતી સમય સોશિયલ મીડિયા સ્ક્રોલ કરવામાં બગાડવા નથી માંગતો અને તેથી જ તેણે આ નિર્ણય લીધો છે.





# હિજાબ લુકમાં અંકિતા લોખંડે ટ્રોલ થઈ, સોશિયલ મીડિયા ગરમાયું

મુંબઈ

અભિનેત્રી અંકિતા લોખંડેએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર અબુ ધાબીના ફોટા શેર કર્યા છે. તેણીએ તેના પતિ વિકી જૈન સાથે અબુ ધાબીની યાત્રા કરી હતી. આ ફોટામાં, અંકિતા લોખંડે હિજાબ પહેરેલી જોઈ શકાય છે. ચાહકોને અંકિતાનું હિજાબ પહેરવું ગમ્યું નહીં, અને ટ્રોલનો સામનો કરવો પડ્યો.

અંકિતાએ ફોટાને કેપ્શન આપ્યું, "મારા કેમેરા દ્વારા અબુ ધાબી પ્રેમ. શોધ, હાસ્ય અને યાદો." ફોટામાં, અંકિતાએ વિવિધ સ્થળોની ઝલક બતાવી. તેણીએ ટૂંકા ડ્રેસથી લઈને હિજાબ સુધીની દરેક વસ્તુમાં ફોટા શેર કર્યા. એક ફોટામાં, તેણે મસ્જિદની બહારના ફોટા શેર કર્યા. અંકિતાએ ઈસ્લામિક સંસ્કૃતિ મુજબ હિજાબ પણ પહેર્યો હતો. તેણીએ જીન્સ અને ટી-શર્ટ ઉપર તે પહેર્યું હતું. આ કારણે યુઝર્સે તેણીને ટ્રોલ કરી. એક યુઝરે લખ્યું, "અંકિતા, તું એક મરાઠી છોકરી છે; હિજાબ તને સારો લાગતો નથી." બીજાએ લખ્યું, "કેટલાક હિન્દુઓ ધર્મનિરપેક્ષ છે, પરંતુ એક પણ મુસ્લિમ ધર્મનિરપેક્ષ નહીં હોય. આ કઠોર સત્ય છે. અંકિતા હિજાબ કેમ પહેરી રહી છે?" કેટલાક યુઝર્સ લખી રહ્યા છે, "અંકિતાને અનફોલો કરો." અંકિતાની પોસ્ટ પર ઘણી સમાન ટિપ્પણીઓ છે. અંકિતા લોખંડે એક ગૌશાળાની મુલાકાત લીધી હતી

નોંધનીય છે કે થોડા દિવસો પહેલા અંકિતા લોખંડે એક ગૌશાળાની મુલાકાત લીધી હતી. તેણીએ ત્યાં ગાયોની સેવા કરી અને ગાયનું છાણ એકઠું કર્યું. તેના પતિ વિક્કી જૈન પણ તેની સાથે હતા. તેના ગૌ સેવાના ફોટા અને વીડિયો વાયરલ થયા હતા.

અંકિતા લોખંડે હાલમાં "લાફ્ટર શેફ" શોમાં દેખાઈ રહી છે, જ્યાં તે તેના પતિ વિક્કી જૈન સાથે દેખાય છે. આ જોડી ખૂબ જ લોકપ્રિય છે. અંકિતા શોમાં ખૂબ જ મસ્તી કરતી જોવા મળે છે. અંકિતાને શો પવિત્ર રિશ્તાથી ખ્યાતિ મળી, જેમાં તેણીએ અર્ચનાની ભૂમિકા ભજવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ અંકિતા પોતાના ફોટો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યા હતા. અભિનેત્રી અંકિતા લોખંડેએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર અબુ ધાબીના ફોટા શેર કર્યા છે. તેણીએ તેના પતિ વિકી જૈન સાથે અબુ ધાબીની યાત્રા કરી હતી. આ ફોટામાં, અંકિતા લોખંડે હિજાબ પહેરેલી જોઈ શકાય છે. ચાહકોને અંકિતાનું હિજાબ પહેરવું ગમ્યું નહીં, અને ટ્રોલનો સામનો કરવો પડ્યો. અંકિતાએ ફોટાને કેપ્શન આપ્યું, "મારા કેમેરા દ્વારા અબુ ધાબી પ્રેમ. શોધ, હાસ્ય અને યાદો." ફોટામાં, અંકિતાએ વિવિધ સ્થળોની ઝલક બતાવી.

# ડોન-3 વિવાદમાં 'ભાઈજાન'ની એન્ટ્રી! રણવીર સિંહ અને ફરહાન અખ્તર વચ્ચે સલમાન ખાનની મધ્યસ્થી

મુંબઈ

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને અભિનેતા રણવીર સિંહ અને ફિલ્મ મેકર ફરહાન અખ્તર વચ્ચે ચાલી રહેલા વિવાદને શાંત કરવા માટે મધ્યસ્થતા કરી છે. આ આખો વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે રણવીર સિંહે અચાનક જ મોટી ફિલ્મ 'ડોન 3' છોડી દીધી હતી. રણવીરના આ નિર્ણયના વિરોધમાં ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE)એ તેની સામે નોન-કોઓપરેશન નોટિસ (અસહકારનો પ્રસ્તાવ) જાહેર કરી દીધી હતી. આ મામલો વધુ ન બગડે તે માટે સલમાન ખાને પોતે આગળ આવીને બંને પક્ષો સાથે અંગત રીતે વાતચીત કરી છે અને વિવાદને શાંતિથી ઉકેલવાનો પ્રયાસ કર્યો છે.

સલમાને બંને પક્ષો સાથે ફોન પર કરી વાત, આપી ખાસ સલાહ સલમાન ખાનના સંબંધો રણવીર સિંહ અને ફરહાન અખ્તર બંને સાથે ખૂબ જ સારા છે, તેથી આ ગંભીર વિવાદને ઉકેલવા તેમણે પોતે પહેલ કરી છે. સલમાને બંને કલાકારો સાથે ફોન પર વાત કરીને તેમનો પક્ષ સાંભળ્યો હતો. તેમણે બંનેને સમજાવ્યા કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવા મોટા પ્રોજેક્ટ્સ દરમિયાન વિચારોમાં મતભેદ (ક્રિએટિવ ડિફરન્સિસ) થવા એ બહુ સામાન્ય બાબત છે. સલમાન ખાને ફરહાન અખ્તરને ખાસ સલાહ આપી કે આ વિવાદને વધુ ખેંચવો યોગ્ય નથી અને પોતાના પ્રોફેશનલ સંબંધો બગાડ્યા વગર આ મામલો અહીં જ પૂરો કરી દેવો જોઈએ. સલમાન ખાને રણવીર સિંહ અને ફરહાન અખ્તર બંનેને આ વિવાદ ભૂલીને આગળ વધવા કહ્યું છે. તેણે સમજાવ્યું કે જ્યારે આ મામલો પૂરી રીતે શાંત થઈ જાય, ત્યારે તેમણે ભવિષ્યમાં ફરી એકબીજા સાથે કામ કરવા માટે તૈયાર રહેવું જોઈએ. સલમાન ખાનની આ સમજાવટ અને મધ્યસ્થતા બાદ એવી આશા રાખવામાં આવી રહી છે કે બંને પક્ષો વચ્ચે ચાલી રહેલો તણાવ હવે ઓછો થઈ શકે છે. આ વિવાદ પાછળનું મુખ્ય કારણ 'ડોન 3'ના પ્રી-પ્રોડક્શન પર થયેલો મોટો ખર્ચ હોવાનું કહેવાય છે.





## પાકિસ્તાની કોચે વૈભવને ‘મિસ્ટર યુનિવર્સ’ ગણાવ્યો

# વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના પાકિસ્તાનીઓએ કર્યા વખાણ

નવી દિલ્હી

રાજસ્થાન રોયલ્સના 15 વર્ષના બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે એલિમિનેટર મેચમાં માત્ર 29 બોલમાં 97 રનની તોફાની ઈનિંગ રમીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. વૈભવના આ પરાક્રમની ચર્ચા ભારત કરતાં પણ પાકિસ્તાનમાં વધુ થઈ રહી છે. ત્યાંના પૂર્વ ક્રિકેટરો અને રમતગમતના નિષ્ણાતો વૈભવના વખાણ કરતાં થાકતા નથી અને તેને ક્રિકેટનો આગામી સુપરસ્ટાર ગણાવી રહ્યા છે. પાકિસ્તાની કોચે વૈભવને ‘મિસ્ટર યુનિવર્સ’ ગણાવ્યો વૈભવ 28 બોલમાં 97 રન બનાવીને ક્રિસ ગેલનો 13 વર્ષ જૂનો 30 બોલમાં સદીનો રેકોર્ડ તોડવાની નજીક હતો, પરંતુ પ્રફુલ્લ હિંગેના બોલ પર કેચ આઉટ થઈ ગયો હતો. તેના આ પ્રદર્શનથી પ્રભાવિત થઈને પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર અને કોચ બાસિત અલીએ પોતાની યુટ્યુબ ચેનલ પર વૈભવને ‘કોમ્પ્લાન બોય’ કહીને તેની સરખામણી ગેલ સાથે કરી હતી. તેમણે તાળીઓ વગાડતા કહ્યું કે, ‘ગેયલ હતા મિસ્ટર યુનિવર્સ પરંતુ હવે તો આ બાળક મિસ્ટર યુનિવર્સ બની ગયો છે. કોમ્પ્લાન પીવા વાળો બબલૂ... તમે કહો છો કે હું તેને સૂર્યવંશી કહું. શું જબરદસ્ત બેટિંગ કરી છે... આવનારા દિવસોમાં ગેલનો રેકોર્ડ પણ તોડી નાખશે આ બાળક. જ્યારે આ બબલૂ ઈન્ટરનેશનલ ક્રિકેટ રમશે ત્યારે આખી દુનિયામાં છવાઈ જશે. ઈસ્ટ ટુ વેસ્ટ, સૂર્યવંશી ઈઝ ધ બેસ્ટ... તમે મિસ્ટર યુનિવર્સ છો, બસ આવી જ રીતે રમતા રહો.’ પાકિસ્તાની ન્યૂઝ શો અને સોશિયલ મીડિયા પર પણ વૈભવના જ ભરપૂર વખાણ થઈ રહ્યા છે. કરાચીના એક નાગરિકે કહ્યું કે, ‘કરાચીમાં ઈદ, પરંતુ લોકો સૌથી વધુ અભિનંદન વૈભવ



સૂર્યવંશીને આપી રહ્યા છે.’ આ શોના હોસ્ટે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે, ‘29 બોલમાં આ બાળકે 97 રન બનાવ્યા છે અને સાડા ત્રણસોની સ્ટ્રાઈક રેટ છે. સામે કોઈ પણ બોલર હોય, બધાને ધોઈ રહ્યો છે. દુનિયા આ જોઈને હેરાન છે કે આ બાળક ક્યાંય એઆઈ જનરેટેડ (AI Generated) તો નથી ને!’ પાકિસ્તાનના સ્પોર્ટ્સ એનાલિસ્ટ મોહમ્મદ મોહસિને વૈભવની મહેનતના દમદાર વખાણ કરતા કહ્યું કે, ‘આવું ક્રિકેટ મેં ક્યારેય જોયું નથી અને વિચાર્યું પણ નહોતું. વૈભવ પાસે ગોડ ગિફ્ટેડ ટેલેન્ટ છે. તે પેટ કમિન્સ જેવા દિગ્ગજ બોલરને પણ સરળતાથી રમી ગયો, દબાણમાં રમવું તેનામાં નથી. તે સદીની ચિંતા કર્યા વગર માત્ર પોતાની રમત રમ્યો. મેં પણ નક્કી કર્યું હતું કે જ્યાં સુધી તે આઉટ નહીં થાય ત્યાં સુધી હું જમીશ નહીં.’

## ભારતીય મહિલા ટીમે ડંકો વગાડ્યો, પ્રથમ ટી20માં ઈંગ્લેન્ડને હરાવી

મુંબઈ

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝમાં મજબૂત શરૂઆત કરી હતી. તેમણે પ્રથમ T20 મેચમાં ઈંગ્લેન્ડને 38 રનથી હરાવ્યું હતું. આ સાથે, સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની ભારતીય ટીમે ત્રણ મેચની T20 શ્રેણીમાં 1-0થી લીડ મેળવી લીધી છે. જેમીમા રોડ્રિગ્સ અને યાસ્તિકા ભાટિયાએ ઈંગ્લેન્ડ સામે ભારતની જીતમાં મુખ્ય ફાળો આપ્યો હતો, જેમાં સાત વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો. આ મેચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કરનાર નંદિની શર્માએ પણ બોલિંગથી ધમાલ મચાવી હતી. શરૂઆતની નિષ્ફળતા પછી સૌથી વધુ પાવરપ્લે સ્કોર ચેમ્સફોર્ડ ખાતેની પ્રથમ T20I માં, ઈંગ્લેન્ડે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું. ભારતની શરૂઆત નબળી રહી. બંને ઓપનરો - સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા - પહેલી જ ઓવરમાં આઉટ થઈ ગયા. સ્મૃતિ પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી, અને શેફાલી ફક્ત 2 રન બનાવી શકી. જોકે, યાસ્તિકા ભાટિયા અને જેમીમા રોડ્રિગ્સે ત્યારબાદ મજબૂત પાવરપ્લે બનાવ્યો, જેનાથી ભારતનો ઈંગ્લેન્ડ સામેનો સૌથી વધુ સ્કોર સુરક્ષિત રહ્યો. ભારતે પ્રથમ છ ઓવરમાં 2 વિકેટે 73 રન બનાવ્યા. જેમીમાહ અને યાસ્તિકાએ ઈનિંગ્સને સ્થિર બનાવી, એક રેકોર્ડ તોડ્યો પાવરપ્લેમાં ભારતની નબળી શરૂઆતને સ્થિર કર્યા પછી, યાસ્તિકા ભાટિયા અને જેમીમાહ રોડ્રિગ્સે તેમનો અણનમ ક્રમ ચાલુ રાખ્યો. પરિણામે, તેમણે ત્રીજી વિકેટ માટે ભારતીય મહિલા T20I રેકોર્ડ તોડ્યો. મહિલા ટી20માં ત્રીજી વિકેટ માટે સૌથી વધુ ભાગીદારીનો ભારતીય રેકોર્ડ અગાઉ વેદ કૃષ્ણમૂર્તિ અને જેમીમા રોડ્રિગ્ઝના નામે હતો. તેમણે 20 નવેમ્બર, 2019 ના રોજ વેસ્ટ ઈન્ડિઝ સામે 117 રન ઉમેર્યા હતા. જોકે, સાત વર્ષ પછી, યાસ્તિકા ભાટિયા અને જેમીમા રોડ્રિગ્ઝે 126 રનની ભાગીદારી સાથે આ રેકોર્ડ તોડ્યો. નોંધપાત્ર રીતે, જેમીમા રોડ્રિગ્ઝ બંને ભાગીદારીમાં સામેલ હતા.

### ખેલાડીઓની યાદી મહિનાની શરૂઆતમાં જાપાન મોકલાઈ હતી

## રેસલર વિનેશ ફોગાટને સુપ્રીમથી મળી રાહત, 2026 એશિયન ગેમ્સના ટ્રાયલમાં ભાગ લઈ શકશે

મુંબઈ

રેસલર વિનેશ ફોગાટને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેમને એશિયન ગેમ્સ સિલેક્શન ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપી છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો છે અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) ની અરજી પર નોટિસ જારી કરી છે. વધુ સુનાવણી 1 જૂને થશે. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) એ દિલ્હી હાઈકોર્ટના ઓલિમ્પિક રેસલર વિનેશ ફોગાટને 2026 એશિયન ગેમ્સ માટે સિલેક્શન ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપવાના આદેશને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી, જે શનિવારે નવી દિલ્હીમાં યોજાવાની છે. WFI એ તેની સ્પેશિયલ લીવ પિટિશન (SLP) માં દિલ્હી હાઈકોર્ટના 22 મેના ડિવિઝન બેન્ચના આદેશને પ્રથમ દૃષ્ટિએ ગેરકાયદેસર ગણાવ્યો હતો. WFI એ દલીલ કરી હતી કે વિનેશના પક્ષમાં આદેશ જારી કરતા પહેલા ફેડરેશનને વિગતવાર જવાબ દાખલ કરવાની પૂરતી તક આપવામાં આવી ન હતી. ફેડરેશને સંકેત આપ્યો હતો કે જો ફોગાટ ટ્રાયલમાંથી ક્વોલિફાય થાય છે, તો પણ લોજિસ્ટિકલ સમસ્યાઓ હોઈ શકે છે, કારણ કે સ્પર્ધામાં ભાગ લેનારા ખેલાડીઓની યાદી આ મહિનાની શરૂઆતમાં જાપાન મોકલવામાં આવી હતી. ફેડરેશને એમ પણ કહ્યું હતું કે જો અમે કોઈક રીતે તેને એક આઈકોનિક ખેલાડી તરીકે ટીમમાં સામેલ કરી લઈએ છીએ તો પણ તેણે ફક્ત 50 કિગ્રા શ્રેણીમાં જ સ્પર્ધા કરવી પડશે. બીજી તરફ એશિયન ગેમ્સના સિલેક્શનની ટ્રાયલ 30 અને 31 મેના રોજ યોજાવાની છે. વિનેશે 2023 માં WFIના તત્કાલીન પ્રમુખ અને ભાજપ નેતા બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે જાતીય સતામણીના આરોપોને લઈને મહિલા કુસ્તીબાજો સાથે ધરણામાં ભાગ લીધો હતો. 2024માં પેરિસ ઓલિમ્પિકમાં નિર્ધારિત વજન મર્યાદા કરતાં 100 ગ્રામ વધુ વજન હોવાને કારણે તેને 50 કિગ્રા શ્રેણીની ફાઈનલમાંથી ગેરલાયક ઠેરવવામાં આવી હતી, ત્યારબાદ તેણે કુસ્તીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

# મુંબઈ ઈન્ડિયન્સમાંથી હાર્દિક પંડ્યાની વિદાય નક્કી

## રોહિત શર્માની 'મરજી'થી બનશે નવો કેપ્ટન: રિપોર્ટ

મુંબઈ

IPL 2026માં ખરાબ પ્રદર્શન બાદ મુંબઈ ઈન્ડિયન્સમાં મોટું સંકટ સર્જાયું છે. સ્પોર્ટ્સ મીડિયા અહેવાલો અનુસાર હાર્દિક પંડ્યાને કેપ્ટન પદ પરથી હટાવવાની તૈયારીઓ ચાલી રહી છે, એટલું જ નહીં, મેનેજમેન્ટ સાથેના ખરાબ સંબંધોને કારણે તે ટીમ છોડવાનું વિચારી રહ્યો છે. મેનેજમેન્ટનો મત- રોહિત શર્માને હટાવવાની ભૂલ ભારે પડી! મુંબઈ ઈન્ડિયન્સે 2026ની સીઝનમાં 14માંથી માત્ર 4 મેચ જીતી છે. આ નિષ્ફળતા બાદ હવે ફ્રેન્ચાઈઝી પોતાની ભૂલ સુધારવા માંગે છે. 2024માં રોહિત શર્માને હટાવીને હાર્દિકને કેપ્ટન બનાવવો એ નિર્ણય ટીમ માટે ઘાતક સાબિત થયો છે. હવે મુંબઈ ઈન્ડિયન્સનું મેનેજમેન્ટ આવી ભૂલ ફરી કરવા માંગતું નથી. રોહિત શર્માના આશીર્વાદથી નક્કી કરાશે નવો કેપ્ટન આગામી કેપ્ટન કોણ હશે? તે



પ્રશ્નના જવાબમાં સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે મુંબઈ ઈન્ડિયન્સનો નવો કેપ્ટન તે જ હશે જેને 'રોહિત શર્માના આશીર્વાદ' હશે. જોકે, રોહિત શર્મા પોતે ફરીથી કેપ્ટન બનશે નહીં, પરંતુ તે નવા કેપ્ટનની પસંદગીમાં મહત્વની ભૂમિકા ભજવશે. હાર્દિક પંડ્યાની વિદાય? હાર્દિક પંડ્યા અને ટીમ વચ્ચે સંબંધો તણાવપૂર્ણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સૂત્રો અનુસાર હાર્દિક ટ્રાન્સફર માટે વિનંતી કરશે. આશરે બે અઠવાડિયામાં હાર્દિક પંડ્યાના ભવિષ્ય અંગે સ્પષ્ટ નિર્ણય આવી શકે છે. રોહિત શર્માની સલાહથી લેવાયેલો નિર્ણય મુંબઈ ઈન્ડિયન્સને ફરી એકવાર સફળતાના પથ પર લાવશે કે કેમ, તે જોવું રસપ્રદ રહેશે. બીજી તરફ બદ્રીનાથે સૂચન કર્યું છે કે મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિક પંડ્યાને ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે ટ્રેડ કરવો જોઈએ. આ પ્લાન મુજબ, હાર્દિક પંડ્યાના બદલામાં મુંબઈ ઈન્ડિયન્સને CSK પાસેથી શિવમ દુબે અને આયુષ મ્હાત્રે મળી શકે છે. બદ્રીનાથના મતે, હાર્દિકનું આગમન CSKની બ્રાન્ડને એક અલગ જ સ્તર પર લઈ જઈ શકે છે. તેમણે કહ્યું કે, જો હું MI હોત, તો હું હાર્દિકને શિવમ દુબે અને આયુષ મ્હાત્રેના બદલામાં ટ્રેડ કરત. સંજુ સેમસન, ઋતુરાજ ગાયકવાડ અને હાર્દિક પંડ્યાની ત્રિપુટી CSKને નવી ઊંચાઈઓ પર લઈ જશે. સ્પોર્ટ્સ મીડિયા અહેવાલો અનુસાર હાર્દિક પંડ્યાને કેપ્ટન પદ પરથી હટાવવાની તૈયારીઓ ચાલી રહી છે, એટલું જ નહીં, મેનેજમેન્ટ સાથેના ખરાબ સંબંધોને કારણે તે ટીમ છોડવાનું વિચારી રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સે 2026ની સીઝનમાં 14માંથી માત્ર 4 મેચ જીતી છે. આ નિષ્ફળતા બાદ હવે ફ્રેન્ચાઈઝી પોતાની ભૂલ સુધારવા માંગે છે. 2024માં રોહિત શર્માને હટાવીને હાર્દિકને કેપ્ટન બનાવવો એ નિર્ણય ટીમ માટે ઘાતક સાબિત થયો છે. હવે મુંબઈ ઈન્ડિયન્સનું મેનેજમેન્ટ આવી ભૂલ ફરી કરવા માંગતું નથી.



## નિફ્ટી 359 પોઈન્ટ ઘટીને 23,547 પર આવ્યો

# સેન્સેક્સ 1092 પોઈન્ટ ઘટીને 74,775 પર બંધ

- ઓટો-મેટલ શેરો સૌથી વધુ ઘટ્યા

મુંબઈ

ભારતીય શેરબજારમાં અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. 29 મેના રોજ બંને મુખ્ય સૂચકાંકો, BSE સેન્સેક્સ અને NSE નિફ્ટી, લાલ નિશાનમાં બંધ થયા. આજે સેન્સેક્સ ૧,૦૯૨ પોઈન્ટ ઘટીને ૭૪,૭૭૫.૭૪ પર બંધ થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નિફ્ટી પણ ૩૫૯.૪૦ પોઈન્ટ ઘટીને ૨૩,૫૪૭.૭૫ પર બંધ થયો હતો. શેરબજારમાં ઘટાડાથી રોકાણકારોમાં ચિંતા આજે સવારે શેરબજારની સુસ્ત



શરૂઆત થયા બાદ તેજી જોવા મળી હતી. જ્યારે બજાર બંધ થવાના સમયે 3.30 વાગ્યે સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બજારમાં આ મોટો ઘટાડો થતા રોકાણકારોને ચિંતા પેઠી. શુક્રવારે સેન્સેક્સની 30 માંથી ચાર કંપનીઓના શેર વધ્યા હતા. ટેક મહિન્દ્રા, HCL ટેક, LT અને એશિયન પેઈન્ટ્સમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. બીજી તરફ પાવર ગ્રીડમાં 4 ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. ઈન્ડિગો, બજાજ ફાઈનાન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટાટા સ્ટીલના શેરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. બપોર બાદ શેરબજારનું વલણ બદલાયું થયો ઘટાડો આજે બપોરે ૩:૨૭ વાગ્યે સ્થાનિક શેરબજારની સ્થિતિ નોંધપાત્ર રીતે બગડી ગઈ છે. સેન્સેક્સ ૧૨૩૪.૩૬ પોઈન્ટ એટલે કે ૧.૬૩ ટકા ઘટીને ૭૪૬૩૩.૪૪ પોઈન્ટ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ દરમિયાન, નિફ્ટી ૧.૭૩ ટકા એટલે કે ૪૧૦.૧૦ પોઈન્ટ ઘટીને ૨૩૪૯૬ પોઈન્ટ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બપોરે 1:08 ના સમયે શેરબજારે ખરાબ વળાંક લીધો છે. સેન્સેક્સ 234 પોઈન્ટ ઘટીને 75633 પર પહોંચી ગયો છે. નિફ્ટી પણ 112 પોઈન્ટ ઘટીને 23794 પર પહોંચી ગયો છે.

## એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.699, ચાંદીના વાયદામાં રૂ.1640નો ઘટાડો

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.210ની નરમાઈ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.26723.39 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.682817.58 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 18870.48 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.709540.97 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.26723.39 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.682817.58 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2756.3 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 18870.48 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.156316ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.157197 અને નીચામાં રૂ.155899ના સ્તરને સ્પર્શી, રૂ.156925ના આગલા બંધ સામે રૂ.699 ઘટી રૂ.156226ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.240 વધી રૂ.125700 થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.13 વધી રૂ.15705 થયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.330 ઘટી રૂ.156006ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.156664ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.157999 અને નીચામાં રૂ.156196ના મથાળે અથડાઈ, રૂ.156249ના આગલા બંધ સામે રૂ.364 વધી રૂ.156613 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.268368ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.269400 અને નીચામાં રૂ.265323ના મથાળે અથડાઈ, રૂ.269537ના આગલા બંધ સામે રૂ.1640 ઘટી રૂ.267897ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.1404 ઘટી રૂ.272399ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.1492 ઘટી રૂ.272348ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 2420.13 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.8.45 ઘટી રૂ.1329.05 થયો હતો. જસત મે વાયદો રૂ.7.45 ઘટી રૂ.366ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.2.9 ઘટી રૂ.388.85ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું મે વાયદો રૂ.1.05 વધી રૂ.205.05ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 5253.44 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4924ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4934 અને નીચામાં રૂ.4830ના સ્તરને સ્પર્શી, રૂ.66 ઘટી રૂ.4850ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.8460ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8529 અને નીચામાં રૂ.8276ના સ્તરને સ્પર્શી, રૂ.8537ના આગલા બંધ સામે રૂ.210 ઘટી રૂ.8327 થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.211 ઘટી રૂ.8328ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.4.1 વધી રૂ.318ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.4.1 વધી રૂ.318 થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.959ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.959 થયો હતો. એલચી જૂન વાયદો કિલોદીઠ રૂ.2707ના ભાવે ખૂલી, રૂ.2 ઘટી રૂ.2785ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 13371.18 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 5499.30 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. 1734.10 કરોડ, એલ્યુમિનિયમ, એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 317.86 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 4.06 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 360.97 કરોડનાં કામકાજ થયાં હતાં.




### વિભાજન પછી કંપનીઓનું વધુ સારું પ્રદર્શન

# 43 અબજ ડોલરના 50 સોદા સાથે, બિઝનેસ ડિમર્જરમાં વધારો

મુંબઈ

તાજેતરના વર્ષોમાં, કંપનીઓ તેમના વિભાગોને અલગ અલગ વ્યવસાયોમાં વિભાજીત કરી રહી છે. ડેટા દર્શાવે છે કે ૨૦૨૬ સુધીના ત્રણ વર્ષમાં આવા ૫૦ સોદા થયા છે, જેનું કુલ મૂલ્ય આશરે ૪૩ અબજ ડોલર છે. કોર્પોરેટ નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, ભારતમાં કંપનીઓ વાધુને વાધુ ડિમર્જરનો વિકલ્પ પસંદ કરી રહી છે કારણ કે પ્રમોટર્સ અને બોર્ડને ખ્યાલ આવી રહ્યો છે કે બજાર હવે જટિલતાને મહત્વ આપતું નથી. રોકાણકારો એવા વ્યવસાયોને પસંદ કરે છે જે એક જ વ્યવસાય પર કેન્દ્રિત હોય, વ્યવસ્થિત મૂડી ફાળવણી, સ્વતંત્ર મેનેજમેન્ટ ટીમો, સ્પષ્ટ વ્યૂહાત્મક ધ્યાન અને પારદર્શક પ્રદર્શન મેટ્રિક્સ હોય. ડિમર્જર દરેક વ્યવસાયને યોગ્ય શેરાધારકો શોધવા, તેની વૃદ્ધિ વ્યૂહરચના અનુસરવા અને મોટા સમૂહોના ડિસ્કાઉન્ટને દૂર કરીને તેનું સાચું મૂલ્ય ખોલવાની મંજૂરી આપે છે. બજાર વિશ્લેષકોના મતે, મર્જરને સામાન્ય રીતે નકારાત્મક રીતે જોવામાં આવે છે કારણ કે તે ઘણીવાર નિષ્ફળ જાય છે અને કંપનીઓ માટે અસંખ્ય સમસ્યાઓ ઊભી કરે છે, જેના કારણે કામગીરી નબળી પડે છે. જો કે, વિભાજનને અલગ રીતે જોવામાં આવે છે.

એવું માનવામાં આવે છે કે મોટાભાગની કંપનીઓ વિભાજન પછી વાધુ સારું પ્રદર્શન કરે છે. તાજેતરમાં વેદાંત દ્વારા તેની કંપનીને પાંચ અલગ અલગ કંપનીઓ વિભાજીત કરાઈ છે. અન્ય ડિમર્જરમાં, ટાટા મોટર્સે તેના પેસેન્જર અને કોમર્શિયલ વાહન વ્યવસાયોને અલગ કર્યા છે. વાધુમાં, હિન્દુસ્તાન યુનિલિવરે તેના આઈસ્ક્રીમ યુનિટ, ક્વોલિટી વોલ્સ (ભારત) ને વિભાજીત કર્યા છે. નેટકો ફાર્માસ્યુટિકલ્સે તેના એગ્રોકેમિકલ્સ યુનિટને અલગ કરવાની જાહેરાત કરી છે. તેવી જ રીતે, જ્યુબિલન્ટ એગ્રી એન્ડ કન્ઝયુમર પ્રોડક્ટ્સે પણ તેના કૃષિ અને ગ્રાહક વ્યવસાયોને અલગ કરવાની જાહેરાત કરી છે. અનલિસ્ટેડ ક્ષેત્રમાં, બાથ સોપ અને ડિટર્જન્ટ ઉત્પાદક નિરમા અને ઓક્યુલર એન્ટરપ્રાઈઝ વચ્ચે ડિમર્જરની જાહેરાત પણ કરવામાં આવી છે. ૨૦૨૫ માં, એકલા ભારતમાં ૪૦ બિલિયન ડોલરથી વધુ મૂલ્યના ડિમર્જર સોદા થયા હતા, જે ૨૦૧૫ પછી સૌથી વાધુ છે. ૨૦૨૬ માં ૭૬૪ મિલિયન ડોલર મૂલ્યના પાંચ વાધુ ડિમર્જર થયા છે. રસપ્રદ વાત એ છે કે, ભારત સહિત ઉભરતા બજારોમાં ડિમર્જર એવા સમયે વધ્યા છે જ્યારે વિકસિત બજારોમાં ડિમર્જરની ગતિ ધીમી પડી ગઈ છે. ૨૦૨૫માં, ૧૨૨ અબજ ડોલરના ૭૨ સોદા થયા હતા, જ્યારે ૨૦૧૫ (૧૩૯) અને ૨૦૨૧ (૧૦૬) માં વાર્ષિક ૧૦૦ સોદાઓ વટાવી ગયા હતા, જ્યારે આવા સોદાઓનું કુલ મૂલ્ય દર વર્ષે ૨૦૦ અબજ ડોલરથી વાધુ હતું.

# એમેઝોનના માલિકનું રોકેટ લોન્ચપેડ પર બ્લાસ્ટ

- ટેસ્ટિંગ દરમિયાન આગના ગોળામાં ફેરવાયું; બેઝોસે કહ્યું- તમામ કર્મચારીઓ સુરક્ષિત, ફરી પ્રયાસ કરીશું

મુંબઈ

એમેઝોનના માલિક જેફ બેઝોસની કંપની બ્લુ ઓરિજિનના ન્યૂ ગ્લેન રોકેટમાં ટેસ્ટ દરમિયાન લોન્ચ પેડ પર બ્લાસ્ટ થયો. ફૂટેજમાં જોઈ શકાય છે કે ધમાકા પછી રોકેટ આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું. બ્લુ ઓરિજિને જણાવ્યું કે ફ્લોરિડાના કેપ કેનાવેરલમાં ગુરુવારે રાત્રે લગભગ 9:00 વાગ્યે હોટફાયર ટેસ્ટ કરવામાં આવી રહ્યો હતો. આ જ ટેસ્ટ દરમિયાન રોકેટમાં ખામી આવી ગઈ અને આ દુર્ઘટના થઈ. આ ટેસ્ટ આગામી દિવસોમાં થનારા એક લોન્ચિંગની તૈયારીના સંબંધમાં કરવામાં આવી રહ્યો હતો. હોટ ફાયર ટેસ્ટ કોઈ રોકેટને અંતરિક્ષમાં મોકલતા પહેલા તેના એન્જિનની ક્ષમતા તપાસવાની એક અત્યંત જરૂરી પ્રક્રિયા છે. આમાં રોકેટને લોન્ચપેડ પર જ ક્લેમ્પ્સની મદદથી જમીન સાથે કડક રીતે બાંધી દેવામાં આવે છે. પછી નિર્ધારિત સમય માટે તેના એન્જિનોને પૂરી તાકાતથી ચાલુ કરવામાં આવે છે. બ્લુ ઓરિજિનના સ્થાપક જેફ બેઝોસે કહ્યું કે- અકસ્માતમાં બધા કર્મચારીઓ સુરક્ષિત છે. અમે અકસ્માતનું કારણ શોધવામાં લાગી ગયા છીએ. આજનો દિવસ ખૂબ જ મુશ્કેલ રહ્યો, પરંતુ જે પણ વસ્તુને ફરીથી બનાવવાની જરૂર પડશે, અમે તેને ફરીથી બનાવીશું અને ઉડાન પર પાછા ફરીશું. બ્રેવર્ડ કાઉન્ટી ઈમરજન્સી મેનેજમેન્ટ અનુસાર, લોન્ચ પેડ પર થયેલા આ વિસ્ફોટથી સામાન્ય જનતાને કોઈ ખતરો નથી. અમેરિકી સ્પેસ ફોર્સે જાણકારી આપી છે કે ઈમરજન્સી રિસ્પોન્ડર્સ ઘટના સ્થળે હાજર છે. આ સાથે જ અધિકારીઓ ઉપલબ્ધ ડેટાનું મૂલ્યાંકન કરવા અને ઘટનાના ચોક્કસ કારણની શોધ માટે બ્લુ ઓરિજિન સાથે મળીને કામ કરી રહ્યા છે.

### CNGના ભાવ વધતા મિનિમમ ભાડું 20ના બદલે 30 વસૂલશે

# સરકારે ભાડું ન વધારતા રિક્ષા યુનિયને વધારો જાહેર કર્યો

## પેટ્રોલ અને ડીઝલની સાથે સાથે CNGના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે, બે મહિનામાં CNGના ભાવમાં 6 રૂપિયા જેટલો વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. જેથી CNGના ભાવ 88ને પાર પહોંચી ગયા છે





અમદાવાદ

CNGના ભાવમાં સતત વધારો થતા હવે રિક્ષા ચાલકોએ પણ ભાડામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. અનેક વખત વાહન વ્યવહાર કમિશનરને ભાડામાં વધારો કરવા માટે રજૂઆત કરી હતી પરંતુ, છેલ્લા ત્રણ વર્ષથી ભાડામાં કોઈપણ પ્રકારનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો આવ્યો નહીં. જેથી, હવે આખરે કંટાળીને રિક્ષા ચાલક એકતા યુનિયન દ્વારા રિક્ષા ચાલકોને વધારા સાથેનું ભાડું વસૂલવા છૂટ આપી છે. જેથી, હવે મુસાફરોને એક કિલોમીટર દીઠ 20 રૂપિયા અને મિનિમમ 30 રૂપિયા ભાડું ચૂકવવું પડશે તેમજ રિક્ષાચાલક એક્તા યુનિયન દ્વારા મિનિમમ ભાડું 50 રૂપિયા સુધી વધારવા માટે સરકારને રજૂઆત પણ કરી છે.

પેટ્રોલ અને ડીઝલની સાથે સાથે CNGના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે મહિનામાં CNG ના ભાવમાં 6 રૂપિયા જેટલો વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. જેથી CNGના ભાવ 88ને પાર પહોંચી ગયા છે. જેના કારણે સૌથી વધુ રિક્ષા ચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે કારણ કે, છેલ્લા ત્રણ વર્ષથી ભાડામાં કોઈપણ વધારો કરવામાં આવ્યો નહીં પરંતુ, અનેક રજૂઆત છતાં ભાડામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં ન આવતા હવે રિક્ષા ચાલક એક્તા યુનિયન દ્વારા જાતે જ ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી દીધી છે.

અત્યાર સુધી મુસાફરોને મીનીમમ ભાડું 20 રૂપિયા ચુકવવુ પડતું હતું પરંતુ, હવે 10 રૂપિયાના વધારા સાથે 30 રૂપિયા ચૂકવવું પડશે. આજથી જ રીક્ષા ચાલકોએ મુસાફરો પાસેથી નવો ભાવ વધારો લેવાનું શરૂ કરી દીધું છે તેમજ મીનીમમ ભાડું જે 30 રૂપિયા છે તેના બદલે 50 રૂપિયા કરવા માટે પણ સરકારને રજૂઆત કરી છે કારણ કે, જ્યારે ભાડામાં વધારાની મંજૂરી માંગી ત્યારે CNGનો ભાવ 82 રૂપિયા હતો. અત્યારે CNGનો ભાવ 88ને પર પહોંચી ગયો છે. જેથી મીનીમમ ભાડું 30 રૂપિયાથી વધારીને 50 રૂપિયા નહીં કરવામાં આવે તો રિક્ષાચાલકોએ જાતે જ મુસાફરો પાસેથી 50 રૂપિયા ભાડું વસુલવાનું ચાલુ કરી દેશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં અમદાવાદ રિક્ષા એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, અવારનવાર CNG ગેસના ભાવમાં વધારો થઈ રહ્યો છે. જો કે આજે વાહન વ્યવહાર કમિશનર કચેરી ખાતે અમારી રૂબરૂ બેઠક થઈ હતી.

### 15 દિવસમાં પીવાના શુદ્ધ પાણીની સમસ્યા દૂર કરવાની મેયરે આપી મક્કમ ખાતરી

## જનતાની પીડા જોઈ અમદાવાદના મેયર એક્શન મોડમાં : લોકોની સમસ્યા સાંભળવા પૂર્વનિર્ધારિત પ્રવાસ ટૂંકાવ્યો..

અમદાવાદ

સ્થાનિક વિસ્તારમાં પીવાના પાણીની સર્જાયેલી વિકટ પરિસ્થિતિ અને જનતાની વ્યાપક બૂમરાણ વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના મેયર આજે ભારે એક્શન મોડમાં જોવા મળ્યા હતા. પ્રજાની મુશ્કેલીને પ્રાથમિકતા આપીને મેયરે પોતાનો પૂર્વનિર્ધારિત સત્તાવાર પ્રવાસ અધવચ્ચેથી જ ટૂંકાવી દીધો હતો અને સીધા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે પહોંચ્યા હતા. સ્થાનિકોની ઉગ્ર રજૂઆતો સાંભળ્યા બાદ મેયરે આગામી ૧૫ દિવસમાં જ પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા ઊભી કરવાની મક્કમ ખાતરી આપી છે.

છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારના નાગરિકો દૂષિત અને અપૂરતા પાણીની સમસ્યાથી ત્રાહિમામ પોકારી ગયા હતા. આ અંગેની જાણ થતાં જ મેયર



તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જ્યાં સ્થાનિક મહિલાઓ અને રહિશોએ પાણીની કિલ્લત અંગે મેયર સમક્ષ ભારે આક્રોશ ઠાલવ્યો હતો. જનતાની પીડા અને રજૂઆતોને ખૂબ જ ગંભીરતાથી સાંભળ્યા બાદ મેયરે સ્થળ પર જ ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓનો ઉધડો લીધો હતો.

'નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી ન મળે તે સાંખી લેવાય નહીં. તંત્રના વાંકે જનતાએ હેરાન થવું પડે તે ચલાવી લેવામાં નહીં આવે. મેં અધિકારીઓને કડક આદેશ આપ્યા છે. આગામી ૧૫ દિવસની અંદર આ વિસ્તારમાં શુદ્ધ પાણી લાઇનનું નેટવર્ક અને યોગ્ય વ્યવસ્થા ઊભી થઈ જશે તેની હું ખાતરી આપું છું.' મેયરે સંબંધિત વિભાગના હાઈડ્રોલિક અને એન્જિનિયરિંગ ટીમના અધિકારીઓને કડક શબ્દોમાં તાકીદ કરી છે કે, પ્રવાહી કામગીરી છોડીને યુદ્ધના ધોરણે નવી લાઇન અથવા વૈકલ્પિક સોર્સ ઊભો કરવામાં આવે. જો ૧૫ દિવસની સમયમર્યાદામાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે, તો જવાબદાર અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવાની પણ ચીમકી ઉચ્ચ સ્તરેથી આપવામાં આવી છે. મેયરના આ આકરા

## નાગાબાવાના નામે લૂંટ મચાવનાર 'મદારી ગેંગ'નો માસ્ટર માઇન્ડ ઝડપાયો

અમદાવાદ

લોકોની ધાર્મિક આસ્થા અને શ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવીને છેતરપિંડી તેમજ લૂંટ ચલાવતી કુખ્યાત 'મદારી ગેંગ'ના મુખ્ય સૂત્રધારને પકડી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી છે. નાગાબાવા અને ભુવાજીનો વેશ ધારણ કરીને લોકોને કટોકટીમાંથી ઉગારવાની લાલચ આપી સોનાના દાગીના તફડાવી લેતી આ ગેંગના માસ્ટર માઈન્ડને એલસીબી (LCB) ઝોન ૭ની ટીમે એક લાખ રૂપિયાના સોનાના દાગીના સાથે દબોચી લીધો છે. શાતિર ઢોંગી બાબાની ધરપકડ થતાં જ નરોડા પોલીસ મથકે નોંધાયેલા બે ગંભીર ગુનાના ભેદ ઉકેલાઈ ગયા છે. મળતી વિગતો મુજબ, આ ગેંગના સાગરીતો ભોળા નાગરિકોને પોતાની જાળમાં ફસાવવા માટે પવિત્ર સાધુ-સંતો અને ભુવાજીનો વેશ ધારણ કરતા હતા. તેઓ લોકોને વિધિના બહાને અથવા ગ્રહદશા નિવારવાના નામે ડરાવી-ધમકાવીને તેમના શરીરે પહેરેલા સોનાના કિંમતી દાગીના ઉતરાવી લેતા હતા અને નજર ચૂકવીને રફુચક્કર થઈ જતા હતા. અમદાવાદના નરોડા વિસ્તારમાં આ પ્રકારે લૂંટની ઘટનાઓ સામે આવતા એલસીબી ઝોન ૭ની ટીમે આ મામલે સઘન તપાસ શરૂ કરી હતી. પોલીસે ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી વોચ ગોઠવીને મદારી ગેંગના આ મુખ્ય સૂત્રધારને ઝડપી લીધો હતો. ધરપકડ દરમિયાન આરોપી પાસેથી અંદાજે એક લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીના મળી આવ્યા છે, જેને પોલીસે જપ્ત કર્યા છે.

### નાગરિકોના જીવ જોખમમાં મૂકતા પોલીસે ગુનો નોંધ્યો

## એરપોર્ટ રોડની સાઈડમાં હાથમાં અગ્નિ લઈને દોડતી મહિલાએ ઝાડ પર આગ લગાવવાનો કર્યો પ્રયાસ

અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ સર્કલથી ટર્મિનલ તરફ જવાનો રોડ સૌથી વ્યસ્ત અવરજવર વાળો હોય છે. દેશ-વિદેશથી આવતાં મુસાફરો આ રોડ ઉપરથી પસાર થતા હોય છે. ત્યારે એક અજાણી મહિલા હાથમાં લાકડી ઉપર આગ પ્રગટાવીને એરપોર્ટ સર્કલથી ઝંડા સર્કલ તરફ દોડીને જઈ રહી હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. મહિલાના હાથમાં લાકડી પર આગ લગાવેલી છે અને તેને લઈને રોડ ઉપર વાહનોની વચ્ચે દોડતી જોવા મળી હતી.નાગરિકોના જીવ જોખમાય તેવી રીતે બેફામ બની બેદરકારીથી હાથમાં આગ વાળી લાકડી લઈને જતા એરપોર્ટ પોલીસ દ્વારા વીડિયોના આધારે મહિલા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શહેરના એરપોર્ટ રોડ પરનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વાયરલ વીડિયોમાં



એરપોર્ટ સર્કલથી લઈને ઝંડા સર્કલ તરફ કેટલાક વાહનો જાય છે અને તેની વચ્ચે એક મહિલા પોતાના હાથમાં લાકડીમાં કંઈક સળગતી વસ્તુ લઈને જાહેર રોડ ઉપર દોડી રહી હતી. ત્યારબાદ થોડા આગળ જઈને ઝાડ ઉપર કોઈ વસ્તુ લટકતી હતી. તેમાં આગ લગાડવાનો પ્રયત્ન કરવા જતી હોવા અંગેનું જાણવા મળ્યું છે. આ વિડીયો એરપોર્ટ પોલીસના ધ્યાન ઉપર આવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પોલીસના ધ્યાન પર વીડિયો આવતાની સાથે જ તાત્કાલિક ધોરણે પોલીસ દ્વારા આ વીડિયોની તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા સમગ્ર મામલે ગુનો નોંધવામાં આવ્યો છે. અને આસપાસના CCTV ફૂટેજના આધારે મહિલાની ઓળખ કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. પોલીસે મહિલા વિરુદ્ધ જાહેરમાં અગ્નિ સળગાવીને નાગરિકોના જીવ જોખમાય તેવું બેદરકારી ભર્યું કૃત્ય કર્યાં હોવા અંગેનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### અમદાવાદના પોશ વિસ્તારમાં મોટી કાર્યવાહી

## જાણીતા કેફે 'મોકા'માંથી કોફીમાં જીવાત નીકળતા AMCએ કર્યું સીલ





અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના હેલ્થ અને ફૂડ વિભાગે ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે લાલ આંખ કરી છે. શહેરના અત્યંત પોશ અને ધમધમતા એવા બોડકદેવ વિસ્તારમાં આવેલા જાણીતા કેફે 'મોકા' માંથી ગ્રાહકે મંગાવેલી કોફીમાંથી જીવાત નીકળતા ભારે ચકચાર મચી ગઈ છે. આ ગંભીર બેદરકારી સામે આવતા જ કોર્પોરેશને કડક પગલાં ભરીને કેફેને તાત્કાલિક અસરથી સીલ કરી દીધું છે.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, એક ગ્રાહકે આ કેફેમાં કોફી ઓર્ડર કરી હતી, જેમાં જીવાત જોવા મળી હતી. ગ્રાહકે આ બાબતે તાત્કાલિક એએમસીના હેલ્થ વિભાગમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતા જ ફૂડ વિભાગની ટીમ તાત્કાલિક કેફે ખાતે તપાસ માટે પહોંચી હતી. અધિકારીઓએ જ્યારે સ્થળ પર ચેકિંગ કર્યું ત્યારે ત્યાંની સ્થિતિ જોઈને તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

તપાસ દરમિયાન માત્ર કોફીના કપમાં જ નહીં, પરંતુ બાજુના ટેબલ પર બેઠેલા અન્ય એક ગ્રાહકના ખાવામાંથી પણ જીવાત નીકળી હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત કેફેના ટેબલોની આસપાસ અને ફ્લોર પર અસંખ્ય જીવજંતુઓ જાહેરમાં ફરતા જોવા મળ્યા હતા, જે ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

કોર્પોરેશનની વધુ તપાસમાં સામે આવ્યું કે કેફેનું પેસ્ટ કન્ટ્રોલ સર્ટિફિકેટ લાંબા સમયથી રિન્યુ કે અપડેટ કરાવવામાં આવ્યું ન હતું.

## અમદાવાદમાં સસ્તા કોલસાની લાલચમાં બોડકદેવના વેપારી સાથે 64 લાખની ઠગાઈ

### કંડલાના બ્રોકરે 4 કંપની સાથે મળીને કરી છેતરપિંડી : 15% કમિશનની શરતે બ્રોકર એજન્ટ બન્યો અને ખેલ શરૂ થયો

અમદાવાદ

અમદાવાદમાં કોલસાના ટ્રેડિંગના નામે લાખો રૂપિયાની છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સસ્તા ભાવે કોલસો અપાવવાની લાલચ આપીને કંડલાના એક બ્રોકર સહિત પાંચ અલગ-અલગ કંપનીઓના માલિકોએ ભેગા મળીને બોડકદેવના એક વેપારી પાસેથી 64.30 લાખ રૂપિયા પડાવી લીધા છે. આરોપીઓએ માલ મોકલ્યા વગર જ ફેક બિલો અને ઈ-વે બિલ બનાવીને છેતરપિંડી આચરી હતી. આ મામલે ભોગ બનનાર વેપારીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, બોડકદેવ વિસ્તારમાં રહેતા 21 વર્ષીય કિશન અંબાવી કેમિકલ મેન્યુફેક્ચરિંગ અને કોલસાના ટ્રેડિંગનો વ્યવસાય કરે છે. વર્ષ 2022માં તેમની મુલાકાત કંડલાના રહેવાસી રાજ ઐયાચી સાથે થઈ હતી. રાજે પોતાની ઓળખ કોલસા માર્કેટના એક્સપર્ટ તરીકે આપી કિશનભાઈને સસ્તા ભાવે કોલસો અપાવવાની લાલચ આપી હતી. ત્યારબાદ 15 ટકા કમિશનની શરતે તે કિશનની કંપનીમાં ઓથોરાઈઝ્ડ એજન્ટ તરીકે જોડાયો હતો. ડિસેમ્બર 2022થી જુલાઈ 2025 દરમિયાન બ્રોકર રાજે અન્ય કંપનીઓ સાથે મળીને કાવતરું રચ્યું હતું અને કુલ 64,30,968 રૂપિયાની ઠગાઈ આચરી હતી.




શરૂઆતમાં બ્રોકર રાજે આ કંપનીના પ્રતિક બોથરા પાસેથી માલ ખરીદવાનું કહી ફરિયાદી પાસેથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા, જેમાંથી 7,30,000 રૂપિયાનું પેમેન્ટ હજુ ફસાયેલું છે. બી. કે. ડી મિનરલ્સ કંપની પાસેથી કમિશનના 1,54,744 રૂપિયા લેવાના નીકળતા હતા, જે આજદિન સુધી ચૂકવાયા નથી. બ્રોકર રાજે ઈન્ડોનેશિયાથી કોલસો મંગાવવાના બહાને આ કંપનીના માલિક શક્તિસિંહના બેન્ક ખાતામાં 31,50,000 રૂપિયા જમા કરાવડાવ્યા હતા. ફરિયાદીએ ફાઈનાન્સ કંપનીઓ પાસેથી લોન લઈને આ રકમ ચૂકવી હતી, પરંતુ કોઈ માલ મળ્યો નહોતો.

આઇ એનર્જી નેચરલ રીસોર્સીસ લી. કંપનીના માલિક વાસુદેવ પમનાણીને 2,70,000 રૂપિયા ચૂકવાયા હતા, પરંતુ તેમણે માલ ફરિયાદીના બદલે બારોબાર અન્ય કોઈને મોકલી દીધો હતો અને કંપનીના નામના ફેક સર્વિસ બિલો બનાવી દીધા હતા. આ પેટે હજુ 2,16,224 રૂપિયા લેવાના બાકી છે. નવેમ્બર 2024માં કંપનીના માલિક ભક્તિબહેન ચાઉ પાસેથી માલ ખરીદવાના બહાને ફરીથી 13,80,000 રૂપિયા બેન્કમાં ટ્રાન્સફર કરાવ્યા, જેનો કોઈ માલ મળ્યો નહીં પરંતુ ફેક ઈ-વે બિલ જનરેટ કરી દેવાયા.

આટલું ઓછું હોય તેમ બ્રોકર રાજે કંડલા પોર્ટ પર મજૂરો અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ નિકળ્યો હોવાનું બહાનું બતાવીને ફરિયાદી વેપારી પાસેથી 8 લાખ રૂપિયા રોકડા પણ પડાવી લીધા હતા.

## કુખ્યાત ધમા બારડ અને કૃષ્ણનગરના PSI ડી.આર. પુવાર વચ્ચેની સાંઠગાંઠનો પર્દાફાશ

### વોટ્સએપ ચેટના પુરાવા બહાર આવતા જ ક્રાઈમ બ્રાંચે તપાસનો ધમધમાટ શરૂ કર્યો; ભલામણથી સર્વેલન્સ સ્ક્વોડ મેળવનાર પીએસઆઈ શંકાના ઘેરામાં

અમદાવાદ

શહેરમાં કુખ્યાત આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમા બારડ અને સ્થાનિક પોલીસ મથકના પીએસઆઈ વચ્ચેની સાંઠગાંઠના ગુપ્ત મેસેજીસ સોશિયલ મીડિયા અને પોલીસ વર્તુળોમાં વાયરલ થતાં જ સમગ્ર પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ધરપકડ સમયે પગમાં ગોળી વાગવાના કારણે હાલ લંગડાતો ચાલતો ધમો બારડ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે, પરંતુ આ વખતે તેની સાથે પોલીસ અધિકારી પણ કાયદાના સકંજામાં ફસાતા દેખાઈ રહ્યા છે.



આ સમગ્ર વિવાદ સામે આવ્યા બાદ, જ્યારે ક્રાઈમ બ્રાંચના વરિષ્ઠ અધિકારીઓએ આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમા બારડની કસ્ટડીમાં પ્રાથમિક પૂછપરછ હાથ ધરી અને તેની પાસે રહેલા કિંમતી મોબાઈલ ફોનની ઝીણવટભરી તપાસ કરી, ત્યારે એક ચોંકાવનારી હકીકત પ્રગટ થઈ હતી. કૃષ્ણનગર પોલીસ મથકમાં કથિત રીતે ભલામણના જોરે સર્વેલન્સ સ્ક્વોડના પીએસઆઈની મહત્વની જવાબદારી મેળવનાર ડી.આર. પુવાર અને કુખ્યાત આરોપી ધમા બારડ વચ્ચે નિયમિત ધોરણે વોટ્સએપ પર સંવાદ (ચેટિંગ) થતો હોવાના પાકા પુરાવા મળી આવ્યા છે.

એક તરફ પોલીસ કડક કાર્યવાહીનો દાવો કરે છે, ત્યારે બીજી તરફ કાયદાના રક્ષક ગણાતા પીએસઆઈ જ આ પ્રકારના રીઢા ગુનેગાર સાથે પડદા પાછળ સંપર્કમાં હોવાના પુરાવા મળતા ઉચ્ચ અધિકારીઓ પણ હરકતમાં આવ્યા છે. ભલામણથી પોસ્ટિંગ મેળવનાર પીએસઆઈ ડી.આર. પુવાર અને ધમા બારડ વચ્ચે કઈ બાબતોને લઈને ડીલ થઈ રહી હતી, તે દિશામાં હવે ક્રાઈમ બ્રાંચે તપાસ કેન્દ્રિત કરી છે. આ પ્રકરણમાં આગામી દિવસોમાં જવાબદાર પોલીસ અધિકારી સામે કડક ખાતાકીય પગલાં લેવાય તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI